પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329
arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

**સુવિચાર**

આ દુનિયામાં ખુશી વ્યક્ત કરો તો દુશ્મનો વધી જાય છે અને દુઃખ વ્યક્ત કરી તો સગાઓ ઓછા થઈ જાય છે..


# અબતક®

સાંધ્ય દૈનિક

ગ્રામ્ય આવૃત્તિ પાનાઃ ૧૨
તા. ૬-૮-૨૦૨૬, ગુરૂવાર
વર્ષઃ ૧૫, અંક : ૧૩૦૧

મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

Price Rs.:4 ABATAK-RAJKOT ☎ 0281- 2461234, 2460999 ✆ 94266 72303 abataknews@gmail.com @abtakmedia





# શહેરોમાં જળબંબાકાર નિવારવા ડ્રોન સર્વેથી પાણીના પ્રવાહને અવરોધતા દબાણો દૂર કરાશે


## ડ્રોન સર્વે બાદ અગાઉના નકશા સાથે મેપિંગ કરી, અભ્યાસ બાદ શહેરી વિકાસ વિભાગ કામગીરી કરશેઃ પ્રથમ તબક્કે અમદાવાદ અને સુરતમાં પાણીનો નિકાલ થતો હતો તેવા તળાવો, કાંસ, નદીના ફ્લડ ઝોન અને વહેણો પરના અવરોધ દૂર કરાશે

### ફ્લડ ઝોનમાં કોઈપણના બાંધકામને મંજૂરી નહીં

નદીઓમાં પૂર આવે તે પછી આગળના નિચાણવાળા સહિત વ્યાપક વિસ્તારમાં પાણી ફરી વળતા હોય છે. પાણી ન હોય ત્યારે નદી કાંઠા નજીકની જગ્યા મોકાની ગણાતી હોય છે. તેની નજીક બાંધકામ પણ થઈ જતા હોય છે. જોકે, તેના કારણે નદીના પૂરના પાણીનો પ્રવાહ અવરોધાતો હોય છે. તેને ધ્યાનમાં રાખીને સરકારે હવે નદીના ફક્ત પટ જ નહીં ફ્લડ ઝોન તરીકે આગળનો જેટલો ખુલ્લો વિસ્તાર હોય તેમાં પણ કોઈ બાંધકામ ન થઈ જાય તેનું ચુસ્ત મોનિટરિંગ શરૂ કર્યું છે. તાજેતરમાં ભરૂચ નજીક આવા વિસ્તારમાં એક મંત્રીની કોલેજના સ્થળાંતર માટે મંજૂરી મગાઈ હતી, છતાં સરકારે નહીં આપીને કોઈપણ રીતે બાંધકામ ન થાય તેની તકેદરી રાખવાનો નિર્ણય કર્યો છે.

**અબતક, રાજકોટ**

તાજેતરમાં સૌરાષ્ટ્ર સહિત અમદાવાદ અને સુરત સહિતના શહેરો ભારે વરસાદ બાદ જે રીતે જળબંબાકાર થયા અને વરસાદ બંધ થયા બાદ પણ કેટલાક વિસ્તારોમાં હજુ સુધી પાણી ભરાયેલા રહ્યા તે બાબતને સરકારમાં ઉચ્ચ સ્તરે ગંભીરતાથી લેવાઈ છે. આગામી સમયમાં આવી સ્થિતિનું પુનરાવર્તન ન થાય તે માટે અમદાવાદથી સુરત સહિત રાજ્યના મુખ્ય શહેરી વિસ્તારોનો ડ્રોન સર્વે હાથ ધરાશે. તેના આધારે પાણી ભરાય છે તેવા મહાનગરપાલિકા અને નગરપાલિકા વિસ્તારના અગાઉના નકશા અને હાલના સર્વેની સરખામણી કરીને જે સ્થળોએ પાણી અવરોધાય છે તેનો શહેરી વિકાસ વિભાગ દ્વારા અભ્યાસ કરાશે. તેના આધારે શહેરોમાં પાણીનો જમીનમાં મુક્ત રીતે નિકાલ થતો હતો તેવા તળાવો, કાંસ, નદીના ફ્લડ ઝોન, વોંકળા કે નાના વહેણો હતા તેમાંથી જ્યાં દબાણો કે સંપૂર્ણપણે ગેરકાયદે બાંધકામ થઈ ગયા છે તેને તબક્કાવાર દૂર કરવાની કાર્યવાહી કરવામાં આવશે. રાજ્યના શહેરી વિસ્તારો હવે ઓછા



વરસાદમાં જળબંબાકાર થાય છે અને પાણી ભરાઈ રહેતા ચૂંટાયેલા પ્રતિનિધિઓ પણ મુલાકાતે જાય ત્યારે નાગરિકોના રોષનો ભોગ બનતા હોય છે. એકતરફ ગુજરાતમાં ભવિષ્યમાં વાઈબ્રન્ટ ગુજરાત સમિટથી લઈને કોમનવેલ્થ ગેમ્સ સુધીના આંતરરાષ્ટ્રીય કક્ષાના આયોજનો થવાના છે ત્યારે રાજ્યની આવી છબી વિપરીત અસર ઊભી કરી શકે છે. આ સમગ્ર બાબતને ધ્યાનમાં લઈને શહેરી વિકાસ વિભાગ દ્વારા અનેક બાબતોનું તબક્કાવાર આયોજન કરાશે.

સુરત આ ચોમાસામાં અત્યાર સુધી સૌથી વધુ જળભરાવથી અસરગ્રસ્ત વિસ્તાર રહ્યો છે. તેને ધ્યાનમાં રાખતા સુરતમાં ખાડીની ફરતે શક્ય હોય ત્યાં પ્રોટેક્શન વોલ બનાવવાની વિચારણા હાથ ધરાઈ છે. આ કામગીરીમાં સમય લાગે તેમ હોવાથી પ્રથમ તબક્કે સુરતની ખાડીમાં પાણી ભરાવાની શરૂઆત થાય છે તેનાથી આગળના વિસ્તારોથી લઈ અમદાવાદ સુધી હાઈટેક અને ડ્રોન આધારીત સર્વે કરાશે. તેમાં આવતા શહેરોમાં વરસાદી પાણીનાં પ્રવાહનો નિકાલ ક્યા સ્થળોએ અટકી રહ્યો છે તેનું મેપિંગ કરાશે. તે પછી અન્ય શહેરોમાં પણ આવી કામગીરી થશે.તેની સાથે શહેરોમાં અગાઉ જે સ્થળોએ તળાવ, જૂની કાંસ, કે કુદરતી વહેણ હતા તેની સાથે સરખામણી કરાશે. હાલ તે સ્થળોની સ્થિતિ તપાસીને જે દબાણો કે ગેરકાયદે બાંધકામ પાણીના નિકાલમાં અવરોધરૂપ થતા હોય તેને દૂર કરવાની કાર્યવાહી કરાશે.

મોટાભાગે આવા વિસ્તારમાં ગરીબ વર્ગના રહેઠાણ હોવાથી તેમને હટાવતા પૂર્વે વૈકલ્પિક જગ્યા આપવાની પણ વિચારણા કરાશે. શહેરોમાં પૂરની સ્થિતિ નિવારવા માટે હવે પછીના તમામ આયોજનમાં સ્ટોર્મ વોટર પાઈપ લાઈન અને ડ્રેનેજ પાઈપ લાઈન અલગ જ રહે તેની પણ તકેદારી રખાશે. જેથી વરસાદી પાણી બેક થવાની સમસ્યા ઓછી કરી શકાય.

### ડ્રેનેજ અને સ્ટોર્મ વોટર નેટવર્ક અલગ પાથરવામાં આવશે

રાજ્યના શહેરી વિસ્તારમાં ચોમાસા દરમિયાન સર્જાતી પૂરની સ્થિતિ અને રસ્તાઓ પર પાણી ભરાવાની ગંભીર સમસ્યાને ડામવા માટે તંત્ર દ્વારા એક મહત્વપૂર્ણ અને નિર્ણાયક પગલું ભરવામાં આવ્યું છે. શહેરી આયોજનના આગામી તમામ નવા પ્રોજેક્ટ્સમાં સ્ટોર્મ વોટર ડ્રેનેજ (વરસાદી પાણીની લાઈન) અને સીવેજ ડ્રેનેજ (ચોકડી કે ગટર લાઈન)ને સંપૂર્ણપણે અલગ રાખવાનો કડક નિયમ લાગુ કરવાનો નિર્ણય લેવાયો છે.નવા વિકસતા તમામ વિસ્તારો અને સ્માર્ટ સિટી પ્રોજેક્ટ્સમાં વરસાદી પાણી માટે માત્ર 'સ્ટોર્મ વોટર લાઈન' અને ઘરમાંથી નીકળતા દૂષિત પાણી માટે 'સીવેજ લાઈન' અલગ પાથરવામાં આવશે.વરસાદી પાણીને સીધું જ નજીકના તળાવ, નદી કે જળસંચયના સ્ત્રોત તરફ વાળવામાં આવશે, જેથી ગટર લાઈન પર વધારાનું દબાણ નહીં આવે.નવો સુધારો શહેરી માળખાકીય સુવિધાઓને વધુ મજબૂત બનાવશે અને ચોમાસા દરમિયાન શહેરીજનોને પડતી હાલાકીમાંથી કાયમી છુટકારો અપાવશે.

### મુક્ત વેપારના અવરોધો હટાવવા સરકાર કટિબદ્ધ

# આયાતી વસ્તુઓના "ફટાફટ" ક્લિયરન્સ માટે માર્ગદર્શિકા જાહેર

## ૧૦૦ મુખ્ય આયાતી સામાન માટે કસ્ટમ્સ વિભાગે 'પ્લેબુક' તૈયાર કરી, દેશભરના બંદરો પર એક સરખા નિયમો લાગુ થશે; વિવાદો ટળશે અને વેપારી સમય-નાણાં બચશે

**અબતક, નવી દિલ્હી**

દેશમાં આંતરરાષ્ટ્રીય વેપારને વધુ વેગ આપવા અને આયાત-નિકાસ પ્રક્રિયામાં આવતા અવરોધોને દૂર કરવા માટે કેન્દ્ર સરકારે એક મોટો નિર્ણય લીધો છે. સરકારે દેશમાં આયાત થતી ૧૦૦ મુખ્ય વસ્તુઓ માટે વિશેષ 'કસ્ટમ્સ પ્લેબુક' (માર્ગદર્શિકા) ઘડી કાઢી છે. આ નિર્ણયથી બંદરો અને એરપોર્ટ પર સામાનનું કસ્ટમ ક્લિયરન્સ ખુબ જ ઝડપથી થઈ શકશે અને વેપારીઓને વિવિધ દેશો સાથે થયેલા મુક્ત વેપાર કરારનો સીધો લાભ મળશે.

અત્યાર સુધી દેશના અલગ-અલગ બંદરો (જેમ કે મુંબઈ, ચેન્નાઈ, કલકત્તા કે કંડલા) પર કસ્ટમ અધિકારીઓ દ્વારા સામાનના વર્ગીકરણ અને ટેક્સ આકારણીમાં તફાવત જોવા મળતો હતો. આ નવી પ્લેબુક તૈયાર થવાથી સમગ્ર દેશમાં 'ફેસલેસ કસ્ટમ્સ' (ફિઝિકલ હાજરી વિના થતી તપાસ) ની પ્રક્રિયામાં સંપૂર્ણ પારદર્શિતા અને સમાનતા આવશે. તમામ પોર્ટ્સ પર એક સરખા નિયમો લાગુ થવાથી અધિકારીઓ અને આયાતકારો વચ્ચેના મતભેદો દૂર થશે.

ભારતે યુએઈ, ઓસ્ટ્રેલિયા, જાપાન અને દક્ષિણ કોરિયા જેવા અનેક દેશો સાથે મુક્ત વેપાર કરાર કર્યા છે. આ કરારો હેઠળ ઘણી વસ્તુઓ પર કસ્ટમ ડ્યુટી (આયાત વેરો) શૂન્ય અથવા ખૂબ ઓછી હોય છે. પરંતુ જટિલ કાગળ કામગીરીને કારણે કંપનીઓ આ છૂટછાટોનો પૂરો ફાયદો ઉઠાવી શકતી નહોતી. નવી માર્ગદર્શિકાથી કંપનીઓ હવે કોઈપણ અડચણ વગર મુક્ત વેપાર હેઠળ મળતી ટેક્સ છૂટનો ઝડપી અને સચોટ ઉપયોગ કરી શકશે.

સામાન બંદરો પર દિવસો સુધી અટવાઈ રહેવાના કારણે આયાતકારોએ ભારે ભાડું (ડેમરેજ ચાર્જ) ચૂકવવું પડતું હતું. નવી પ્લેબુકથી કસ્ટમ તપાસ ઝડપી બનશે, જેથી માલસામાનના ક્લિયરન્સનો સમય અડધો થઈ જશે. બંદરો પર થતો ખોટો વિલંબ અટકશે. ઉદ્યોગોને જરૂરી કાચો માલ ફેક્ટરીઓ સુધી સમયસર પહોંચી શકશે.

કેન્દ્ર સરકારના આ પગલાથી ભારતની વૈશ્વિક રેન્કિંગ અને 'ઈઝ ઓફ ડૂઈંગ બિઝનેસ' (વેપાર કરવાની સરળતા) ની છબી વધુ મજબૂત બનશે. કસ્ટમ્સ પ્રક્રિયા વધુ ડિજિટલ, ઝડપી અને વિવાદમુક્ત બનવાથી વિદેશી રોકાણકારો અને ભારતીય ઉદ્યોગ સાહસિકો માટે આંતરરાષ્ટ્રીય વેપાર કરવો અત્યંત સરળ બની રહેશે.

# રૂપિયા ૧૦ અને ૨૦ની પ્લાસ્ટિકની નોટો બજારમાં આવતા હજુ દોઢ વર્ષ રાહ જોવી પડશે

## સરકારે ૨ અબજ પ્લાસ્ટિક નોટો છાપવાની મંજૂરી આપી, આરબીઆઈએ કાચા માલ માટે ટેન્ડર બહાર પાડ્યું

**અબતક, રાજકોટ**

દેશમાં નાના મૂલ્યની કાગળની નોટો ઝડપથી ફાટી




જવાની અને ખરાબ થઈ જવાની સમસ્યામાંથી ટૂંક સમયમાં મુક્તિ મળવા જઈ રહી છે. ભારતીય રિઝર્વ બેંક હવે ચલણમાં વધુ ટકાઉ અને મજબૂત પ્લાસ્ટિકની નોટો લાવવાની તૈયારી કરી રહી છે. જોકે, સામાન્ય નાગરિકોના હાથમાં આ નવી નોટો પહોંચતા હજુ થોડો સમય લાગશે.

આરબીઆઈ ગવર્નર સંજય મલ્હોત્રાના જણાવ્યા અનુસાર, નાણાકીય વર્ષ ૨૦૨૮ ની શરૂઆતમાં રૂપિયા ૧૦ અને ૨૦ મૂલ્યની પ્લાસ્ટિકની નોટો ચલણમાં આવવાની શક્યતા છે. કેન્દ્ર સરકાર તરફથી મોટા પાયે પ્રાયોગિક પરીક્ષણ માટે લીલી ઝંડી મળી ગયા બાદ સેન્ટ્રલ બેંક આ નવી કરન્સી પર કામ કરી રહી છે.

સરકારે સોમવારે સંસદમાં માહિતી આપી હતી કે તેણે આ પ્રારંભિક ટ્રાયલ માટે આરબીઆઈને ૨૦૦ કરોડ પોલિમર નોટો છાપવાની

(અનુ. આઠમા પાને)

# ગુજરાતમાં આજથી એનાલોગ પનીર, ચીઝ અને બટર પર પ્રતિબંધ

## એનાલોગ પનીર પણ પ્રતિબંધ મૂકનારૂં ગુજરાત દેશનું ત્રીજું રાજ્ય બન્યુંઃ જન આરોગ્યના હિતમાં રાજ્ય સરકારનો મોટો નિર્ણયો

**અબતક, રાજકોટ**

ગુજરાત સરકારે જાહેર આરોગ્ય અને ગ્રાહક સુરક્ષાના હિતમાં એનાલોગ પનીર, ચીઝ અને બટરના ઉત્પાદન, સ્ટોરેજ, પરિવહન, વિતરણ અને વેચાણ પર સમગ્ર રાજ્યમાં પ્રતિબંધ લાદ્યો છે. આરોગ્ય મંત્રી પ્રફુલ પંશેરિયાએ જણાવ્યું કે છેલ્લા ચાર મહિનાથી ફૂડ એન્ડ ડ્રગ્સ કંટ્રોલ એડમિનિસ્ટ્રેશન દ્વારા કરવામાં આવેલી તપાસ અને લેબ ટેસ્ટમાં જાણવા મળ્યું છે કે બજારમાં ઘણી જગ્યાએ વનસ્પતિ તેલ, સ્ટાર્ચ અને અન્ય બિન-દૂધ આધારિત ઘટકોથી બનેલા ઉત્પાદનોને અસલી પનીર તરીકે વેચવામાં આવી રહ્યા છે. આવા ઉત્પાદનો પોષણની દ્રષ્ટિએ




નિરુપયોગી છે.

તેઓએ વધુમાં જણાવ્યું હતું કે,એનાલોગ પનીર ખાવા લાયક પણ નથી અને પોષક પણ નથી. તેથી આજથી ગુજરાતમાં તેના ઉત્પાદન, વેચાણ અને પરિવહન પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. એફએસએસઆઈ એક્ટ ૨૦૦૬ હેઠળ કાર્યવાહી કરવામાં આવશે અને ઉલ્લંઘન કરનાર વ્યક્તિ કે ફૂડ બિઝનેસ ઓપરેટર સામે કડક કાનૂની પગલાં લેવામાં આવશે.

ગુજરાત દૂધ ઉત્પાદનમાં અગ્રણી રાજ્ય છે. લાખો ખેડૂતો દૂધ અને ડેરી ઉત્પાદનો પર નિર્ભર છે. અસલી પનીરની જગ્યાએ કૃત્રિમ ઉત્પાદનો વેચાતા હોવાથી ખેડૂતો અને ગ્રાહકો બંનેને નુકસાન થઈ રહ્યું હતું. મહારાષ્ટ્ર અને છત્તીસગઢ પછી ગુજરાત ત્રીજું રાજ્ય બન્યું છે જેણે આવા ઉત્પાદનો પર પ્રતિબંધ લાદ્યો છે.

સરકારે હોટલ, રેસ્ટોરન્ટ, કેટરર્સ, સુપરમાર્કેટ અને તમામ ફૂડ બિઝનેસ ઓપરેટર્સને અપીલ કરી છે કે તેઓ માત્ર અસલી, ધોરણ અનુસાર બનેલા દૂધ આધારિત પનીર અને અન્ય ડેરી ઉત્પાદનોનો જ ઉપયોગ અને વેચાણ કરે.

પનીર ખરીદતી વખતે લેબલ તપાસો, અસલી પનીરમાં હળવી દૂધની સુગંધ અને નરમ ટેક્સ્ચર હોય છે. ઘરે બનાવેલું અથવા વિશ્વસનીય બ્રાન્ડનું પનીર પસંદ કરો. આ પગલું જાહેર આરોગ્ય, ગ્રાહક સુરક્ષા અને ગુજરાતના ડેરી ઉદ્યોગને મજબૂત બનાવવા માટે લેવામાં આવ્યું છે.

# વગર ગુન્હાએ ૨૨ વર્ષ જેલમાં સબડવું પડ્યું!!

## ઓડિશામાં ત્રણ મહિલાની હત્યામાં પોલીસે માત્ર શંકાના આધારે અને અવિશ્વસનીય સાક્ષીના બદલાતા નિવેદનો પર અર્જુન જાનીની કરી અટકાયત

### કેસ જેલમાંથી આવેલી અપીલનો હોય, ત્યારે અદાલતોએ વધુ વ્યવહારૂ અને સહાનુભૂતિપૂર્વકનો અભિગમ અપનાવવો જોઈએ, આજે પણ સમાજના વંચિત અને ગરીબ વર્ગ સુધી સાચો ન્યાય પહોંચવામાં ઘણી અડચણોઃ સુપ્રીમ કોર્ટે

**અબતક, રાજકોટ**

ન્યાયતંત્રની ભૂલ અને ટેકનિકલ કારણોસર એક નિર્દોષ નાગરિકે પોતાની જિંદગીના કિંમતી ૨૨ વર્ષ જેલના સળિયા પાછળ વિતાવવા પડ્યા હોય તેવો એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. સુપ્રીમ કોર્ટે ૨૦૦૪ના ચર્ચિત હત્યા કેસમાં મોટો ચૂકાદો આપતાં ઓડિશાના અર્જુન જાનીને તમામ આરોપોમાંથી મુક્ત કર્યો છે. લાંબો સમય જેલમાં વીતાવ્યા બાદ આખરે નિર્દોષ જાહેર થયેલા શખ્સના કેસમાં સર્વોચ્ચ અદાલતે આકરી ટિપ્પણી કરતાં જણાવ્યું હતું કે, કોઈ પણ નક્કર કે વિશ્વસનીય પુરાવા વગર એક વ્યકિતના જીવનના ૨૨ મૂલ્યવાન વર્ષ છીનવી લેવામાં આવ્યા છે.

કેસની વિગત મુજબ, ૨૦૦૪માં ઓડિશામાં ત્રણ મહિલાઓની હત્યાના કેસમાં પોલીસ દ્વારા માત્ર શંકાના આધારે અને અવિશ્વસનીય સાક્ષીના બદલાતા નિવેદનો પર અર્જુન જાનીની અટકાયત કરી હતી. ૨૦૦૬માં આજીવન કેદની સજા ફટકારવામાં આવી હતી. ૧૨ વર્ષ જેલમાં વીતાવ્યા બાદ તેણે ઓડિશા હાઈકોર્ટમાં અપીલ કરી પરંતુ ૩,૧૫૭ દિવસનો વિલંબ થવાના ટેકનિકલ બહાના હેઠળ હાઈકોર્ટે કેસ સાંભળ્યા વગર જ અપીલ ફગાવી



દીધી હતી. તે હુકમથી નારાજ થઈ સુપ્રીમ કોર્ટમાં દાદ માંગવામાં આવી હતી.અંતે કેસના પુરાવાઓમાં ભારે વિરોધાભાસ જોઈ સુપ્રીમ કોર્ટે હાઈકોર્ટના વલણ સામે ભારે આક્રોશ વ્યક્ત કર્યો અને ગરીબ-વંચિતો માટે ન્યાયમાં થયેલા આ ૨૨ વર્ષના વિલંબ બદલ અફસોસ વ્યક્ત કરીને અર્જુન જાનીને તમામ આરોપોમાંથી નિર્દોષ મુક્ત કરવાનો આદેશ આપ્યો. સુપ્રીમ કોર્ટે જણાવ્યું કે જ્યારે કેસ જેલમાંથી આવેલી અપીલનો હોય, ત્યારે અદાલતોએ વધુ વ્યવહારુ અને સહાનુભૂતિપૂર્વકનો અભિગમ અપનાવવો જોઈએ. સુપ્રીમ કોર્ટે પુરાવાઓની તપાસ કરતા જાણવા મળ્યું કે આ ત્રિપલ મર્ડર કેસ માત્ર એક શંકાસ્પદ અને અવિશ્વસનીય પ્રત્યક્ષદર્શીના

(અનુ. આઠમા પાને)

### નાણાંની કોથળી ખુલતાં જ 'મેટા' નિયમો નેવે મૂકે છે?

# 'મફત' સોશિયલ મીડિયાનો ગંદો ખેલઃ સરકારે ત્રીજી આંખ લાલ કરતાં જ ઝુકરબર્ગે "ઝૂકવું" પડ્યું!

## નરેન્દ્ર મોદીનો વીડિયો બ્લોક કરવા અને પૈસા લઈને વિવાદિત કન્ટેન્ટ વાયરલ કરવા મામલે સરકારે આપ્યું હતું ૩ દિવસનું અલ્ટીમેટમ; સંસદીય સમિતિની લાલ આંખ સામે ફેસબુકના માલિક માર્ક ઝુકરબર્ગએ માંગી માફી

**અબતક, નવી દિલ્હી**

આપણે જે સોશિયલ મીડિયાને 'મફત' સમજીને દિવસ-રાત વાપરી રહ્યા છીએ, તેની પાછળનો ખેલ કેટલો ગંદો અને ખતરનાક હોઈ શકે છે તેનો પર્દાફાશ થયો છે. યુઝર્સને ફ્રી સર્વિસ આપવાનો દાવો કરતી મેટા કંપની પૈસાની કોથળી ખુલતાં જ નિયમો અને મર્યાદાઓ નેવે મૂકી દેતી હોવાનો ભોપાળો બહાર આવ્યો છે. જોકે, આ વખતે કેન્દ્ર સરકારે કડક વલણ અપનાવીને 'ત્રીજી આંખ' લાલ કરતાં જ આખરે મેટાના સીઈઓ માર્ક ઝુકરબર્ગે ઝૂકવું પડ્યું છે અને ભારત સરકારની બિનશરતી માફી માગવી પડી છે.

સમગ્ર વિવાદ ત્યારે શરૂ થયો જ્યારે ફેસબુકે વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો એક વીડિયો પ્લેટફોર્મ પરથી હટાવી દીધો અને તેના પર પ્રતિબંધ લગાવી દીધો. આ વીડિયોમાં વડાપ્રધાન દેશના આંદોલનકારી વિદ્યાર્થીઓને સંબોધિત કરી રહ્યા હતા. સરકારી સૂત્રોના જણાવ્યા અનુસાર, મેટા માત્ર ટેકનિકલ ખામીઓ જ નથી સર્જતી, પરંતુ પૈસા લઈને ચોક્કસ પ્રકારના નેગેટિવ અને ભ્રામક કન્ટેન્ટને એલ્ગોરિધમ દ્વારા બુસ્ટ (પ્રમોટ) પણ કરે છે.

ભાજપના સાંસદ નિશિકાંત દુબેના નેતૃત્વ હેઠળની સંસદીય સ્થાયી સમિતિએ આ મુદ્દે મેટા સામે આકરું વલણ અપનાવ્યું હતું. સમિતિએ ઝુકરબર્ગને સ્પષ્ટ ૩ દિવસનું અલ્ટીમેટમ આપ્યું હતું કેઃ વડાપ્રધાનના વીડિયો પર મૂકેલા પ્રતિબંધ બદલ કાં તો માફી માગો, અથવા ભારતમાં મળતો 'સેફ હાર્બર' નો દરજ્જો ગુમાવવા તૈયાર રહો. જો મેટા પોતાનો 'સેફ હાર્બર' દરજ્જો ગુમાવે, તો પ્લેટફોર્મ પર પોસ્ટ થતા કોઈ પણ ગેરકાયદેસર કે વિવાદાસ્પદ કન્ટેન્ટ માટે કંપની અને તેના અધિકારીઓ પર સીધો ફોજદારી કેસ થઈ શકે છે.

સરકારના આ કડક રૂખ અને કાનૂની સિકંજા સામે મેટાના ગ્લોબલ અફેર્સ ઓફિસર જોએલ કાપલાને આખરે કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવની સમક્ષ સીઈઓ માર્ક ઝુકરબર્ગ વતી માફી માગી હતી. કંપનીએ સ્વીકાર્યું હતું કે



વડાપ્રધાનનો વીડિયો હટાવવો એ એક મોટો 'ટેકનિકલ લોચો' હતો. પૈસા લઈને ચોક્કસ કન્ટેન્ટને પ્રમોટ કરવાથી ગેરકાયદેસર અને દૂષિત સામગ્રી વધુ લોકો સુધી પહોંચી હતી. પ્લેટફોર્મ પર ચાઈલ્ડ સેક્સ્યુઅલ એબ્યુઝ મટીરીયલ અને ડીપફેક કન્ટેન્ટ રોકવામાં સિસ્ટમ નિષ્ફળ રહી હતી.

સરકારે સ્પષ્ટ કર્યું છે કે જો સોશિયલ મીડિયા કંપનીઓ પૈસા લઈને કન્ટેન્ટનો ફેલાવો જાતે નક્કી કરતી હોય, તો તેઓ 'મધ્યસ્થ' તરીકે મળતી કાનૂની છૂટછાટનો દાવો કરી શકે નહીં. ભારત સરકાર હવે બાળકોની ઓનલાઈન સુરક્ષા અને ડીપફેકના દૂષણને રોકવા માટે કડક કાયદાકીય માળખું તૈયાર કરી રહી છે.

### પ્રેમ, પોષણ અને સુરક્ષાનું અમૃત

# માતાના દૂધના એન્ટિબોડીઝ બીમારીઓ થાય ત્યારે તેની ગંભીરતા ઘટાડવામાં "જીવન રક્ષક"

## સ્તનપાન બાળપણના સ્થૂળતા, ડાયાબિટીસ ટાઈપ ૨, અસ્થમા અને કેટલાક પ્રકારના બાળપણના લ્યુકેમિયા જેવા રોગોના ઓછા જોખમ સાથે સંકળાયેલું છે: આ રક્ષણાત્મક અસરો કિશોરાવસ્થા અને પુખ્તાવસ્થામાં પણ વિસ્તરી શકે છે

સ્ત્રી શક્તિનો મહિમા, શિશુ માટે અમૃત ધારા છે, અત્યારે સમગ્ર વિશ્વમાં ઓગસ્ટનુ પ્રથમ સપ્તાહ સ્તનપાન સપ્તાહ તરીકે ૧૯૯૨ થી વૈશ્વિક સ્તરે ઉજવાય છે. સ્તનપાન ન કરાવતી માતાને સ્તન અને અંડાશયના કેન્સરનું જોખમ રહે છે.અમુક અભ્યાસમાં જાણવા મળ્યું છે કે કે સ્તનપાન ન કરાવતી માતામાં હાઈ બ્લડ પ્રેશર અને હૃદય રોગનું જોખમ વધી શકે છે. અગાઉ કોઈ સપ્તાહની ઉજવણી ન થતી હતી છતાં, દરેક માતાઓ પોતાના પહેલાના જમાનામાં આવા બાળકને દોઢ બે વર્ષ સુધી પોતાનું દૂધ આપતા હોવાથી બહુ સમસ્યા જોવા મળતી ન હતી. પણ આજના યુગમાં પોતાના ફિંગરની ચિંતામાં ઘણી માતાઓ બાળકને રતનપાન કરાવતી નથી જે ગંભીર બાબત છે.

આજના સમયમાં ઘણી આધુનિક મહિલાઓ સ્તનપાનથી સંપૂર્ણપણે દૂર રહે છે એવું કહેવું યોગ્ય નથી, પરંતુ કેટલીક મહિલાઓ વિવિધ સામાજિક, વ્યવસાયિક અને વ્યક્તિગત કારણોસર સ્તનપાન માં મુશ્કેલીઓ અનુભવે છે અથવા તે વહેલું બંધ કરે છે. પ્રસૂતિ પછી ટૂંકી માતૃત્વ રજા, નોકરી પર વહેલા પરત ફરવાની ફરજ, કાર્યસ્થળે સ્તનપાન કે દૂધ સંગ્રહ માટે પૂરતી સુવિધાઓનો અભાવ, યોગ્ય માર્ગદર્શનની અછત, શારીરિક દેખાવ અંગેની ચિંતા, તેમજ ફોર્મ્યુલા દૂધ અંગેની ગેરમાન્યતાઓ જેવા પરિબળો તેમાં ભાગ ભજવે છે. જોકે આરોગ્ય નિષ્ણાતો સ્પષ્ટપણે જણાવે છે કે મોટાભાગની માતાઓ યોગ્ય સહયોગ અને માર્ગદર્શન મળે તો સફળતાપૂર્વક સ્તનપાન કરાવી શકે છે. તેથી પ્રશ્ન માત્ર વ્યક્તિગત પસંદગીનો નથી, પરંતુ માતાને પરિવાર, સમાજ, આરોગ્ય સેવાઓ અને કાર્યસ્થળ તરફથી કેટલો સહકાર મળે છે તેનો પણ છે.



સ્તનપાન સંપૂર્ણ અને કુદરતી પોષણ પૂરું પાડે છે.માતાના દૂધમાં બાળકના વિકાસ માટે જરૂરી પ્રોટીન, ચરબી, વિટામિન અને ખનિજોનું યોગ્ય સંતુલન હોય છે. તે બાળપણના વિવિધ તબક્કામાં બાળકની બદલાતી જરૂરિયાતોને અનુરૂપ બને છે, અને શરીરને દરેક તબક્કે જે જોઈએ છે તે બરાબર પૂરું પાડે છે.મગજના વિકાસને ટેકો આપે છે: માતાના દૂધમાં રહેલા મુખ્ય પોષક તત્વો, જેમાં આવશ્યક ફેટી એસિડનો સમાવેશ થાય છે, તે જ્ઞાનાત્મક વિકાસમાં સુધારો સાથે જોડાયેલા છે. અભ્યાસો સૂચવે છે કે સ્તનપાન કરાવતા બાળકોમાં વૃદ્ધિ સાથે ભાષા અને મોટર કુશળતા વધુ સારી થઈ શકે છે. રોગપ્રતિકારક શક્તિને મજબૂત બનાવે છે. માતાના દૂધમાં એન્ટિબોડીઝ હોય છે જે બાળકોને ઝાડા , ન્યુમોનિયા અને કાનના ચેપ જેવા ચેપથી રક્ષણ આપે છે . આ એન્ટિબોડીઝ બીમારીઓ થાય ત્યારે તેની ગંભીરતા ઘટાડવામાં પણ મદદ કરે છે. વિશ્વ આરોગ્ય સંસ્થા અને યુનિસેફ જન્મના પ્રથમ છ મહિના સુધી બાળકને ફક્ત માતાનું દૂધ જ આપવાની ભલામણ કરે છે. જેમાં પાણી પણ આપવાની જરૂર નથી. છ મહિના પછી, સ્તનપાનની સાથે પૂરક આહાર શરૂ કરવો જોઈએ. જન્મ પછીના છ મહિના સુધી માત્ર માતાનું દૂધ શિશુ માટે સંપૂર્ણ અને શ્રેષ્ઠ આહાર ગણાય છે. સ્તનપાનથી બાળકને જરૂરી પોષક તત્ત્વો, રોગપ્રતિકારક શક્તિ અને સ્વસ્થ વિકાસ મળે છે, જ્યારે માતાને પણ અનેક આરોગ્યલાભ મળે છે. આ અભિયાન સમાજ, આરોગ્ય વ્યવસ્થા અને કાર્યસ્થળોમાં સ્તનપાન માટે અનુકૂળ વાતાવરણ સર્જવા પર ભાર મૂકે છે.સ્તનપાન એ નવજાતના જીવન અને વિકાસનો સૌથી અસરકારક પાયો છે. ઠઈંઘ ભલામણ કરે છે કે જન્મના એક કલાકમા જ સ્તનપાન કરાવવુ અતિ આવશ્યક છે. વૈશ્વિક આંકડાઓ જોતાં, ૨૦૨૩ માં ૬ મહિનાથી ઓછી ઉંમરના બાળકોમાં એકલું સ્તનપાન કરાવવાનો દર ૪૮% પર પહોંચ્યો છે, જે છેલ્લા એક દાયકામાં ૧૦ ટકા પોઈન્ટનો વધારો છે,અને તે વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા ૨૦૨૫ સુધીમાં ૫૦% ના લક્ષ્યાંકની ખૂબ નજીક હતો. UNICEF અને WHO ના અંદાજ મુજબ, જો સ્તનપાન માટે સારો સહયોગ અને રોકાણ મળે તો દર વર્ષે ૮ લાખથી થી વધુ બાળકોના જીવન બચાવી શકાય છે. આ પ્રગતિ છતાં હજુ પણ વિશ્વના અડધાથી વધુ શિશુઓ આ સુરક્ષાથી વંચિત છે, તેથી જ નવજાત દીઠ વાર્ષિક માત્ર ૪.૭૦ નું રોકાણ કરીને ૨૦૨૫ ના લક્ષ્યાંકને પાર કરવાનો વૈશ્વિક પ્રયાસ ચાલી રહ્યો છે.

**નોલેજ કોર્નર**



**ડો.અરૂણ દવે**
**મો.૯૮૨૫૦૭૮૦૦૦**

આજના ઝડપી યુગમાં ઘણી માતાઓ ઓછું જ્ઞાન, આધુનિક જીવનશૈલી, નોકરીની વ્યસ્તતા, પૂરતો સમય ન મળવો કે પછી ખોટી અફવાઓ અને 'ફોર્મ્યુલા મિલ્ક' (ડબ્બાનું દૂધ) ના વધતા પ્રભાવને કારણે સ્તનપાન પ્રત્યે બેદરકાર કે અજાણ જોવા મળે છે. કેટલાક કિસ્સાઓમાં શારીરિક તકલીફો કે યોગ્ય માર્ગદર્શનના અભાવે પણ માતાઓ સ્તનપાન કરાવવાનું વહેલું બંધ કરી દે છે. પરંતુ વાસ્તવમાં, સ્તનપાન એ નવજાત શિશુ માટે કોઈ વિકલ્પ નહીં પણ તેનો પ્રાથમિક અધિકાર છે. જન્મના પહેલા છ મહિના સુધી બાળક માટે માતાનું દૂધ જ સંપૂર્ણ આહાર અને 'પ્રથમ રસી' સમાન છે, જે તેને ગંભીર બીમારીઓ અને ચેપ સામે લડવાની અદભુત રોગપ્રતિકારક શક્તિ આપે છે. આ સાથે જ, સ્તનપાન કરાવવાથી માતાને પણ કેન્સર અને ડિપ્રેશન જેવી બીમારીઓ સામે રક્ષણ મળે છે તથા માતા અને બાળ વચ્ચે એક અનમોલ ભાવાત્મક સંબંધ બંધાય છે. તેથી જ, બાળકના સર્વાંગી શારીરિક માનસિક વિકાસ અને માતાના ઉત્તમ સ્વાસ્થ્ય માટે સ્તનપાનનું મહત્ત્વ સમજાવતી વ્યાપક જાગૃતિ લાવવી અત્યંત જરૂરી બની ગઈ છે.

બાળક માટે સ્તનપાનના ઘણા ફાયદાઓ છે, માતાનું દૂધ એક એવો પદાર્થ છે જેમાં જીવંત સ્ટેમ સેલ હોય છે, જે બાળકના મગજ, હૃદય, હાડકાં અને અન્ય અવયવોના વિકાસને પ્રોત્સાહન આપે છે. પ્રથમ દૂધ જેને કોલોસ્ટ્રમ કહેવાય છે, તેમાં ચોક્કસ પ્રોટીન હોય છે જે બાળકના આંતરડાના માર્ગને શરૂઆતથી જ હાનિકારક બેક્ટેરિયા અને જંતુઓથી બચાવવામાં મદદ કરે છે. માતાના દૂધમાં એન્ટિબોડીઝ અને શ્વેત રક્તકણો હોય છે જે બાળકને તમામ પ્રકારના ટૂંકા અને લાંબા ગાળાના રોગોથી રક્ષણ આપે છે. દિવસના અંતમાં બાળક દ્વારા પીવામાં આવતા માતાના દૂધમાં સેરોટોનિનની વધારાની માત્રા હોય છે, જે એક હોર્મોન છે જે બાળકને ઊંઘવામાં મદદ કરે છે. માતાનું દૂધ બાળકના પાચનતંત્ર પર વધુ નરમ હોય છે. તે કબજિયાત , ગેસ અને કોલિકની શક્યતા ઘટાડે છે, જેનાથી ખોરાક વધુ આરામદાયક અને સુસંગત બને છે. માતાઓ માટે સ્તનપાનના ફાયદાઓમાં સ્તનપાન કરાવવાથી દરરોજ ૫૦૦-૬૦૦ કેલરી બર્ન થઈ શકે છે, જે માતાઓને ગર્ભાવસ્થા દરમિયાન વધેલા વધારાના વજનને ઘટાડવામાં મદદ કરે છે.જ્યારે કોઈ સ્ત્રી સ્તનપાન કરાવતી હોય છે, ત્યારે તેનું મગજ ઓકસીટોસિન અને પ્રોલેક્ટીન જેવા શાંત રસાયણો છોડે છે, જે તેને બાળક સાથે તાણ અને ચિંતા ઘટાડવામાં મદદ કરે છે.સ્તનપાન કરાવતી માતાઓને સ્તન કેન્સર, અંડાશયનું



કેન્સર, સ્ટ્રોક, હૃદય રોગ, ડાયાબિટીસ અને પોસ્ટપાર્ટમ ડિપ્રેશન સહિતની કેટલીક સ્વાસ્થ્ય સમસ્યાઓ થવાનું જોખમ ઓછું હોય છે.કેટલીક માતાઓને થોડો દુખાવો અને અસ્વસ્થતા અનુભવાય છે, ખાસ કરીને જ્યારે તેઓ પહેલી વાર સ્તનપાન કરાવતા શીખે છે, પરંતુ પછીથી તે મોટાભાગની સ્ત્રીઓ માટે સામાન્ય રીતે પીડાદાયક હોતું નથી. માતા અને બાળક બંને માટે સૌથી કુદરતી અને ફાયદાકારક કાર્યોમાંનું એક હોવા છતાં, સ્તનપાન ઘણીવાર ખોટી માહિતી, સાંસ્કૃતિક અવરોધો અને સમર્થનના અભાવથી ઘેરાયેલું હોય છે.

**માત્ર જાગૃતિથી દર વર્ષે ૮ લાખથી વધુ બાળકોના જીવન બચાવી શકાય છે: સ્તનપાન કરાવતી માતાઓને સ્તન કેન્સર, અંડાશયનું કેન્સર, સ્ટ્રોક, હૃદય રોગ, ડાયાબિટીસ અને ડિપ્રેશન સહિતની કેટલીક સ્વાસ્થ્ય સમસ્યાઓ થવાનું જોખમ ઓછું હોય છે**

---

### ટી.બી. મુકત અભિયાન સફળતાના પંથે

## ગીર સોમનાથના ૧૭૪ ગામો ક્ષય મુકત: સમગ્ર ઝોનમાં જિલ્લો પ્રથમ ક્રમે

**અબતક, અતુલ કોટેચા, વેરાવળ**

સમગ્ર રાજય સાથે ગીર સોમનાથ જિલ્લાને પણ ટી.બી.મુકત કરવા માટે અભિયાનરુપે કામગીરી કરવામાં આવી રહી છે. જેને મોટી સફળતા મળી છે અને ગીર સોમનાથ જિલ્લાના ૧૭૪ ગામો ટી.બી. મુક્ત કરી શકાયા છે.



તાજેતરમાં ભાવનગર ખાતે ગ્રીપ-૨૦૨૫ અંતર્ગત ટી. બી. કામગીરી અંગે ગીર સોમનાથ જિલ્લા દ્વારા પ્રોગ્રેસ ટુ વર્ડ ટીબી, ફ્રી ગીફટ સોમનાથ પ્રાવ સ્ટેન્થેન્ડડ ડાઈડોસ્ટીકસ એન્ડ કમ્યુનિટી પાર્ટીસીપેશન વિષય પર એક પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવ્યું હતું. આ અંગેની વિગત આપતા જિલ્લા ક્ષય અધિકારી ડો.શીતલ રામે જણાવ્યું હતું કે, જિલ્લામાં ટી.બી. નિયંત્રણ અને નિર્મૂલન માટે કરવામાં આવતી વિવિધ કામગીરીની પ્રેઝન્ટેશનના માધ્યમથી અસરકારક રીતે રજૂઆત કરવામાં આવી હતી. જિલ્લામાં વિવિધ સી.એસ.આર. કામગીરી કરતી કંપનીઓ તથા સંસ્થાઓ પણ ટી.બી. મુકિત અભિયાનમાં મહત્વપૂર્ણ સહયોગ આપવામાં આવી રહ્યો છે. તેમના સહયોગથી દર મહિને ૨૦૦થી વધુ ટી.બી. દર્દીઓને પોષણ કીટ તેમજ આરોગ્ય કેમ્પનો લાભ મળી રહ્યો છે. સાથે જ ધારાસભ્ય સહિતના સહયોગથી ૧૦૦થી વધુ ટી.બી. દર્દીઓને ઉત્તમ કક્ષાની પોષણ કીટનો લાભ આપવામાં આવી રહ્યો છે. જિલ્લામાં કરવામાં આવી રહેલા આ તમામ સંકલિત પ્રયાસોના પરિણામે છેલ્લા ત્રણ વર્ષ દરમિયાન ટી.બી.થી થતા મૃત્યુદરમાં ઘટાડો, નવા ટી.બી કેસના દરમાં ઘટાડો તથા સારવારના સફળતા દરમાં વધારો નોંધાયો છે. સાથે જ જિલ્લામાં ૧૭૪ ગ્રામ પંચાયતો ટી.બી મુક્ત જાહેર થઈ છે.

ઉલ્લેખનીય છે કે, ઝોનવાઈઝ પ્રેઝન્ટેશનના મૂલ્યાંકનમાં ગીર સોમનાથ જિલ્લાએ પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો હતો. જિલ્લાની ઉત્કૃષ્ટ કામગીરી બદલ વિભાગીય નાયબ નિયામક ડો. હરેશ બી. વાળા દ્વારા જિલ્લા ક્ષય અધિકારી ડો. શીતલ રામને ટ્રોફી અને પ્રમાણપત્ર એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યાં હતાં.

---

## ગાંધીધામ: સરહદ ડેરી ખાતે 'ગૌ લાઈફ સાયન્સ'ના સિક્વિડ ફર્ટીલાઈઝરનું લોન્ચિંગ

### પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપતા પૌષ્ટિક કૃષિ ઉત્પાદન મેળવવા ખેડુતોને મદદરૂપ બનશે

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

સરહદ ડેરીના ચેરમેન વલમજીભાઈ હુંબલના અધ્યક્ષસ્થાને સરહદ ડેરી ખાતે સ્ટાફ મિટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. બેઠકમાં ડેરીના વિવિધ દૂધ શીત કેન્દ્રોના કર્મચારીઓ, હેડ ઓફિસના અધિકારીઓ તેમજ કર્મચારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠકમાં કંપનીના દર્શીનીબેન પટેલ ઝૂમ મિટિંગ મારફતે વર્ચ્યુઅલ રીતે જોડાયા હતા. તેમની કંપની દ્વારા વિકસાવવામાં આવેલ પ્રાકૃતિક લિક્વિડ ફર્ટીલાઇઝર અંગે વિસ્તૃત માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે આ ઉત્પાદન પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે. આ લિક્વિડ ફર્ટીલાઇઝર જમીનની ઉર્વરતા જાળવવામાં, રાસાયણિક ખાતરો પરની નિર્ભરતા ઘટાડવામાં તેમજ ગુણવત્તાસભર અને પૌષ્ટિક કૃષિ ઉત્પાદન મેળવવામાં ખેડૂતોને અસરકારક રીતે મદદરૂપ બનશે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે પ્રાકૃતિક પદ્ધતિથી ઉત્પાદિત પૌષ્ટિક અને ગુણવત્તાયુક્ત



લીલો ચારો પશુપાલન વ્યવસાયને વધુ ટકાઉ, સશક્ત અને લાભદાયી બનાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે, જેનાથી દૂધ ઉત્પાદનની ગુણવત્તા અને ઉત્પાદકતા બંનેમાં વધારો થવાની શક્યતા છે. આ પ્રસંગે સરહદ ડેરીના સહયોગથી ગૌ જીવ વિજ્ઞાનના લિક્વિડ ફર્ટીલાઈઝરનું ચેરમેન વલમજીભાઈ હુંબલના હસ્તે લોન્ચિંગ કરવામાં આવ્યું હતું. આ ગૌ જીવ વિજ્ઞાન દ્વારા વિકસાવવામાં આવેલ ગૌ ગ્રો અને ગોટીલાઈઝર ગોલ્ડ જેવા પ્રાકૃતિક લિક્વિડ ફર્ટીલાઈઝર જમીનની ઉર્વરતા જાળવવા, રાસાયણિક ખાતરો પરની નિર્ભરતા ઘટાડવા અને પાકની ગુણવત્તા તથા ઉત્પાદકતા વધારવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.

---

## ગોંડલ: જિલ્લા કક્ષાની સોફટબોલ સ્પર્ધામાં ગંગોત્રી સ્કુલનું ઉત્કૃષ્ટ પ્રદર્શન

### અંડર ૧૪, અંડર ૧૯ પ્રથમ સ્થાન મેળવી વિજેતા બની

**અબતક, હરેશ ગણોદીયા, ગોંડલ**

રાજકોટ ગ્રામ્ય જિલ્લા કક્ષાની શાળકીય સોફ્ટબોલ સ્પર્ધામાં ગંગોત્રી સ્કૂલ, ગોંડલના વિદ્યાર્થીઓએ ઉત્કૃષ્ટ રમત કૌશલ્ય દાખવી સમગ્ર જિલ્લામાં સ્કૂલનું નામ રોશન કર્યું છે. સ્પર્ધામાં ગંગોત્રી સ્કૂલ, ગોંડલની અંડર ૧૪ (ભાઈઓ) ની ટીમે પ્રથમ સ્થાન તથા અક્ષમય-૧૯ (ભાઈઓ) ની ટીમે



પ્રથમ સ્થાન મેળવી જિલ્લા કક્ષાએ વિજેતા પદ હાસિલ કર્યું છે. આ ઉપરાંત અંડર-૧૭ (ભાઈઓ) ની ટીમે પણ પ્રભાવશાળી રમત રમીને દ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યું છે. વિદ્યાર્થીઓની આ ઝળહળતી અને ગૌરવવંતી સફળતા બદલ ગંગોત્રી ગ્રુપ ઓફ સ્કૂલના ફાઉન્ડર અને ચેરમેન સંદીપ છોટાળા અને પ્રિન્સિપાલ કિરણબેન છોટાળાએ તેમજ સમગ્ર સ્ટાફ પરિવારે વિજેતા ખેલાડીઓ અને તેમને તાલીમ આપનાર કોચ શૈલેષ ભટ્ટને હાર્દિક અભિનંદન પાઠવ્યા છે તેમજ આગામી રાજ્ય કક્ષાની સ્પર્ધામાં શ્રેષ્ઠ પ્રદર્શન કરવા માટે શુભકામનાઓ પાઠવી છે.

---

## કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૦૬-૦૮-૨૦૨૬ ગુરુવાર**

- ૧૧:૦૦ થી ૦૨:૦૦ સંસદ ચોમાસુ સત્ર (લાઈવ)
- ૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (જય વસાવડા)
- ૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (દળ - ઢોકળી)
- ૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદ:આજે નહીં તો કયારે
- ૦૪:૦૦ થી ૦૪:૩૦ હેલ્થ વેલ્થ (ડો.બિરજુ મોરી)
- ૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
- ૦૫:૦૦ થી ૦૭:૦૦ ગુજરાતી નાટક (ધર્મ યુદ્ધ)
- ૦૭:૦૦ થી ૦૭:૩૦ સ્ટેન્ડપ કોમેડી
- ૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
- ૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
- ૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૦૭-૦૮-૨૦૨૬ શુક્રવાર**

- ૦૭:૦૦ થી ૧૦:૦૦ રામકથા(પૂ.મોરારિબાપુ)
- ૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
- ૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
- ૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ

---

## અબતક પંચાગ

**તા.૭-૮-૨૦૨૬ શુક્રવાર**

**વિક્રમ સંવત** ૨૦૮૨ **શાલીવાહન શકિ:** ૧૯૪૮
**ખ્રિસ્તી સંવત** ૨૦૨૬
**તિથી** અષાઢ વદ નોમ
**નક્ષત્ર** કૃતિકા
**યોગ** વૃધ્ધિ **કરણ:** વણિજ
**સુર્યોદય** ૬.૨૨ **સુર્યાસ્ત:** ૭.૨૩
**ચંદ્ર રાશી** વૃષભ
**રાશિ અક્ષર** બ.વ.ઉ
**દિશાશૂળ** પશ્ચિમ દિશા તરફ
**રાહુકાળ** સવારે ૧૦.૩૦ થી ૧૨
**દિવસનાચોઘડીયા**
ચલ,લાભ,અમૃત,કાળ,શુભ,રોગ,ઉદવેગ,ચલ
**રાત્રીનાચોઘડીયા**
રોગ,કાળ,લાભ,ઉદવેગ,શુભ,અમૃત,ચલ,રોગ
**અભિજીત મુહૂર્ત** બપોરે ૧૨.૨૭ થી ૧.૧૯

**શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭**

---

## સૂડોકુ -૪૪

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | | | ૯ | | | | | |
| | | | ૮ | ૧ | ૬ | | ૫ | ૭ |
| | | | | ૨ | | | | ૪ |
| | | | | | ૯ | | | ૩ |
| ૬ | | ૭ | ૨ | ૮ | | | ૪ | ૯ |
| | | | ૭ | ૬ | | | ૮ | |
| | ૪ | ૫ | | | | | | ૨ |
| | | | | ૫ | | | | |
| ૭ | | | | | | ૪ | ૬ | |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોકસમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

### સૂડોકુ-૪૩ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૮ | ૪ | ૫ | ૧ | ૬ | ૩ | ૭ | ૯ |
| ૯ | ૫ | ૬ | ૩ | ૭ | ૨ | ૪ | ૧ | ૮ |
| ૧ | ૭ | ૩ | ૯ | ૪ | ૮ | ૫ | ૬ | ૨ |
| ૩ | ૧ | ૯ | ૨ | ૫ | ૪ | ૬ | ૮ | ૭ |
| ૫ | ૬ | ૮ | ૧ | ૯ | ૭ | ૨ | ૩ | ૪ |
| ૪ | ૨ | ૭ | ૬ | ૮ | ૩ | ૯ | ૫ | ૧ |
| ૮ | ૯ | ૫ | ૪ | ૩ | ૧ | ૭ | ૨ | ૬ |
| ૭ | ૩ | ૨ | ૮ | ૬ | ૯ | ૧ | ૪ | ૫ |
| ૬ | ૪ | ૧ | ૭ | ૨ | ૫ | ૮ | ૯ | ૩ |

---

## આવતીકાલનું રાશિફળ

**તા.૭.૮.૨૦૨૬ શુક્રવાર, સંવંત ૨૦૮૨, આષાઢ વદ નોમ, કૃત્તિકા નક્ષત્ર, વૃદ્ધિ યોગ, ગર કરણ આજે જન્મેલાંની ચંદ્ર રાશિ વૃષભ (બ,વ,ઉ) રહેશે**



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

**મેષ (અ,લ,ઈ) :** જીવનમાં યોગ્ય વિચારપધ્ધતિથી આગળ વધી શકો, તમારા યોગ્ય વાણી વર્તનથી લાભ મેળવી શકો, પ્રગતિકારક દિવસ રહે.

**વૃષભ (બ,વ,ઉ) :** તમારા વ્યક્તિત્વનો વિકાસ થાય, યશ પ્રતિષ્ઠા પ્રાપ્ત થાય, તમારા પ્રતિભાવ અને કાર્યની સરાહના થાય.

**મિથુન (ક,છ,ઘ) :** વાદ વિવાદથી દૂર રહેવું, જામીનગીરી ના કરવા સલાહ છે, અન્ય માટે વિશેષ દોડધામ રહે, મધ્યમ દિવસ.

**કર્ક (ડ,હ) :** સગા સ્નેહી મિત્રોથી સારું રહે, આગળ વધવાની તક પ્રાપ્ત થાય, કેટલીક બાબતોને ઊંડાણપૂર્વક સમજી શકશો.

**સિંહ (મ,ટ) :** વેપારીવર્ગ ને સારું રહે, નવી દિશાઓ ખુલતી જણાય, પ્રગતિ થાય, નોકરિયાતવર્ગ માટે પણ પ્રગતિકારક સમય.

**કન્યા (પ,ઠ,ણ) :** ધ્યાન યોગ મૌનથી લાભ થાય, દાન ધર્મ કરી શકો, આધ્યાતિમ્ક ચિંતન થાય, શુભ દિન.

**તુલા (ર,ત) :** દૂર દેશથી સારા સમાચાર મળે, લાગણીની વાત વ્યક્ત કરી શકો, સારો પ્રતિભાવ પ્રાપ્ત કરી શકો, દિવસ આનંદદાયક રહે.

**વૃશ્ચિક (ન,ય) :** દામ્પત્યજીવનમાં સારું રહે, પરિવાર સાથે આનંદ માણી શકો, ટીમવર્કથી સારું પરિણામ મેળવી શકો.

**ધન (ધ,ભ,ફ,ઢ) :** તબિયતની કાળજી લેવી, ખાવા પીવામાં ધ્યાન રાખવું, લાઈફસ્ટાઈલમાં ફેરફાર કરવા પડે, મધ્યમ દિવસ.

**મકર (ખ,જ) :** પ્રણયમાર્ગે આગળ વધી શકો,ગમતી વ્યક્તિથી મુલાકાત થાય, વિશેષ પ્રતિભા કેળવી શકો.

**કુંભ (ગ,સ,શ) :** કોર્ટ કચેરી માં રાહત થાય, અટકેલા કાર્ય પૂર્ણ કરી શકો, નવી ઓળખાણોની મદદથી કાર્ય સિદ્ધ થાય, પ્રગતિકારક દિવસ રહે.

**મીન (દ,ચ,ઝ,થ):** સાહસથી સિદ્ધિ પ્રાપ્ત થાય, રચનાત્મક પ્રવૃત્તિ કરી શકો, તમારું કૌશલ્ય દેખાડી શકો અને આગળ વધી શકો.

# રાજકોટ જિલ્લા પંચાયતની સ્વભંડોળની ગ્રાન્ટમાંથી ગવરીદડ ગામને રૂ.૭.૫૦ લાખના ખર્ચે બે કોઝવેની ભેટ

## સ્થાનિક નેતાઓ અને ગ્રામજનોની ઉપસ્થિતિમાં વિકાસકામોનું ખાતમુહૂર્ત કરાયું



**અબતક, રાજકોટ**

રાજકોટ તાલુકાના ગવરીદડ ગામે રાજકોટ જિલ્લા પંચાયત સ્વ. ભંડોળની ગ્રાન્ટમાંથી કુલ ₹૭.૫૦ લાખના ખર્ચે થનારા બે અલગ-અલગ કોઝવેના કામનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે. જેમાં બિલેશ્વર જવાના રસ્તે જયુભા જાડેજા તથા દિલિપભાઈ કમાણીની વાડી પાસે ₹૫.૦૦ લાખના ખર્ચે અને રમેશભાઈ રાજાભાઈ અજાણીની વાડી પાસે ₹૨.૫૦ લાખના ખર્ચે કોઝવેનું નિર્માણ કરવામાં આવશે. આ ખાતમુહૂર્ત પ્રસંગે રાજકોટ જિલ્લા પંચાયત બેડી-૩ સીટના સભ્ય પ્રતિનિધિ રાજેશભાઈ ચાવડા (રાજાભાઈ), ગવરીદડ ગામના સરપંચ પ્રતિનિધિ મનીષભાઈ અજાણી, ગવરીદડ ગામના ઉપ સરપંચ ભરતભાઈ, રાજકોટ તાલુકા યુવા ભાજપના મહામંત્રી ધનરાજભાઈ ડોડીયા, રાજકોટ તાલુકા પંચાયત સભ્ય પ્રતિનિધિ ધનરાજભાઈ રાઠોડ, રાજકોટ તાલુકા ભાજપા પ્રમુખ કેયૂરભાઈ ઢોલરીયા, અનુસૂચિત જાતિ મોરચાના તાલુકા પ્રમુખ સુરેશભાઈ મકવાણા, મહામંત્રી મિતભાઈ ગોહિલ તથા મંત્રી અજયભાઈ સાગઠિયા ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત કેશુભાઈ, પાર્થભાઈ, ધીરૂભાઈ, હસુભાઈ, રામજીભાઈ, વીરજીભાઈ, બ્રિજેશભાઈ, કિશોરભાઈ, અજયભાઈ સાગઠીયા, દિલિપભાઈ, બશીરભાઈ, રમેશભાઈ, વિજયભાઈ, અશોકભાઈ, મેપાભાઈ, દર્શકભાઈ, વસંતભાઈ સહિતના ગામના આગેવાનો અને ગ્રામજનો હાજર રહ્યા હતા.

## પશ્ચિમ રેલવે - રાજકોટ મંડળ

**રાજકોટ મંડળ માટે ઈ-હરાજી**

રાજકોટ મંડળ માટે નીચે દર્શાવેલ કેટલોગો માટે ઈ-હરાજી દ્વારા બોલીઓ આમંત્રિત કરવામાં આવે છે. આ કેટલોગો અગાઉથી જ IREPS વેબસાઈટ પર પ્રકાશિત કરવામાં આવ્યા છે. તેની વિગતો નીચે મુજબ છે:

| કેટલોગ નંબર | કરારનો પ્રકાર | શ્રેણી | કરાર નો સમયગાળો |
|---|---|---|---|
| RJT-ADVT-26-06 | 1. સ્ટેશન પરિસરમાં જાહેરાત (ડિજિટલ/નોન -ડિજિટલ)<br>2. ટ્રેનના બાહ્ય ભાગ પર જાહેરાત<br>3. આઉટ ઓફ હોમ જાહેરાત<br>4. PARKING-RJT-RJT-MX-15-261 (પાર્કિંગ)<br>5. વિવિધ સ્ટેટિક સેવાઓ – રિલેક્સેશન ચેર સેવા | જાહેરાત<br>પાર્કિંગ (મિશ્ર)<br>વિવિધ સ્થિર સેવાઓ | 03/05<br>10 વર્ષ |

**ઈ-હરાજીની તારીખ અને સમય:** 24.08.2026ના રોજ 11:00 વાગ્યે

ઉપરોક્ત કેટલોગ નંબર હેઠળના લોટની વિગતો આગામી ઈ-ઓક્શન, ઝોન:પશ્ચિમ રેલવે, યુનિટ: રાજકોટ મંડળ કોમર્શિયલના શીર્ષક હેઠળ **WWW.IREPS.GOV.IN** (ઈ-ઓક્શન લીઝિંગ) વેબસાઈટ પર ઉપલબ્ધ છે. **RJT 109**

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

## -:: સમરી દાવાનું સમન્સ ::-

**હાજર રહેવાનું સ્થળ :-**

**સંયુક્ત રજીસ્ટ્રાર અને સભ્ય, બોર્ડ ઓફ રજીસ્ટ્રાર્સ નોમીનીઝ, રાજકોટ વિભાગ, રાજકોટ**
**બ્લોક નં.૨, પહેલો માળ, ગર્વમેન્ટ પ્રેસ રોડ, રાજકોટ – ૩૬૦૦૦૧**

આથી તમો નીચે જણાવેલ શખ્સને ખબર આપવામાં આવે છે કે, શ્રી આશતોષ ક્રેડીટ કો. ઓ. સોસાયટી લી. ઠે. શોપ નં.૮, ધર્મભક્તિ સંકુલ, ૭-વાણીયાવાડી, વાણીયાવાડી મેઈન રોડ, ભક્તિનગર સર્કલ પાસે, રાજકોટ તરફથી તમારી સામે સહકારી કાયદાની કલમ ૯૯ (૪) હેઠળ સમરી લવાદ કેસ દાખલ કરવામાં આવેલ છે. રજીસ્ટર્ડ પોસ્ટથી સમન્સ બજાવવાનો પ્રયત્ન કરવાં છતાં નીચેના પ્રતીવાદીઓને સમન્સ બજેલ નથી. તેઓનો અન્ય પતો કે સરનામું મળી શકેલ નથી. તેથી આ જાહેર સમન્સથી જણાવવામાં આવે છે કે આ સમન્સ પ્રસિધ્ધ થયાથી દિન-૧૦ની અંદર તમો જો બચાવ કરવા માંગતા હોય તો સોગંદ ઉપર બચાવ અરજી તથા બચાવ અરજીના સમર્થનમાં જે દસ્તાવેજી પુરાવાઓ ઉપર આધાર રાખતા હોય તે સાથે ઉપરોક્ત સરનામે હાજર થવું અને બચાવ કરવાની પરવાનગી મેળવવી. (મજકુર શખ્સ તેમની સામે દાખલ થયેલ આ દાવાની દાવા અરજી તથા તે સાથેના દસ્તાવેજી પુરાવાઓની નકલો આ અત્રે રૂબરૂ સંપર્ક કરી મેળવી શકશે.) જો તમો તેમ કરવામાં કસુર કરશો તો દિન ૧૦ની મુદત વિત્યા બાદ કોઈપણ સમયે વાદી તમારી સામે દાવામાં લખેલ રકમો વ્યાજ ખર્ચ સહિત એવોર્ડ મેળવવા હક્કદાર થશે. જેની નોંધ લેશો.

આજરોજ કોર્ટનું સીલ મારી સહી કરી.

વાદી - શ્રીઆશુતોષ ક્રેડીટ કો.ઓ. સોસાયટી લી.

| ક્રમ | લવાદ કેસ નં. | પ્રતીવાદી નંબર અને નામ | ક્યા દરજ્જે | દાવાની રકમ |
|---|---|---|---|---|
| ૧. | ૬૭/૨૦૨૩ | ૧. શ્રી ખુશ્બુબેન અમીતભાઇ પુજારા રે. રાજકોટ<br>૨. શ્રી લલીતભાઇ છગનભાઇ પુજારા રે. રાજકોટ | લોની<br>જામીન | રૂા.૨,૩૭,૯૮૬/- |
| ૨. | ૨૦/૨૦૨૬ | ૩. શ્રી અલ્પેશભાઇ રતીલાલ ગોધાણી રે. રાજકોટ | જામીન | રૂા.૧૬,૩૭,૪૧૦/- |
| ૩. | ૨૧/૨૦૨૬ | ૩. શ્રી અલ્પેશભાઇ રતીલાલ ગોધાણી રે. રાજકોટ | જામીન | રૂા.૨૩,૪૭,૪૭૪/- |

રાજકોટ
તા.૨૮/૦૭/૨૦૨૬


તૈયાર કરનાર (પી.જે. વિરડા) જુ.ક્લાર્ક — સરખાવનાર (કે.એલ. કોડીયાતર) સિ. ક્લાર્ક — (જયકાંત એન. દવે) સભ્યશ્રી, બોર્ડ ઓફ નોમીનીઝ રાજકોટ






# બીજ નિગમે ડિવીડન્ડનો રૂ.૬.૩૩ કરોડનો ચેક મુખ્યમંત્રીને અર્પણ કર્યો

## નિગમ દ્વારા સ્થાપના કાળથી અત્યાર સુધીમાં રાજ્ય સરકારને ૪૨.૮૨ કરોડ રૂપિયાનું ડિવીડન્ડ ચૂકવ્યું



**અબતક, રાજકોટ**

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને ગુજરાત રાજ્ય બીજ નિગમ દ્વારા ૨૦૨૪-૨૫ના વર્ષના ડિવીડન્ડ પેટે રૂ. ૬.૩૩ કરોડનો ચેક કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણી અને રાજ્ય મંત્રી રમેશભાઈ કટારાએ અર્પણ કર્યો હતો.

રાજ્યના ખેડૂતોને શુદ્ધ અને ઉચ્ચ ગુણવત્તાયુક્ત પ્રમાણિત બિયારણ મળી રહે તે માટે ગુજરાત રાજ્ય બીજ નિગમ કાર્યરત કરવામાં આવેલુ છે.

નિગમે તેની સ્થાપનાના વર્ષથી અત્યાર સુધીમાં રાજ્ય સરકારને કુલ ૪૨.૮૨ કરોડ રૂપિયાનું ડિવીડન્ડ ચૂકવ્યું છે.

'ગુરાબિની' બ્રાન્ડ હેઠળ રાજ્યમાં અને રાજ્ય બહાર પણ ખ્યાતિ પામેલા નિગમના બિયારણોની મોટી માંગ રહે છે. એટલું નહિ, ૧૦૭૦ ક્વિન્ટલ ઉત્પાદન અને ૮૩૫ ક્વિન્ટલ વિતરણથી શરૂ થયેલી બીજ નિગમની સફળતા ૨૦૨૪-૨૫માં ૩ લાખ ૩૪ હજાર ૭૩૯ ક્વિન્ટલ ઉત્પાદન અને વિતરણ સુધી વિસ્તરી છે.

રાજ્યમાં પ્રમાણિત બીજની જરૂરિયાત સામે ગુજરાત રાજ્ય બીજ નિગમ મસાલા પાકમાં ૩૦ ટકા, ધાન્ય પાકોમાં ૧૯ ટકા, કઠોળ પાકોમાં ૧૪ ટકા અને તેલિબિયા પાકોમાં ૧૦ ટકા બિયારણ ઉત્પાદન અને વિતરણ કર્યુ છે.

મુખ્યમંત્રીશ્રીને ૨૦૨૪-૨૫ના વર્ષના ગુરાબિની ના આ ડિવીડન્ડ ચેક અર્પણ અવસરે મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવ શ્રી સંજીવ કુમાર, કૃષિ-ખેડૂત કલ્યાણ નિગમના અગ્ર સચિવ શ્રી આર.સી. મીના, નિગમના એમ.ડી. શ્રી રાજપૂત અને વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## જામનગર મહાનગરપાલિકા
### જામનગર
### :: ટેન્ડર નિવિદા ::

જામનગર મહાનગરપાલિકા, સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા દ્વારા નીચે મુજબના કામો માટે ઓફ લાઈન ટેન્ડરીંગથી ઓફર મંગાવવામાં આવે છે. ઓફર ફોર્મ તા.૦૬/૦૮/૨૦૨૬ ના ૧૧–૦૦ કલાકથી સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા, ત્રીજો માળ, વહીવટી ભવન, લાલ બંગ્લા, જામનગર ખાતેથી મળી શકશે.

| ક્રમ | કામનું નામ | અંદાજીત રકમ |
|---|---|---|
| ૧ | જામનગર મહાનગરપાલિકાની સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા હસ્તકના નોન યુઝડ/સ્ક્રેપ્ડ વાહનોનો નિકાલ કરવાનું કામ | રૂા.૪.૩૦ લાખ |
| ૨ | કાર્યપાલક ઈજનેરશ્રી સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા માટે ફોર વ્હીલ વાહન (કાર) વાહન ભાડાથી સપ્લાય કરવાનું કામ. (વર્ષ ૨૦૨૬–૨૭) | રૂા.૪.૨૦ લાખ |

ઓફ લાઈન ઓફર ફોર્મ મેળવવાની અંતિમ તા.૨૦/૦૮/૨૦૨૬ ના ૧૮–૦૦ કલાક તથા ઓફર ફોર્મ સબમીટ કરવાની અંતિમ તા.૨૪/૦૮/૨૦૨૬ ના ૧૮–૦૦ કલાક સુધીની રહેશે.

કમિશ્નર
જામનગર મહાનગરપાલિકા

નં.જેએમસી/સો.વે/૩૮/ટેન્ડર નિવિદા/૨૯૩/૨૬–૨૭. તા.૦૫/૦૮/૨૦૨૬

## -:: જાહેર નોટીસ ::-

જન્મ-મરણ કેસ નં.૧૦૬/૨૦૨૬

શ્રી શંકરભાઈ મોહનભાઈ ચૌહાણ ..........અરજદાર

-:: વિરૂધ્ધ ::-

રજીસ્ટ્રારશ્રી, જન્મ-મરણ નોંધણી અધિકારી અને
તલાટી કમ મંત્રીશ્રી, ચોરડી, તા.ગોંડલ. જી.રાજકોટ ..........સામાવાળા

**વિષય :– જન્મ–મરણ અધિનિયમ–૧૯૬૯ ની કલમ–૧૩(૩) હેઠળની નોટીસ**

આ જાહેર નોટીસથી લાગતા વળગતાઓને જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારના પુત્ર-સવદાન શંકરભાઈ ચૌહાણનો જન્મ તા.૦૧/૦૬/૨૦૦૫ ના રોજ ચોરડી મુકામે થયેલ છે. તેમના જન્મની નોંધ જે-તે વખતે સામાવાળાના જન્મ રજીસ્ટરે નોંધ થઈ શકેલ ન હોય, જેથી તેની નોંધ કરાવવા માટે અત્રેની કોર્ટમાં તે અંગે હુકમ મળવા અરજી કરેલ છે. સદરહું હુકમ થવા સામે જે કોઈને વાંધો-તકરાર હોય, તેઓએ અત્રેની કોર્ટ સમક્ષ જરૂરી આધાર-પુરાવા સાથે તા.૧૭/૦૮/૨૦૨૬ ના રોજ ૧૨/૦૦ કલાકે, મામલતદાર કચેરી, "તાલુકા સેવા સદન", ૨૧-સ્ટેશન પ્લોટ, ગોંડલ (તાલુકા) ખાતે હાજર રહેવા મુદત મુકરર કરવામાં આવેલ છે. આ મુદતે અરજદાર / સામાવાળા જે કોઈ આધાર-પુરાવાઓ રજુ કરવા માંગતા હોય તો તે જાતે અથવા કાયદેસરના મુખત્યાર મારફત રજુ કરવા હાજર રહેશો. મુદતે હાજર રહેવામાં કસુર કરશો તો તમારે આ બાબતે કાંઈ કહેવાનું નથી. તેમ માની આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

આજ તા.૦૪/૦૮/૨૦૨૬ના રોજ મારી સહિ તથા કોર્ટની મહોર સાથે નોટીસ બહાર પાડવામાં આવેલ.

કોર્ટનો સીકકો

એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
ગોંડલ (તાલુકા)

## જાહેર નોટીસ

આંક - ૧૩

અરજદારના વકીલ શ્રી એસ.એન. ભાવસાર

### અમદાવાદ ખાતે ની શહેર દિવાની અદાલતમાં (સિટી સિવિલ કોર્ટ)
### દિવાની પરચુરણ અરજી નં.૬૯૦/૨૦૨૫

**અરજદાર** – રિપલ ચંદ્રકાન્ત મહેતા
**રહે.** – ૬, શીવકુંજ સોસાયટી, સંઘવી હાઈસ્કુલ પાસે, વિજયનગર રોડ, નારણપુરા, અમદાવાદ

**બાબત - ગુજરનાર ચંદ્રકાન્ત ભાઈચંદ મહેતાની મિલકત અંગે લેટર ઓફ એડમીનીસ્ટ્રેશન મેળવવાની અરજી**

આથી સર્વે લોકોને તથા આ કામમાં હીત તથા સંબધ ધરાવતા સર્વે શખ્સોને આ જાહેર નોટીસથી જણાવવામાં આવે છે કે ચંદ્રકાન્ત ભાઈચંદ મહેતાનુ તા.૦૬/૦૭/૨૦૨૫ ના રોજ અમદાવાદ મુકામે અવસાન થયેલ છે. અરજદારે તેઓની મિલકત અંગે લેટર ઓફ એડમીનીસ્ટ્રેશન મેળવવા માટે આ અરજી કરેલી છે.

ગુજરનાર ચંદ્રકાન્ત ભાઈચંદ મહેતાના નામે નીચેની વિગતે મિલકતો આવેલી છે.

**સ્થાવર મિલકતઃ** (૧) તાલુકા રાજકોટમાં નાનામવા ગામમાં આવેલ નાનામવા વિભાગ-૨ ના ખાતા નં.૨૩૫૫ ના સ.નં.૧૧૧ ના આસન-૩ માં દર્શાવેલ પ્લોટ નં.૫૦+૫૧/૮ જેનું ક્ષેત્રફળ ૧૨૫.૪૧ ચો.મી. છે જે ચંદ્રકાન્ત ભાઈચંદ મહેતા તથા તેમના ભાઈ હસમુખભાઈ ભાઈચંદ મહેતા સાથે સહમાલિકીની મિલકત જેની કિંમત આશરે રૂા.૨૫,૦૪,૨૦૦/- છે. શ્રી રામ એન્ટરપ્રાઈસ એ નામની ભાગીદારી પેઢીમાં મહુમ ચંદ્રકાન્ત ભાઈચંદ મહેતાનો ભાગીદાર તરીકે ૯ ટકાનો હિસ્સો પોષાય છે સદર ભાગીદારી પેઢીની આવેલ મિલકતો જેમાં (૧) ડીસ્ટ્રીકટ સબ-ડીસ્ટ્રીકટ રાજકોટના રાજકોટ એસ.આર.ઓ.૬ ના મવડીના રે.સર્વે નં.૩૪૩ પૈકી ૧, ટી.પી. નં.૨૭(મવડી), એફ.પી. નં.૧૬ પૈકી સત્યજીત પાર્કના પ્લોટ નં. ૧૫૨ થી ૧૫૫ ની કુલ ચાર પ્લોટની જમીન ચો.મી. ૬૧૭.૯૦ જેની મર્હુમ ચંદ્રકાન્ત ભાઈ કિંમત રૂા.૯,૪૫,૪૫૦/- છે. (૨) ડીસ્ટ્રીકટ સબ-ડીસ્ટ્રીકટ રાજકોટના રાજકોટ એસ.આર.ઓ.૬ ના મવડીના રે.સર્વે નં.૩૪૩ પૈકી ૧, ટી.પી.નં.૨૭, એફ.પી. નં.૧૬ પૈકી સત્યજીત પાર્કના પ્લોટ નં.૧૪૬ તથા ૧૪૭ તથા ૧૪૮ ની કુલ જમીન ચો.મી. આશરે ૩૩૬.૬૬ જેના મર્હુમ ચંદ્રકાન્ત ભાઈચંદ મહેતાના હીસ્સાની કિંમત રૂા.૫,૧૫,૧૧૫/- છે. (૩) ડીસ્ટ્રીકટ સબ-ડીસ્ટ્રીકટ રાજકોટના રોજકોટ એસ.આર.ઓ.૬ ના મવડીના રે.સર્વે નં.૩૪૩ પૈકી ૧, ટી.પી.નં.૨૭, એફ.પી. નં.૧૬ પૈકી સત્યજીત પાર્કના પ્લોટ નં.૧૪૯ તથા ૧૫૦ તથા ૧૫૧ ની કુલ જમીન ચો.મી. આશરે ૫૦૫.૬૮ જેમાં મર્હુમ ચંદ્રકાન્ત ભાઈચંદ મહેતાના હીસ્સાની કિંમત રૂા.૭,૭૩,૭૩૦/- છે. તપોવન ડેવલોપ્રસએ નામની ભાગીદારી પેઢીમાં મર્હુમ ચંદ્રકાન્ત ભાઈચંદ મહેતાનો ભાગીદાર તરીકે ૫ ટકાનો હિસ્સો પોષાય છે સદર ભાગીદારી પેઢીની આવેલ મિલકતો જેમાં (૧) ડીસ્ટ્રીકટ સબ-ડીસ્ટ્રીકટ જામનગર એસ.આર.ઓ.૩ ના ગામ બાડાના રેવન્યુ સર્વે નં.૪૦૨ તથા ૪૦૩ (જુના રે.સ.નં.૨૯૯/પૈકી ૧ તથા ૨૯૯/પૈકી ૨) ની જમીનના પ્લોટ નં.૧ ની જમીન આશરે ૧૮૭૨૧.૩૬ ચો.મી. તથા પ્લોટ નં.૨ ની જમીન આશરે ૧૮૮૩૦.૯૫ ચો.મી. તથા યુટીલીટી પ્લોટ નં.એ રોડ રસ્તાની જમીન આશરે ૩૩૬૨.૮૨ ચો.મી. (યુટીલીટી પ્લોટ તથા રોડ રસ્તાના વપરાશી હક્કો સહીત) જેની મર્હુમ ચંદ્રકાન્ત ભાઈચંદ મહેતાના હીસ્સાની કિંમત રૂા.૮૦,૦૦,૦૦૦/- છે. (૨) ડીસ્ટ્રીકટ સબ-ડીસ્ટ્રીકટ રાજકોટના એસ.આર.ઓ.૬ ના મવડીના રે.સર્વે નં.૪૭ પૈકી આર.કે. પાર્ક, પ્લોટ નં.૩૩ ની જમીન ૨૧૩.૧૧ ચો.મી. જેની મર્હુમ ચંદ્રકાન્ત ભાઈચંદ મહેતાના હીસ્સાની કિંમત રૂા.૫૮,૬૫૦/- છે. (૩) ડીસ્ટ્રીકટ સબ-ડીસ્ટ્રીકટ રાજકોટના રાજકોટ એસ.આર.ઓ. ૬ ના મવડીના રે.સર્વે નં.૪૭ પૈકી આર.કે. પાર્ક, પ્લોટ નં.૩૫ ની જમીન ૩૧૦.૧૦ ચો.મી. જેની મર્હુમ ચંદ્રકાન્ત ભાઈચંદ મહેતાના હીસ્સાની કિંમત રૂા.૮૫,૫૦૦/- છે. (૪) ડીસ્ટ્રીકટ સબ-ડીસ્ટ્રીકટ રાજકોટના રાજકોટ એસ.આર.ઓ.૬ ના મવડીના રે. સર્વે નં.૪૭ પૈકી આર.કે. પાર્ક પ્લોટ નં. ૩૪ ની જમીન ૨૩૦.૨૬ ચો.મી. જેની મર્હુમ ચંદ્રકાન્ત ભાઈચંદ મહેતાના હીસ્સાની કિંમત .૬૩,૫૦૦/- છે. (૫) ડીસ્ટ્રીકટ સબ-ડીસ્ટ્રીકટ જામનગરના જોડીયા એસ.આર.ઓ.ના ગામ દુધઈના રે.સર્વે નં.૯૬/પૈકી ૧ ની બીનખેતીની જમીન હે.આરે.ચો.મી. આશરે ૦-૫૩-૬૨ મિલકત જેની મર્હુમ ચંદ્રકાન્ત ભાઈચંદ મહેતાના હીસ્સાની કિંમત રૂા.૪૦,૦૦૦/- છે. (૬) ડીસ્ટ્રીકટ સબ-ડીસ્ટ્રીકટ જામનગરના જોડીયા એસ.આર.ઓ.ના ગામ દુધઈના રે.સર્વે નં.૯૪ તથા ૯૫ (જુના રે.સ.નં.૪૭૫/પૈકી ૪ તથા ૪૭૫/પૈકી ૨) ની બીનખેતીની જમીન ૩૨૩૭૬.૦૦ જેની મર્હુમ ચંદ્રકાન્ત ભાઈચંદ મહેતાના હીસ્સાની કિંમત રૂા.૧,૮૦,૦૦૦/- છે. (૭) ડીસ્ટ્રીકટ સબ-ડીસ્ટ્રીકટ રાજકોટના રાજકોટ એસ.આર.ઓ.૨ ના મોરબી રોડની ખુલ્લી જમીન-બીન ખેતી કીચરે, સર્વે નં.૪૮/૨ પૈકી પ્લોટ નં. ૧ પૈકી જમીન ક્ષેત્રફળ ૧૫૧૮ ચો.મી. જેમાં મર્હુમ ચંદ્રકાન્ત ભાઈચંદ મહેતાના હીસ્સાની કિંમત રૂા.૬૦,૦૦૦/- છે. ગુજરનાર ચંદ્રકાન્ત ભાઈચંદ મહેતાના નામે આવેલ જંગમ મિલકતમાં (૧) એયુ સ્મોલ હાયનાન્સ બેંક, આશ્રમ રોડ શાખામાં બચત ખાતા નં.૨૩૦૧૨૧૫૩૪૯૬૫૨૭૩૩ માં આવેલ વ્યાજ સહીતની જમા રકમ રૂા.૨૯,૫૪૬.૬૭/- (૨) કેનેરા બેંક, નારણપુરા શાખામાં બચત ખાતા નં.૦૯૮૧૧૦૧૦૦૪૮૨૯ માં આવેલ વ્યાજ સહીતની જમા રકમ ૧,૦૮,૫૦૨/- (૩) મોનાર્થ નેટવર્થ કેપીટલ લી.ના ખાતા નં. ૧૨૦૩૫૦૦૦૦ ૧૪૧૯૪૦૨ માં જમા પડેલ શેર્સ, મ્યુચ્યુઅલ ફંડની રકમ રૂમ. ૧૯,૪૦,૨૧૧.૫૧/- તથા તેના પર મળવા પાત્ર ડીવીડન્ડ સહિતની રકમ (૪) કાર્વી કોમટ્રેડ લી. - મેમ્બર ઓફ નેશનલ સ્પોટ એક્સ્ચેન્જ લી., મેમ્બર આઈડી-૧૦૦૪૦૦ માં જમા પડેલ શેર્સ, મ્યુચ્યુઅલ ફંડની રકમ રૂા.૫૭,૨૭,૩૯૭.૫૧/-તથા તેના મળવાપાત્ર ડીવીડન્ડ સહિતની રકમ આવેલ છે. ઉપર મુજબની તમામ સ્થાવર-જંગમ મિલકતની કુલ કિંમત આશરે રૂા.૨,૭૨,૭૮,૮૯૮.૭૫/- (અંકે રૂપિયા બે કરોડ બોતેર લાખ ઈઠયોતેર હજાર આઠસો અઠ્ઠાણું અને પંચોતેર પૈસા પુરા) જેટલી થાય છે.

આથી અરજદારને તેમની અરજીમાં જણાવ્યા પ્રમાણેની મિલકત અંગે લેટર ઓફ એડમીનીસ્ટ્રેશન આપવામાં આવે તેમાં કોઈ પણ શખ્સને કોઈ પણ પ્રકારનો વાંધો યા હરકત હોય તો તેઓએ તા.૨૭/૦૮/૨૦૨૬ ના રોજ સવારના ૧૧-૦૦ વાગ્યે જાતે યા માહીતગાર વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં હાજર થવું જો તેમ કરવામાં કસુર થશે તો હાજર રહેલા પક્ષકારોને સાંભળીને આ અરજીનો કાયદેસર નિકાલ કરવામાં આવશે જેની લાગતા વળગતાઓએ નોંધ લેવી.

આજ તારીખ ૩૦/૦૭/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

તૈયાર કરનાર (વી.એન. પ્રિયદર્શી) આસીસ્ટન્ટ — કોર્ટનો સીકકો — મુકાબલ કરનાર (એમ.યુ. પ્રજાપતિ) બેન્ચ ક્લાર્ક — (સુનિતા કે. ભગતાની) એડીશનલ રજીસ્ટ્રાર સિટી સિવિલ કોર્ટ, ભદ્ર, લાલ દરવાજા,અમદાવાદ

## -:: જાહેર નોટીસ ::-

જન્મ-મરણ કેસ નં.૧૧૦/૨૦૨૬

શ્રી પ્રવિણભાઈ પોપટભાઈ પીપળીયા ..........અરજદાર

-:: વિરૂધ્ધ ::-

રજીસ્ટ્રારશ્રી, જન્મ-મરણ નોંધણી અધિકારી અને
તલાટી કમ મંત્રીશ્રી, દેરડી (કુંભાજી), તા.ગોંડલ, જી.રાજકોટ ..........સામાવાળા

**વિષય :– જન્મ–મરણ અધિનિયમ–૧૯૬૯ની કલમ–૧૩(૩) હેઠળની નોટીસ**

આ જાહેર નોટીસથી લાગતા વળગતાઓને જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારની પુત્રી-કાજલબેન પ્રવિણભાઈ પીપળીયાનો જન્મ તા.૦૫/૦૪/૧૯૯૦ ના રોજ દેરડી (કુંભાજી) મુકામે થયેલ છે. તેમના જન્મની નોંધ જે-તે વખતે સામાવાળાના જન્મ રજીસ્ટરે નોંધ થઈ શકેલ ન હોય, જેથી તેની નોંધ કરાવવા માટે અત્રેની કોર્ટમાં તે અંગે હુકમ મળવા અરજી કરેલ છે. સદરહું હુકમ થવા સામે જે કોઈને વાંધો-તકરાર હોય, તેઓએ અત્રેની કોર્ટ સમક્ષ જરૂરી આધાર-પુરાવા સાથે તા.૨૧/૦૮/૨૦૨૬ના રોજ ૧૨/૦૦ કલાકે, મામલતદાર કચેરી, "તાલુકા સેવા સદન", ૨૧-સ્ટેશન પ્લોટ, ગોંડલ (તાલુકા) ખાતે હાજર રહેવા મુદત મુકરર કરવામાં આવેલ છે. આ મુદતે અરજદાર/સામાવાળા જે કોઈ આધાર-પુરાવાઓ રજુ કરવા માંગતા હોય તો તે જાતે અથવા કાયદેસરના મુખત્યાર મારફત રજુ કરવા હાજર રહેશો. મુદતે હાજર રહેવામાં કસુર કરશો તો તમારે આ બાબતે કાંઈ કહેવાનું નથી. તેમ માની આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

આજ તા.૧૫/૦૭/૨૦૨૬ ના રોજ મારી સહિ તથા કોર્ટની મહોર સાથે નોટીસ બહાર પાડવામાં આવેલ.

કોર્ટનો સીકકો

એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
ગોંડલ (તાલુકા)

## -: અધિસૂચના :-

**ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬**
**ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો-૧૯૭૯**
**(નિયમ-૨૬(૧) અને ૨૬(૩))**

**મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૧(રાજકોટ)(ત્રીજો ફેરફાર)**

હું, નીચે સહી કરનાર નગર રચના અધિકારી અને પ્રવર નગર નિયોજક, રાજકોટ નગર રચના યોજના, રાજકોટ સદરહુ યોજના વિસ્તારનાં તમામ જમીન માલિકો અને હિત સંબંધ ધરાવતી તમામ વ્યકિતઓને આથી જણાવું છું કે, ગુજરાત સરકારશ્રીના તા.૧૪/૦૭/૨૦૨૬ ના અસાધારણ રાજપત્ર ભાગ-૪(બી) ના પાના નં. ૨૦૦-૧ ઉપર પ્રસિધ્ધ થયેલ, સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગની તા.૧૪/૦૭/૨૦૨૬ની અધિસુચના ક્રમાંક: જીએચ/વી/૨૦૨૬ નો ૧૪૩/યુડીયુએચડી/ટીપીએસ/ઈ-ફાઈલ/૧૮/૨૦૨૬/૩૪૯૬/એલ થી સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તા.૧૪/૦૭/૨૦૨૬ ના જાહેરનામા ક્રમાંક: જીએચ/વી/૧૪૨ ઓફ ૨૦૨૬/યુડીયુએચડી/ટીપીએસ/ઈ-ફાઈલ/૧૮/૨૦૨૬/૩૪૯૬/એલ થી મંજુર થયેલ મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૧(રાજકોટ)(ત્રીજો ફેરફાર)ને આખરી કરવા સારૂ ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ ની કલમ-૫૦(૧) હેઠળ પ્રવર નગર નિયોજક, રાજકોટ નગર રચના યોજના એકમ, રાજકોટની નગર રચના અધિકારી તરીકે હોદ્દાની રૂએ નિમણુંક થયેલ છે.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો, ૧૯૭૯ ના નિયમ-૨૬ ના પેટા નિયમ (૧) થી ઠરાવ્યા મુજબ હું આથી નોટીસ આપું છું કે, મેં **તા.૦૪/૦૮/૨૦૨૬ને મંગળવારના** રોજ નગર રચના અધિકારી તરીકેની કાયદાકીય ફરજો સંભાળી લીધેલ છે.

**મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૧(રાજકોટ)(ત્રીજો ફેરફાર)ની ચર્તુ:સીમા નીચે મુજબ છે.**

ઉત્તરે : રાજકોટ મહાનગરપાલિકાની આખરી નગર રચના યોજના નં.૧(રાજકોટ)નો ૧૨.૦૦ મીટરનો ટી.પી. રોડ આવેલો છે.

દક્ષિણે : રાજકોટ મહાનગરપાલિકાની આખરી નગર રચના યોજના નં.૧(રાજકોટ)નો અંતિમખંડ નં.૩૭૪ આવેલો છે.

પુર્વે : રાજકોટ મહાનગરપાલિકાની આખરી નગર રચના યોજના નં.૧(રાજકોટ)ના અંતિમખંડ નં.૪૨૨ અને ૪૨૫ આવેલા છે.

પશ્ચિમે : રાજકોટ મહાનગરપાલિકાની આખરી નગર રચના યોજના નં.૧(રાજકોટ)નો ૧૮.૦૦ મીટરનો ટી.પી. રોડ આવેલો છે.

ઉપરોક્ત નગર રચના યોજનાની ચર્તુ:સીમામાં રાજકોટ મહાનગરપાલિકાની આખરી નગર રચના યોજના નં.૧(રાજકોટ) ના અંતિમખંડ નં.૪૨૩ અને ૪૨૪ની જમીનનો સમાવેશ થાય છે.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ કરેલા નિયમોના નિયમ-૨૬(૩) થી ઠરાવ્યા પ્રમાણે હું આથી તમામ હિત ધરાવતી વ્યક્તિઓને અથવા ઉપરની નગર રચના યોજનામાં સમાવિષ્ટ કોઈપણ બાબતથી અસર પામેલી વ્યક્તિઓને જાણ કરું છું કે, તેઓને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ ની કલમ-૫૨ માં જણાવેલી બાબતોના સંબંધમાં ગુજરાત સરકારશ્રીના રાજપત્રમાં આ અધિસુચના પ્રસિધ્ધ થયાના ૨૦ (વીસ) દિવસની અંદર પોતાના વાંધા જરૂરી પુરાવા અને દસ્તાવેજો સાથે મારી સમક્ષ લેખિત જણાવવા. ઉકત મુસદ્દારૂપ નગર રચના યોજનાથી પ્રતિકુળ અસર થયેલ કોઈ વ્યકિત સદર અધિનિયમ-૧૯૭૬ની કલમ-૮૨ અનુસાર નુકશાની માટે હક્કદાર છે અને આવી વ્યકિતઓએ તેના દાવાની વિગતો આ અધિસુચના ગુજરાત સરકારશ્રીનાં રાજપત્રમાં પ્રસિધ્ધ થયાની ત્રણ મહિનાની અંદર જરૂરી દસ્તાવેજો અને પુરાવા સાથે જણાવવી.

સરકારશ્રીએ મંજુર કરેલ મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૧(રાજકોટ) (ત્રીજો ફેરફાર) ના મુસદ્દાની નકલ જરૂરી તમામ દસ્તાવેજો, પત્રકો, નકશાઓ, નમુનાઓ જોવા માટે રજાના દિવસો સિવાય તમામ દિવસોએ કચેરીના સમય દરમ્યાન નગર રચના અધિકારીની કચેરીમાં ખુલ્લી રાખવામાં આવશે. અને જમીનોમાં હિત ધરાવતી તમામ વ્યક્તિઓને અને નગર રચના યોજનાની દરખાસ્તોથી અસર પામેલ કોઈપણ વ્યક્તિને નીચે જણાવેલ કચેરીના સરનામે યોજનાની દરખાસ્તો સમજાવવા માટેની વ્યવસ્થા કરવામાં આવી છે.

તા.૦૪/૦૮/૨૦૨૬
રાજકોટ.

(આર.ડી.પરમાર)
નગર રચના અધિકારી
પ્રવર નગર નિયોજક
રાજકોટ નગર રચના યોજના
રાજકોટ

**કચેરીનું સરનામું :-**
પ્રવર નગર નિયોજકની કચેરી,
રાજકોટ નગર રચના યોજના, રાજકોટ
"રૂડા" બિલ્ડીંગ, છઠ્ઠો માળ, શ્રી ચીમનભાઈ પટેલ વિકાસ ભવન,
જામનગર રોડ, રાજકોટ -૩૬૦૦૦૧

માહિતી -રાજ-૬૩૫ -૨૬-૨૭

## -:: જાહેર નોટીસ ::-

જન્મ-મરણ નોંધણી કેસ નંબર. ૧૬૪/૨૦૨૬ — તા. ૨૦/૦૭/૨૦૨૬

અરજદાર :- ધીરૂભાઈ હેમુભાઈ વાણંદ (મુંજપરા)
રહે. ગુજરવદી તા. ધ્રાંગધ્રા જિ. સુરેન્દ્રનગર

-:: વિરૂધ્ધ ::-

સામાવાળા :- જન્મ-મરણ નોંધણી અધિકારી અને
તલાટી-કમ-મંત્રીશ્રી ગુજરવદી મું. ગુજરવદી તા. ધ્રાંગધ્રા

**વિષય : જન્મ– મરણ નોંધણી અધિનિયમ ૧૯૬૯ ની કલમ ૧૩(૩) અન્વયે જન્મ – મરણ નોંધણી કરવા અન્વયે વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ કરવા બાબત.**

આથી લાગતા વળગતા તમામ ઈસમોને આ જાહેર નોટીસ પ્રસિધ્ધ કરી જાણ કરવામાં આવે છે કે અત્રેની કોર્ટમાં ઉપરોક્ત અરજદાર શ્રી ધીરુભાઈ હેમુભાઈ વાણંદ(મુંજપરા) એ તા.૩૦/૦૬/૨૦૨૬ અરજીથી તેમના પોતાના પિતા નામે હેમુભાઈ તળશીભાઈ વાણંદ (મુંજપરા)નુ મરણ તા.૦૧/૦૧/૨૦૧૧ ના રોજ મું. ગુજરવદી તા.ધ્રાંગધ્રા જી.સુરેન્દ્રનગર મુકામે થયેલ હોઈ જે બાબતની મરણની નોંધણી જે તે સમયે 'નોંધવાની રહી ગયેલ હોઈ નોંધણી કરાવવા માટે અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે જે બાબતે જે કોઈ ઈસમોને વાંધો, હરકત કે હેલો હોઈ તેઓએ આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન - ૩૦ માં અત્રેની કોર્ટમાં હાજર થઈ વાંધાઓ રજૂ કરવા. જો તેમ કરવામાં નહી આવે તો સદર અરજી બાબતે આગળની યોગ્ય તે કાયદેસરની કાર્યવાહી અનુસરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૨૦/૦૭/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપી.

કોર્ટનો સીકકો

(બી.એસ.પટેલ)
એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
ધ્રાંગધ્રા તાલુકો

## -:: જાહેર નોટીસ ::-

જન્મ-મરણ નોંધણી કેસ નંબર. ૧૫૩/૨૦૨૬ — તા. ૧૮/૦૭/૨૦૨૬

અરજદાર :- મગનભાઈ નટવરભાઈ પરમાર
રહે. રાજસીતાપુર તા. ધ્રાંગધ્રા, જિ. સુરેન્દ્રનગર

-:: વિરૂધ્ધ ::-

સામાવાળા :- જન્મ-મરણ નોંધણી અધિકારી અને
તલાટી-કમ-મંત્રીશ્રી રાજસીતાપુર મુ. રાજસીતાપુર તા. ધ્રાંગધ્રા

**વિષય:: જન્મ– મરણ નોંધણી અધિનિયમ ૧૯૬૯ ની કલમ ૧૩ (૩) અન્વયે જન્મ –મરણ નોંધણી કરવા અન્વયે વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ કરવા બાબત.**

આથી લાગતા વળગતા તમામ ઈસમોને આ જાહેર નોટીસ પ્રસિધ્ધ કરી જાણ કરવામાં આવે છે કે અત્રેની કોર્ટમાં ઉપરોક્ત અરજદાર શ્રી મગનભાઈ નટવરભાઈ પરમાર એ તા.૧૦/૦૬/૨૦૨૬ અરજીથી તેમના પોતાના બહેન નામે પરમાર જશુબેન નટવરલાલ નો જન્મ તા.૦૫/૦૩/૧૯૬૬ ના રોજ મું. રાજસીતાપુર તા.ધ્રાંગધ્રા જી.સુરેન્દ્રનગર મુકામે થયેલ હોઈ જે બાબતની જન્મની નોંધણી જે તે સમયે નોંધવાની રહી ગયેલ હોઈ નોંધણી કરાવવા માટે અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે જે બાબતે જે કોઈ ઈસમોને વાંધો, હરકત કે હેલો હોઈ તેઓએ આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન - ૩૦ માં અત્રેની કોર્ટમાં હાજર થઈ વાંધાઓ રજૂ કરવા. જો તેમ કરવામાં નહી આવે તો સદર અરજી બાબતે આગળની યોગ્ય તે કાયદેસરની કાર્યવાહી અનુસરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા. ૧૮/૦૭/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપી.

કોર્ટનો સીકકો

(બી.એસ.પટેલ)
એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
ધ્રાંગધ્રા તાલુકો

## -:: જાહેર નોટીસ ::-

જન્મ-મરણ નોંધણી કેસ નંબર. ૧૬૫/૨૦૨૬ — તા. ૨૦/૦૭/૨૦૨૬

અરજદાર :- ધીરૂભાઈ હેમુભાઈ વાણંદ (મુંજપરા)
રહે. ગુજરવદી તા. ધ્રાંગધ્રા જિ. સુરેન્દ્રનગર

-:: વિરૂધ્ધ ::-

સામાવાળા :- જન્મ-મરણ નોંધણી અધિકારી અને
તલાટી-કમ-મંત્રીશ્રી ગુજરવદી મું. ગુજરવદી તા. ધ્રાંગધ્રા

**વિષય:: જન્મ– મરણ નોંધણી અધિનિયમ ૧૯૬૯ ની કલમ ૧૩(૩) અન્વયે જન્મ – મરણ નોંધણી કરવા અન્વયે વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ કરવા બાબત.**

આથી લાગતા વળગતા તમામ ઈસમોને આ જાહેર નોટીસ પ્રસિધ્ધ કરી જાણ કરવામાં આવે છે કે અત્રેની કોર્ટમાં ઉપરોક્ત અરજદાર શ્રી ધીરુભાઈ હેમુભાઈ વાણંદ(મુંજપરા) એ તા.૩૦/૦૬/૨૦૨૬ અરજીથી તેમના પોતાના માતા નામે સવિતાબેન કેસુભાઈ વાણંદ (મુંજપરા)નુ મરણ તા.૦૧/૦૧/૨૦૨૧ ના રોજ મું. ગુજરવદી તા.ધ્રાંગધ્રા જી.સુરેન્દ્રનગર મુકામે થયેલ હગોય જે બાબતની મરણની નોંધણી જે તે સમયે નોંધવાની રહી ગયેલ હોય નોંધણી કરાવવા માટે અત્રેની કોટમાં અજી દાખલ કરેલ છે જે બાબતે જે કોઈ ઈસમોને વાંધો, હરકત કે હેલો હોય તેઓએ આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન - ૩૦ માં અત્રેની કોર્ટમાં હાજર થઈ વાંધાઓ રજૂ કરવા. જો તેમ કરવામાં નહી આવે તો સદર અરજી બાબતે આગળની યોગ્ય તે કાયદેસરની કાર્યવાહી અનુસરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૨૦/૦૭/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપી.

કોર્ટનો સીકકો

(બી.એસ.પટેલ)
એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
ધ્રાંગધ્રા તાલુકો

## -:: જાહેર નોટીસ ::-

જન્મ-મરણ નોંધણી કેસ નંબર. ૧૬૩/૨૦૨૬ — તા. ૨૦/૦૭/૨૦૨૬

અરજદાર :- ભરતભાઈ દેવજીભાઈ પંચાસરા (કુંભાર)
રહે. ગુજરવદી તા. ધ્રાંગધ્રા જિ. સુરેન્દ્રનગર

-:: વિરૂધ્ધ ::-

સામાવાળા :- જન્મ-મરણ નોંધણી અધિકારી અને
તલાટી-કમ-મંત્રીશ્રી ગુજરવદી મું. ગુજરવદી તા. ધ્રાંગધ્રા

**વિષય : જન્મ– મરણ નોંધણી અધિનિયમ ૧૯૬૯ ની કલમ ૧૩(૩) અન્વયે જન્મ – મરણ નોંધણી કરવા અન્વયે વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ કરવા બાબત.**

આથી લાગતા વળગતા તમામ ઈસમોને આ જાહેર નોટીસ પ્રસિધ્ધ કરી જાણ કરવામાં આવે છે કે અત્રેની કોર્ટમાં ઉપરોકત અરજદાર શ્રી ભરતભાઈ દેવજીભાઈ પંચાસર (કુંભાર) એ તા. ૧૯/૦૬/૨૦૨૬ અરજીથી તેમના પોતાના પિતા નામે દેવજીભાઈ ત્રીકમભાઈ પંચાસરા (કુંભાર)નુ મરણ તા.૦૧/૦૨/૨૦૧૨ ના રોજ મું. ગુજરવદી તા.ધ્રાંગધ્રા જી.સુરન્દ્રનગર મુકામે થયેલ હોઈ જે બાબતની મરણની નોંધણી જે તે સમયે નોંધવાની રહી ગયેલ હોઈ નોંધણી કરાવવા માટે અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે જે બાબતે જે કોઈ ઈસમોને વાંધો, હરકત કે હેલો હોઈ તેઓએ આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન - ૩૦ માં અત્રેની કોર્ટમાં હાજર થઈ વાંધાઓ રજૂ કરવા. જો તેમ કરવામાં નહી આવે તો સદર અરજી બાબતે આગળની યોગ્ય તે કાયદેસરની કાર્યવાહી અનુસરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૨૦/૦૭/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપી.

કોર્ટનો સીકકો

(બી.એસ.પટેલ)
એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
ધ્રાંગધ્રા તાલુકો

તંત્રી લેખ

# પેટાચૂંટણીના પરિણામ ભાજપ માટે ચિંતા અને ચિંતન સમાન

ભારતનું લોકતંત્ર આઝાદીનું અમૃત મહોત્સવ ઉજવી રહ્યું છે હવે લોકશાહી પરિપકવ બની ચૂકી છે ત્યારે ચૂંટણીના દરેક પરિણામો માં છેવટ ના મતદારો જ રાજાની ભૂમિકામાં આવતા થયા છે હવે મતદારોને રીઝવવા માટેના અને પ્રલોભન આપવાના કોઈ પેતરા અસરકારક થતા નથી ચૂંટણીમાં અને ખાસ કરીને લોકશાહીમાં આવવું હોય તો ફાવવું હોય તો મતદારોના મનમાં સ્થાન મેળવવું પડે બિહારના બાકી પુર માં પ્રશાંત કિશોરનો વિજયએ રાજકારણનેએક નવી દિશા નો નિર્દેશ આપ્યો છે.

બિહારની બાંકીપુર વિધાનસભા બેઠકની પેટાચૂંટણીમાં જન સુરાજ પાર્ટીના સંસ્થાપક અને જાણીતા ચૂંટણી રણનીતિકારમાંથી રાજકારણી બનેલા પ્રશાંત કિશોર પીકેની ઐતિહાસિક જીત ભારતીય રાજકારણમાં એક મોટો વળાંક સાબિત થઈ રહી છે. છેલ્લા ત્રણ દાયકાથી ભાજપના સુરક્ષિત ગઢ ગણાતી બાંકીપુર બેઠક પર પ્રશાંત કિશોરનો આ વિજય માત્ર એક ચૂંટણી જીત નથી, પરંતુ તે રાષ્ટ્રીય અને રાજ્ય સ્તરે અનેક મોટા રાજકીય સંકેતો આપે છે.

પ્રથમ, આ વિજયથી પ્રશાંત કિશોરની રાજકીય સફરને નવું જીવન મળ્યું છે. થોડા સમય પહેલાં વિધાનસભા ચૂંટણીમાં તેમની પાર્ટીને ધારી સફળતા મળી ન હતી, પરંતુ બાંકીપુરમાં ભાજપના ગઢને તોડીને તેમણે પોતાના રાજકીય અસ્તિત્વ અને પ્રાસંગિકતાને મજબૂત સાબિત કરી દીધી છે. આ જીત દર્શાવે છે કે જનતા હવે પરંપરાગત પક્ષોથી હટકીને વિકાસ અને શિક્ષિત નેતૃત્વ તરફ આકર્ષાઈ રહી છે.

બીજું, આ પરિણામ ભાજપ માટે એક ચેતવણી સમાન છે. ભાજપના પરંપરાગત શહેરી અને યુવા મતદારોમાં પ્રવર્તતા અસંતોષને કિશોરે કુશળતાપૂર્વક પોતાના તરફ વાળ્યો. યુવાનોમાં બેરોજગારી, શિક્ષણ, પેપરલીક જેવા મુદ્દાઓ અને શાસન વ્યવસ્થા સામેનો રોષ આ ચૂંટણીમાં સ્પષ્ટ દેખાયો.

ત્રીજું, બિહારના વિપક્ષી દળો (ખાસ કરીને આરજેડી) માટે પણ આ આત્મમંથનનો સમય છે. જો વિપક્ષ જનતાના મુશ્કેલ પ્રશ્નો ઉઠાવવામાં નિષ્ફળ જાય, તો ત્રીજા મોરચા અથવા નવા વિકલ્પ તરીકે પ્રશાંત કિશોર જેવું નેતૃત્વ તે ખાલી જગ્યા ભરી શકે છે.

અંતે, રાષ્ટ્રીય રાજકારણની દ્રષ્ટિએ આ જીત દર્શાવે છે કે ભારતીય મતદાર હવે માત્ર પક્ષના નામે નહીં, પરંતુ જમીની મુદ્દાઓ અને કામના આધારે પોતાના મન બનાવી શકે છે. પ્રશાંત કિશોરનો આ વિજય આગામી દિવસોમાં બિહાર સહિત દેશના અન્ય રાજ્યોના રાજકીય સમીકરણોને પ્રભાવિત કરવાની ક્ષમતા ધરાવે છે.

# લોધિકા : ખાનગી વીજ કંપની સામે ખેડુતોમાં રોષ કૃષિ હિતરક્ષક સમિતિએ ટીડીઓને આવેદન પાઠવ્યું

## પીપરડી ગામે ૨૫૦ હેકટર ગૌચર જમીન સદભાવના ટ્રસ્ટને આપતા ખેડુતો નારાજ



**અબતક, બી.એમ. ગોસાઈ, લોધીકા**

પીપરડી ગૌચર ની જગ્યા ૨૫૦ હેક્ટર જે સદભાવના ટ્રસ્ટને સોંપી દેવામાં આવતા પીપરડી તથા આસપાસના માલધારી ખેડૂતો તથા ગ્રામજનો દ્વારા લોધીકા તાલુકા વિકાસ અધિકારી મામલતદાર તથા કલેકટર આ ગૌચર ગાય માટે રહે તેના માટે આવેદનપત્ર આપવા આવેલ તથા લોધિકા તાલુકાના દોમડા ગામની આસપાસ ના ગામોને વીજપોલ નોટિસ આવતા તેની પણ રજૂઆત કરવામાં આવેલ આ આવેદનપત્ર આપવા માટે લોધીકા તાલુકા કોંગ્રેસ સમિતિ પ્રમુખ કૌશિકભાઈ પાંભર રાજકોટ જીલ્લા મહિલા પ્રમુખ મનિષાબા વાળા તાલુકા કોંગ્રેસ સમિતિ ઉપપ્રમુખ વિજયસિંહ જાડેજા ડી.કે. સાગઠીયા રાજભા જાડેજા મુન્નાભાઈ વિરડા ગોવિંદભાઈ પરમાર હિતેશભાઈ ખુટ લોધીકા ના કિશાન ભાઈઓ કોંગ્રેસ ના આગેવાનો કાર્યકરો ઉપસ્થિત રહેલ લોધીકા મામલતદાર તેમજ તાલુકા વિકાસ અધિકારી ને આવેદનપત્ર આપવામાં આવેલ ગૌચર જમીન સદભાવના ટ્રસ્ટ ને ન આપવી તેમજ ગાયો માટે અનામત રાખવામાં આવે તેમજ ખેડુતોના ખેતરમાં નકળતી હેવી હેવી વિજલાઈન ખેડૂતો ની મંજુરી બાદ જ નાખવામાં આવે તેમજ તેમને માસિક ભાડું અથવા યોગ્ય વળતર મળે તેવી જોગવાઈ કરવામાં આવેલ

# ગોંડલ: ભાદર ડેમમાં 'સૌની યોજના' નું નર્મદાનું પાણી ઠાલવવા મુખ્યમંત્રીને રજૂઆત

## ૧૦૦થી વધુ ગામોનાં ખેડુતો અને પીવાના પાણી માટે જિલ્લા સદસ્યની માંગણી

**અબતક,જીતેન્દ્ર આચાર્ય,ગોંડલ**

સૌરાષ્ટ્રની જીવાદોરી સમાન ભાદર-૧ ડેમમાં ચાલુ વર્ષે વરસાદનું પ્રમાણ ઓછું રહેતા, ખેડૂતોના પાક અને પીવાના પાણીની સમસ્યા દૂર કરવા માટે 'સૌની યોજના' મારફતે નર્મદાનું પાણી છોડવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને રજૂઆત કરવામાં આવી છે. રાજકોટ જિલ્લા પંચાયતના સદસ્ય અને પૂર્વ દંડક વિરલભાઈ પનારા દ્વારા આ અંગે મુખ્યમંત્રીને લેખિત પત્ર પાઠવવામાં આવ્યો છે.

રજૂઆતમાં જણાવ્યા અનુસાર, ગોંડલ તાલુકાના નિલાખા ગામે આવેલો ભાદર-૧ ડેમ રાજકોટ શહેર ઉપરાંત ગોંડલ જૂથ યોજના માટે પીવાના પાણીનો મુખ્ય સ્રોત છે. આ ઉપરાંત ડેમની ૮૦ કિલોમીટર લાંબી કેનાલ મારફતે ગોંડલ, જેતપુર, ધોરાજી, જામકંડોરણા, ઉપલેટા અને જૂનાગઢ વિસ્તારના ૧૦૦થી વધુ ગામોના ખેડૂતોને સિંચાઈ માટે પાણી પૂરું પાડવામાં આવે છે. આ વર્ષે સંબંધિત તાલુકાઓમાં વરસાદ ઓછો પડ્યો હોવાથી ડેમ હજુ ખાલી સ્થિતિમાં છે.

ગત વર્ષે પણ સૌની યોજના મારફતે ૧૨૫૦ MCFT પાણી ઠાલવવામાં આવ્યું હતું.

# ગીર સોમનાથ જિલ્લા પંચાયત દ્વારા 'મહિલા નેતૃત્વ દિવસ'ની ઉજવણી

## જિલ્લા સેવા સદન કેમ્પસ ખાતે વૃક્ષારોપણ કરાયું



**અબતક, અતુલ કોટેચા, વેરાવળ**

રાજ્ય સરકારના'નારી વંદન ઉત્સવ-૨૦૨૬' અંતર્ગત ગીર સોમનાથ જિલ્લામાં તા. ૦૧ થી ૦૮ ઓગસ્ટ દરમિયાન વિવિધ થીમ આધારિત કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

જેના ભાગરૂપે જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી તથા જિલ્લા વહીવટી તંત્રના સંયુક્ત ઉપક્રમે જિલ્લા પંચાયત ઈણાજ ખાતેમહિલા નેતૃત્વ દિવસની ઉજવણી જિલ્લા પંચાયતના ઉપપ્રમુખશ્રી શારદાબેન બાંભણીયાના અધ્યક્ષસ્થાને કરવામાં આવી હતી.

જિલ્લા પંચાયતના ઉપપ્રમુખશ્રી શારદાબેન બાંભણીયાએ જણાવ્યું હતું કે, સમાજના વિકાસ માટે મજબૂત સ્તંભ એટલે નારીશક્તિ. આજની મહિલા શિક્ષણ, વિજ્ઞાન, વહીવટ, રમતગમત અને અવકાશ સહિત દરેક ક્ષેત્રમાં પોતાની પ્રતિભાનો પરિચય આપી રહી છે. સમાજમાં પ્રેરણાદાયી કાર્ય કરનાર મહિલાઓનું સન્માન કરવું એ સમગ્ર સમાજ માટે ગૌરવની બાબત છે.

આ સમગ્ર કાર્યક્રમમાં આંગણવાડી કાર્યકર્તા બહેનો, બાલિકા પંચાયતના સભ્યો, જિલ્લા મહિલા અને બાળ અધિકારીશ્રીની કચેરીનો સ્ટાફ, ડી.એચ.ઈ.ડબલ્યુ.ના ડિસ્ટ્રિક્ટ મિશન કોઓર્ડિનેટર તથા સ્ટાફ, પૂર્ણા યોજનાના કન્સલ્ટન્ટ સહિત મોટી સંખ્યામાં મહિલાઓ ઉપસ્થિત રહી હતી.

# સુરેન્દ્રનગરના વઢવાણ વિસ્તારમાં કોંગ્રેસ દ્વારા પ્રાથમિક સુવિધાઓ અંગે સ્થળ નિરિક્ષણ કરાયું

## સોસાયટીઓ અને મુખ્ય માર્ગો પર જઈને સ્થાનિકોની સમસ્યાથી વાકેફ થયા



**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર મહાનગરપાલિકાના વઢવાણ વિસ્તારમાં આવેલ વોર્ડ નંબર-૧૩માં પ્રાથમિક સુવિધાઓના અભાવને લઈને શહેર કોંગ્રેસ દ્વારા મંગળવારે રાત્રે રિયાલિટી ચેક કરવામાં આવી હતી. કોંગ્રેસના આગેવાનો દ્વારા વોર્ડ નંબર-૧૩ વિસ્તારની વિવિધ સોસાયટીઓ, મુખ્ય માર્ગો તેમજ વઢવાણ-લીંબડી રોડની મુલાકાત લઈ સ્થાનિકોની સમસ્યાઓનો તાગ મેળવ્યો હતો.

જ્યારે કોંગ્રેસના આગેવાનોના જણાવ્યા મુજબ વોર્ડ નંબર ૧૩માં અનેક સ્થળોએ રસ્તાઓ પર મોટા ખાડા પડી ગયા છે તેમજ ખુલ્લાં ગટરના ઢાંકણાં જોખમરૂપ બન્યાં છે અને વરસાદી પાણીના યોગ્ય નિકાલના અભાવે સ્થાનિક રહીશોને પણ ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. સતત વરસાદને કારણે રસ્તાઓ ધોવાઈ જતાં અને ઉબડ-ખાબડ બની જતાં અકસ્માતનો ભય પણ વધી ગયો છે. તેમજ સ્થાનિક ભાજપના હોદ્દેદારો પર પ્રાથમિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાને બદલે માત્ર ફોટો સેશન કરીને વિકાસના ખોટા દાવા કરવામાં આવતા હોવાનો પણ આક્ષેપ કર્યો હતો. બિસ્માર રસ્તાઓનું તાત્કાલિક સમારકામ કરવામાં આવે તેમજ વરસાદી પાણીના નિકાલ માટે યોગ્ય વ્યવસ્થા કરવાની કોંગ્રેસના આગેવાનોએ માંગ કરી હતી.

# રાજકોટ જીલ્લા ભાજપના મીડિયા સહ ઈનચાર્જ કુલદીપસિંહ જાડેજાનો જન્મદિવસ



રાજકોટ જીલ્લા ભાજપ પ્રેસ મીડિયાના સહ ઈનચાર્જ અને ગોંડલનાપૂર્વ યુવા ભાજપ ઉપ પ્રમુખ કુલદીપસિંહ જનકસિંહ જાડેજા (કાલમેઘડા)નો આજે જન્મદિવસ છે. અનેક સામાજિક સેવાસઁસ્થા ઓ સાથે જોડાયેલ કુલદીપસિંહ જાડેજા દ્વારા તાલુકામાં વિવિધ ક્ષેત્રો માં લોક ઉપયોગી સેવા ઓ માં તેમણે ૧૦,૦૦૦ થી વધુ આયુષ્યમાન કાર્ડ કાઢી આપવાની અનોખી સેવાકીય કામગીરી કરેલ છે. આ ઉપરાંત મેડિકલ કેમ્પ, વૃક્ષારોપણ સહિત અનેક સેવાકીય કાર્યો કરવામાં અહર્નિશ તતપર એવા ના જન્મદિવસ નિમિતે . તેમના મો.નં. ૮૫૧૧૮૬૦૬૫૮ પર રાજકોટ જિલ્લા તેમજ વિવિધ ક્ષેત્રો માંથી શુભેચ્છાઓનો વરસાદ વરસી રહ્યો છે.

## આઠ વર્ષથી ગ્રંથાલયને તાળાં !!

# માણાવદર નગરપાલિકાના ગોડાઉનમાં હજારો જ્ઞાનવર્ધક પુસ્તકો સડી રહ્યાં છે.!




**અબતક, જીજ્ઞેશ પટેલ, માણાવદર**

વ્યકિતનાં જ્ઞાનમાં પુસ્તકો વધારો કરે છે. અખબારો તથા પુસ્તકોનું વાચન વિચારોને વેગ આપે છે અને બૌદ્ધિક સ્તર ઊંચે લાવે છે. આવાં કારણોસર સરકાર ગામોગામ ગ્રંથાલય શરૂ કરી કરોડો રૂપિયા ખર્ચી ગ્રંથાલયોને પુસ્તકો મોકલે છે.

ઘણા વાચકો પણ વર્ષો સુધી વંચાઈ ગયાં પછી પોતાનાં પુસ્તકો ગ્રંથાલયને દાન કરતાં હોય છે. પુસ્તકનું દાન તો સૌથી ઊંચું દાન ગણાય છે.

પરંતુ ભાજપ શાસિત માણાવદર નગરપાલિકા હસ્તકની નવાબી કાળની લાઈબ્રેરી હતી તેને આઠ આઠ વર્ષથી તાળાં મારી દેવાયાં છે અને ગ્રંથાલયના હજારો પુસ્તકો ગોડાઉનમાં ઢગલો કરી વિદ્યાદેવીનું પણ અપમાન કર્યું છે. ગોડાઉનમાં આ મૂલ્યવાન પુસ્તકો સડી રહ્યાં છે.

નવાબી કાળમાં પાંચ હજાર પુસ્તકો કવિ-લેખક વિનોદ જોશી જ્યારે ચીફ ઓફિસર હતા ત્યારે તેમણે ૨૦ હજાર રૂપિયાના પુસ્તકો વસાવ્યાં હતાં. સાહિત્ય અકાદમી ગાંધીનગર તરફથી આઠેક વર્ષ પહેલાં બે કોથળા ભરીને નવાં પુસ્તકો મોકલ્યા હતા.

એ બધાં પુસ્તકો પાલિકાએ ઊધઈને ભેટ દઈ દીધા છે. તમામ અદ્ભુત પુસ્તકો કે જે ચારસો-પાંચસો વર્ષ પૂર્વે લખાયાં હતાં. તેમાં કેટલાંક હસ્તપ્રતો પણ હતી. અરબી, ઉર્દૂ, હિન્દી, અંગ્રેજી, મરાઠી, ગુજરાતી તેમજ સંસ્કૃતનાં પુસ્તકોની સંખ્યા મોટી હતી.

ગોદામમાં સડી રહેલાં આ જ્ઞાનવર્ધક પુસ્તકોનો લાભ જનતાને મળે તે માટે અહીંના સાહિત્યકાર-સંશોધક ચંદ્રકાન્તભાઈ પટેલે નગરપાલિકાના હેડ સુપ્રિ. પરેશભાઈ જોશી સમક્ષ રજૂઆત કરી સડતાં પુસ્તકોને બચાવી તે પુસ્તકો માણાવદર તાલુકા સરકારી ગ્રંથાલયને સોંપી દેવા અનુરોધ કર્યો છે.

ઓફિસ સુપ્રિન્ટેન્ડન્ટ પરેશ જોશી પણ સાહિત્યરસિક વ્યક્તિ છે. તેમણે યોગ્ય કરવાની ખાતરી આપી છે.

# વિસાવદરની ગાઠાણી હોસ્પિટલ દ્વારા નેત્રયજ્ઞનો જરૂરીયાતમંદે લીધો લાભ



**અબતક, ગીજુભાઈ વિકમા, વિસાવદર**

તાજેતરમાં ગાઠાણી હોસ્પિટલ વિસાવદર ખાતે આગમ દીવાકર જનકમુનિ મહારાજ સાહેબ ની ૯૪ મી જન્મ જયંતિ પ્રસંગે તેમજ શાસ્ત્ર વિશારદ પૂ. મનોહરમુનિ મહારાજ સાહેબના અંતરીક્ષ આશીર્વાદ સહ દાતા પ્રવિણાબેન ન્યાલચંદ ગોપાણી હસ્તે રાકેશભાઈ ગોપાણી ના સહયોગથી ગાઠાણી હોસ્પિટલ વિસાવદર દ્વારા વિના મૂલ્ય નેત્રયજ્ઞ સંપન્ન થયેલ. કેમ્પ દરમ્યાન ગાઠાણી હોસ્પિટલના આંખ વિભાગના નિષ્ણાંત ડો.બ્રિજેશકુમાર પટેલ દ્વારા જરૂરિયાત મંદ દર્દીનો નિદાન કરી આપવામાં આવેલ. તેમજ આંખ ના મોતિયા ના ઓપરેશન લાયક દર્દીઓને ડો. વિપુલ માકડીયા દ્વારા સ્થળ પરજ ઓપરેશન કરી આપવામાં આવેલ. જરૂરિયાત મંદ દર્દીઓને વિના મૂલ્ય દવા વિતરણ કરવામાં આવેલ. કેમ્પ માં સુધીરભાઈ ચૌહાણ દ્વારા હોસ્પિટલની માહિતી આપવામાં આવેલ તેમજ કેમ્પ ની સઘળી વ્યવસ્થાનું સુચારુ સંચાલન અતુલકુમાર શાહ દ્વારા કરવામાં આવેલ તેમ વર્ધમાન સેવા સંઘ ના પ્રમુખ ચંદ્રકાંતભાઈ દફતરીએ જણાવ્યું છે.

# ઉપલેટાના સેવાભાવી હિંગોરા પરિવારના લાડકવાયા રૂસ્તમ અને રૂસ્લામનો જન્મદિવસ



ઉપલેટાના સેવાભાવી નગરસેવક તરીકે જેમનું પ્રથમ નામ લેવાય છે. તેવા રજાકભાઈ (બાવલાભાઈ) અને મેમુદાબેન હિંગોરા પરિવારના પ્યારા દુલારા રૂસ્તમ અને રૂસ્લામનો આજે જન્મદિવસ છે. બંને લાડકવાયા પુત્રોના જન્મદિવસે પપ્પા રીઝવાનભાઈ, મમ્મી સાહીનબેન, મોટા પપ્પા રીયાઝભાઈ (પૂર્વ નગરસેવક), ભાભુ રેશ્માબેન (નગરસેવક), નાના હુસેનભાઈ, નાની ફરીદાબેન, મામા મમદભાઈ, માસી ખુશ્બુબેન, સુજાનબેન, આમેનાબેન, ભાઈ રહેમાન, બેન રોજમીએ આજે બંને લાડલા ભાઈઓના જન્મદિવસે અલ્લાહને બંને ભાઈઓ, લાંબુ, નિરોગી આયુષ્ય ભોગવે તેવી બંદગી કરી છે. દાદા-દાદી આજે સાંજે બચ્ચા પાર્ટીનું આયોજન કરી જન્મદિવસની ઉજવણી કરશે.

## આર્થિક સશક્તિકરણનો નવો અધ્યાય

# કચ્છ : સખી મંડળોમાં ૫૩૫ મહિલા જૂથોને રૂા. ૧૪.૦૫ કરોડની કેશ ક્રેડિટ લોનની મંજુરી



**અબતક, નવીનગીરી ગૌસ્વામી, ભૂજ**

કચ્છ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં મહિલાઓને આર્થિક રીતે વધુ મજબૂત અને આત્મનિર્ભર બનાવવાના હેતુથી હાથ ધરાયેલી વિશેષ ''સખી મંડળ કેશ ક્રેડિટ જુંબેશ''ને નોંધપાત્ર સફળતા મળી છે. ડે-રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન હેઠળ આયોજિત આ અભિયાનમાં જિલ્લાના ૫૩૫ સખી મંડળોને કુલ રૂ. ૧૪.૦૫ કરોડની કેશ ક્રેડિટ લોન મંજૂર કરવામાં આવી છે. આ સહાયથી અનેક મહિલાઓને પોતાના વ્યવસાયને વિસ્તૃત કરવાની નવી તક પ્રાપ્ત થશે અને ગ્રામ્ય અર્થતંત્રને પણ ગતિ મળશે.જિલ્લા વિકાસ અધિકારી ઉત્સવ ગૌતમના માર્ગદર્શન હેઠળ જુલાઈ-૨૦૨૬ માસને વિશેષ કેશ ક્રેડિટ જુંબેશ તરીકે ઉજવવામાં આવ્યો હતો. સમગ્ર અભિયાન દરમિયાન તાલુકા સ્તરથી લઈને ફિલ્ડ લેવલ સુધીના અધિકારીઓ અને કર્મચારીઓએ સતત મહેનત કરીને નાણાકીય સહાયની જરૂરિયાત ધરાવતા સખી મંડળોની ઓળખ કરી, તેમની લોન અરજીઓ તૈયાર કરી અને બેંકો સાથે અસરકારક સંકલન સ્થાપિત કર્યું હતું.

# અમરેલી: પારેખ કોમર્સ કોલેજની વિદ્યાર્થિનીઓએ સ્નેહની ૬૦ રાખડીઓ સરહદે સૈનિકોને મોકલી

## રાખડીઓ સાથે શુભેચ્છા પત્રો લખી સૈનિકો પ્રત્યેની કૃતજ્ઞતા દાખવી



**અબતક, હર્ષ ઠાકર, અમરેલી**

રક્ષાબંધન પર્વને રાષ્ટ્રપ્રેમ અને સૈનિકો પ્રત્યેની કૃતજ્ઞતા સાથે ઉજવવાના હેતુથી શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ તથા અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત કે. કે. પારેખ કોમર્સ કોલેજમાં સરહદે સ્નેહની રાખડી કાર્યક્રમનું ભાવસભર આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમ અંતર્ગત કોલેજની વિદ્યાર્થીનીઓએ દેશની સરહદો પર માતૃભૂમિની સુરક્ષા માટે સતત તૈનાત રહેલા વીર જવાનોને સમર્પિત ૬૦ રાખડીઓ તૈયાર કરી હતી. રાખડીઓ સાથે વિદ્યાર્થીઓએ શુભેચ્છા, સ્નેહ અને આભારની લાગણી વ્યક્ત કરતા પત્રો પણ લખ્યા હતા, જે દિલ્હી સ્થિત આર્મી હેડક્વાર્ટર ખાતે મોકલવામાં આવ્યા. કાર્યક્રમનું આયોજન સીનિયર પ્રાધ્યાપક ડો. એમ. એમ. પટેલના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડો. એ. બી. ગોરવાડિયા, ડો. એ. જી. પટેલ તથા સમગ્ર ટીમે કાર્યક્રમને સફળ બનાવવા માટે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી.

આ પ્રસંગે અમરેલી જિલ્લા વિદ્યાસભાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી મનસુખભાઈ ધાનાણી, ચતુરભાઈ ખૂંટ, નિયામક ડો. અતુલભાઈ પટેલ તેમજ કોલેજના ઈન્ચાર્જ પ્રિન્સિપાલ ભારતીબેન ફીણવીયાએ વિદ્યાર્થીનીઓની દેશપ્રેમથી પ્રેરિત આ પહેલને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

# કણકોટમાં માતાને ત્રાસ આપતા પિતાની ૧૬ વર્ષીય સગીર પુત્રના હાથે હત્યા

## વતનથી રાજકોટ આવી પૈસાની માંગણી કરી ઝઘડા કરતા પિતાને દોરી વડે ગળેટુંપો દઈ મોતને ઘાટ ઉતારી દીધા

## તાલુકા પોલીસની ટીમે ઘટનાસ્થળે દોડી જઈ મૃતદેહને પી.એમ. અર્થે ખસેડી સગીરને કસ્ટડીમાં લીધો

**અબતક, રાજકોટ**

રાજકોટના કણકોટ ગામે સગીર પુત્રએ પિતાને ગળેટુંપો આપી મોતને ઘાટ ઉતારી દીધા હતા. વતનથી રાજકોટ ખાતે આવી પૈસાની માંગણી કરી પત્ની સાથે મારકૂટ કરતા પિતાને પુત્રએ કાપડનો ટુકડો અને દોરી વડે ગળાટુંપો દઈ હત્યાને અંજામ આપી દીધો હતો. જે મામલે તાલુકા પોલિસની ટીમે તાતકાલિક ૧૬ વર્ષીય સગીરને કસ્ટડીમાં લઈ કાયદેસરની કાર્યવાહી આદરી હતી.

બનાવ અંગે મૂળ મધ્યપ્રદેશના જાંબવાના વતની અને હાલ રાજકોટના કણકોટ ગામે એન્જીનીયરીંગ કોલેજ સામે નિર્માણાધીન સરદારધામની બાંધકામ સાઈટ પર રહેતા ૪૦ વર્ષીય મહિલા નાનીબેન ભારતસીંગ ડામોરે આરોપી તરીકે પોતાના જ સગીર પુત્રનું નામ આપતાં તાલુકા પોલિસની ટીમે હત્યાની કલમો હેઠળ ગુનો નોંધી આરોપીને કસ્ટડીમાં લીધો હતો.

ફરિયાદીએ જણાવ્યું હતું કે, હું અહીં કણકોટ મુકામે છેલ્લા એક મહિનાથી સગીર પુત્ર સાથે રહું છું અને અમે બંને મા-દિકરો સરદારધામ બાંધકામ સાઈટ ઉપર મજુરીકામ કરીએ છીએ. મારે સંતાનમાં ત્રણ દિકરી અને બે દિકરા છે. જેમાં સૌથી મોટો પુત્ર મારી સાથે રહે છે. જયારે અન્ય ત્રણ દીકરી અને એક દીકરો પતિ સાથે વતનમાં રહે છે. મહિલાએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, ગત તા.૦૫/૦૮/૨૦૨૬ ના વહેલી સવારના આશરે પાંચ વાગ્યાના અરસામાં હુ તથા મારો દિકરો અમારી ઓરડીનો દરવાજો બંધ કરી સુતા હતા. દરમ્યાન કોઈકે જોર જોરથી દરવાજો ખખડાવ્યો હતો. જેથી મે ઓરડીના દરવાજાની બાજુના ખાચામાંથી જોતા મારા પતિ ભારતસીંગ આવેલ હોય મે દરવાજો ખોલ્યો હતો. પતિ આવતા સાથે જ મારી પાસે વાપરવાના પૈસા માંગી ઝઘડો કરવા લાગેલ હતા. ઝગડાના કારણે અવાજ થતા મારો દિકરો જાગી ગયેલ હતો. બાદ અમે બંને માતા-પુત્ર પતિના બિકના કારણે દરવાજો બંધ કરી ઓરડીમાં બેસી ગયેલ હતા. ત્રણ કલાક પછી બહાર આવી જોયુ તો મારો પિત ભારતસીંગ જતો રહેલ હતો.

બાદ હુ તથા મારો દિકરો મજુરીકામે લાગી ગયેલ હતા. દરમિયાન બપોરના ત્રણ વાગ્યે હુ તથા મારો દિકરો વિકાસ અમે બંને ઓરડીએ હતા. ત્યારે ફરી મારો પતિ ભારતસીંગ ઓરડીએ આવી વાપરવાના પૈસા માંગી મારી સાથે ઝઘડો કરી હાથાપાઈ કરવા લાગતા મને મારા દિકરાએ છોડાવી ઓરડીની બહાર મોકલી દીધેલ અને અંદરથી ઓરડીનો દરવાજો બંધ કરી દીધેલ હતો. જેથી મે ઓરડીના દરવાજાની બાજુમાં રહેલ ખાચામાંથી જોતા પતિ ભારતસીંગ અને દિકરા વચ્ચે ઝઘડો ચાલુ હતો. દરમ્યાન પુત્રએ ઓરડીમાં પડેલ કાપડનો લાંબો ટુકડો તથા દોરી વડે મારા પતિ ભારતસીંગને ગળે ટુપો આપતા તેઓ બેભાન થઈ નીચે પડી ગયેલ હતા. બાદ મારો પુત્ર ઓરડીનો દરવાજો ખોલી બહાર આવતો રહેલ હતો. ત્યારબાદ કોઈકે ૧૦૮ એમ્બ્યુલન્સને ફોન કરતા એમ્બ્યુલન્સ દોડી આવી હતી અને મારા પતિ ભારતસીંગને તપાસી મૃત જાહેર કરી દીધેલ હતા.

જે બનાવ મામલે તાત્કાલિક તાલુકા પોલીસ મથકના પીઆઈ એસ આર મેઘાણી અને પીએસઆઈ બી આર ભરવાડ સહીતની ટીમોએ તપાસ આદરી હતી. પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડી પિતાની હત્યાને અંજામ આપનાર ૧૬ વર્ષીય સગીર પુત્રને કસ્ટડીમાં લઈ કાયદેસરની કાર્યવાહી શરૂ કરી હતી.

### મૃતક નશાની ટેવવાળો હોય અવાર નવાર રાજકોટ આવી પત્ની સાથે મારકૂટ કરતો

હત્યાની ઘટનામાં પોલીસ સૂત્રોમાંથી મળતી માહિતી અનુસાર ફરીયાદી મહિલા અને તેનો મોટો પુત્ર ૧૬ વર્ષીય સગીર અહીં કણકોટ ગામે રહી મજૂરી કરતા હતા. જ્યારે મૃતક તેના ચાર સંતાનો સાથે વતન એમ.પી.માં રહેતા હતા. મૃતક દારૂ પીવાની ટેવ ધરાવતો હોય તે અવાર નવાર રાજકોટ ખાતે આવી પત્ની સાથે ઝગડો કરી મારકૂટ કરી મજૂરીના પૈસા લઈ જતો હતો. જે સતત ત્રાસથી કંટાળી અંતે પુત્રએ પિતાનો કાંટો કાઢી નાખ્યો હતો.

# ધ્રાંગધ્રા તાલુકા પોલીસે ફિલ્મી ઢબે પીછો કરી વિદેશી દારૂ ભરેલી ઈકો કાર ઝડપી

## ૧૦૮ બોટલ, શરાબ, વાહન મળી રૂ.૩.૮૪ લાખનો મુદામાલ કબ્જે કર્યો: દેવજી સરલા અને મહેશ દેગામાની ધરપકડ





**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

ધ્રાંગધ્રા તાલુકા પોલીસે પેટ્રોલિંગ દરમિયાન મળેલી ચોક્કસ બાતમીના આધારે સફળ કાર્યવાહી કરીને ગુજરાવદી ગામ નજીકથી વિદેશી દારૂ ભરેલી ઈકો કાર ઝડપી પાડી હતી. પોલીસે ફિલ્મી ઢબે પીછો કરીને કારને આંતરી બે આરોપીઓને ઝડપી પાડ્યા હતા, જ્યારે એક આરોપીને વોન્ટેડ જાહેર કરી તેની શોધખોળ શરૂ કરવામાં આવી છે પોલીસને બાતમી મળી હતી કે ગુજરાવદી ગામથી ધોળી ગામ તરફ જીજે-૧૩-ઈઈ-૮૩૭૬ નંબરની ઈકો કારમાં વિદેશી દારૂનો જથ્થો લઈ જવામાં આવી રહ્યો છે. બાતમીના આધારે હિતુભા ઝાલા, પી.પી. ખૂંટી, યુવરાજસિંહ સોલંકી, કેસરીસિંહ સહિતની પોલીસ ટીમે અંકેવાડિયા ચોકડી નજીક વોચ ગોઠવી હતી બાતમી મુજબની ઈકો કાર ત્યાંથી પસાર થતાં પોલીસે તેને રોકવાનો પ્રયાસ કર્યો હતો. જોકે કાર ચાલકે વાહન વધુ ઝડપે હંકારી નાસી જવાનો પ્રયાસ કર્યો હતો પોલીસે સતત પીછો કરીને ગુજરાવદી ગામ નજીક કારને રોકી તેની તલાશી લીધી હતી તલાશી દરમિયાન કારમાંથી કુલ ₹૭૪,૦૮૮ની કિંમતની ૧૦૮ બોટલ વિદેશી દારૂ મળી આવ્યો હતો. પોલીસે દેવજી ઉર્ફે દેવો ભરતભાઈ સરલા (રહે. થાનગઢ) અને મહેશ બાબુભાઈ દેગામા (રહે. પથુગઢ, ધ્રાંગધ્રા)ની ધરપકડ કરી હતી. તેમની પાસેથી બે મોબાઈલ ફોન (કિંમત ₹૧૦,૦૦૦), ઈકો કાર (કિંમત ₹૩,૦૦,૦૦૦) તેમજ વિદેશી દારૂ સહિત કુલ ₹૩,૮૪,૦૮૮નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો પ્રાથમિક તપાસમાં દારૂનો જથ્થો કાળાભાઈ જેરામભાઈ પનારા (રહે. વાગડીયા, મુળી) દ્વારા આપવામાં આવ્યો હોવાનું સામે આવ્યું છે પોલીસે વોન્ટેડ આરોપીની શોધખોળ સહિત સમગ્ર મામલે વધુ તપાસ હાથ ધરી છે

# સુત્રાપાડાના લોઢવા ગામે સીડી પરથી પટકાતાં યુવાનનું મોત

## મનીષભાઈએ સારવારમાં દમ તોડ્યો, પરિવારમાં કલ્પાંત

**અબતક રાજકોટ**

સુત્રાપાડા તાલુકાના લોઢવા ગામે સીડી પરથી પગ લપસી જતા નીચે પટકાયેલા યુવાનનું ગંભીર ઈજાઓના કારણે રાજકોટની સિવિલ હોસ્પિટલમાં ચાલુ સારવાર દરમિયાન મોત નીપજ્યું છે. અગાઉ ભાઈ અને માતા-પિતાને ગુમાવી ચૂકેલા યુવાનના આકસ્મિક મોતથી પરિવારમાં શોક છવાયો છે.

પ્રાપ્ત વિગતો મુજબ, સુત્રાપાડા તાલુકાના લોઢવા ગામે રહેતા મનીષભાઈ દાનાભાઈ સોલંકી (ઉં ૩૫) ગત તા. ૨ ઓગસ્ટના રોજ રાત્રે ૮:૦૦ વાગ્યાની આસપાસ પોતાના ઘરે હતા એ દરમિયાન સીડી ઉતરતી વખતે પગ લપસી જતા તેઓ નીચે પટકાયા હતા, જેમાં તેમને માથે શરીરે ગંભીર ઈજાઓ પહોચી હતી, પરિવારને જાણ થતા ઈજાગ્રસ્ત હાલતમાં મનીષભાઈને તાત્કાલિક સારવાર અર્થે જૂનાગઢ બાદ રાજકોટની સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો, જ્યાં ચાલુ સારવાર દરમિયાન મનીષભાઈએ દમ તોડી દીધો હતો. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે, મૃતક મનીષભાઈ ફેબ્રિકેશનનું મજૂરી કામ કરતા હતા, પોતે બે ભાઈ અને એક બહેનમાં મોટા તથા અપરણિત હતા. પોતે એકલવાયુ જીવન જીવતા હતા. બનાવને લઈ પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે. હાલ પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ખનન માફિયાઓ પર કચ્છમાં તંત્રનો કડક ઘા

## અબડાસામાં દરોડામાં રૂ.૪૫ લાખનું એક્સકાવેટર જપ્ત

**અબતક, નવીનગીરી ગૌસ્વામી, ભૂજ**



કચ્છ જિલ્લામાં ગેરકાયદેસર ખનન પ્રવૃત્તિઓને નાથવા માટે જિલ્લા વહીવટીતંત્રે વધુ એક કડક કાર્યવાહી હાથ ધરી છે. અબડાસા તાલુકાના ગુડથર વિસ્તાર ખાતે સાદી રેતીના ગેરકાયદે ખનન અંગે મળેલી માહિતીના આધારે ખાણ અને ખનિજ વિભાગની વિશેષ ટીમે અચાનક દરોડો પાડતા ખનન માફિયાઓમાં દોડધામ મચી ગઈ હતી. કાર્યવાહી દરમિયાન સ્થળ પરથી ખનન માટે ઉપયોગમાં લેવાતું એક્સકાવેટર મશીન કબજે લેવામાં આવ્યું હતું.જિલ્લા કલેક્ટર અનિલકુમાર રાણાવસિયાના માર્ગદર્શન હેઠળ ભૂસ્તરશાસ્ત્રી ડી. એસ. બારીયાના નેતૃત્વમાં હાથ ધરાયેલી આ કાર્યવાહી દરમિયાન અધિકારીઓએ સમગ્ર સ્થળનું નિરીક્ષણ કરી પુરાવાઓ એકત્રિત કર્યા હતા. ગેરકાયદેસર રીતે કુદરતી સંપત્તિનું ખનન કરવામાં આવી રહ્યું હોવાનું પ્રાથમિક તપાસમાં સામે આવતાં તાત્કાલિક મશીન જપ્ત કરવાની કાર્યવાહી કરવામાં આવી હતી. અધિકારીઓના જણાવ્યા અનુસાર કબજે કરાયેલા એક્સકાવેટરની અંદાજિત કિંમત આશરે રૂ. ૪૫ લાખ જેટલી થાય છે. જપ્ત કરાયેલ મશીનને આગળની કાયદેસરની કાર્યવાહી માટે નલિયા પોલીસ સ્ટેશનના કબજામાં સોંપવામાં આવ્યું છે. હવે સંબંધિત કાયદાકીય જોગવાઈઓ મુજબ જવાબદારો સામે કાર્યવાહી આગળ વધારવામાં આવશે.

# નવાબંદર નજીક કારમાંથી ૫૮૬ બોટલ દારૂ સાથે એકની ધરપકડ

## એકિટવામાં શરાબની હેરાફેરી કરી જસદણની બેલડી પકડાઈ



**અબતક, ઉના**

ગીર સોમનાથ જિલ્લા ના પોલીસ અધિક્ષક જયદીપસિંહ જાડેજા અને નાયબ પોલીસ અધિક્ષક એમ. એફ. ચૌધરી ની સૂચના થી નવાબંદર મરીન પોલીસ સ્ટેશન ના પોલીસ ઈન્સ્પેક્ટર જે. જે. પરમાર, એમ. એ. રાઠોડ, હેડ કોન્સ્ટેબલ પાંચાભાઈ પી. બાંભણિયા અને સ્ટાફ એ નવાબંદર ચોકડી પાસે વાહન ચેકીંગ કરતા હતા ત્યારે ઘોઘલા તરફ થી આવતી કાર નંબર GJ 01 KL 3676 રોકાવી તપાસ કરતા અનિકેત રાજેશ સોલંકી રે. દીવ વાળા એ મોટર કાર માં ચોર ખાના બનાવી સીટ નીચે અને ડેકી માં છુપાવેલા દારૂ ની બોટલો નંગ ૫૮૬ રૂપિયા ૧,૪૦,૭૫૨/ અને મોબાઈલ ફોન એક, એક લાખ રૂપિયા ની મોટર કાર મળી કુલ રૂપિયા ૨,૪૫,૭૬૨/ ના મુદામાલ સાથે પકડી લીધો હતો અને પૂછ પરછ માં આ દારૂ નો જથ્થો ઝાખરવાડા ગામ ના પ્રતીક ડોડીયા ને આપવાનો હોવાનું જણાવ્યું હતું

બીજા બનાવ માં એક્ટિવા મોટર સાયકલ GJ 03 MS 8736 ડબલ સવારી વાળા ને રોકાવી અંકુ ર રાયાભાઈ જતાપરા રે. માદવા તા. જસદણ અને ધર્મેશ પોપટભાઈ જાડિયા રે. રે. માદવા તા. જસદણ ની તપાસ કરતા મોટર સાયકલ માં છુપાવેલ પર પ્રાંત ની ઈંગ્લીશ દારૂ ની બોટલો નંગ ૮૧ રૂપિયા ૨૭૩૬૫/ મોબાઈલ ફોન નંગ બે રૂપિયા ૨૦૦૦૦/ અને ૨૦,૦૦૦/ની મોટર સાયકલ મળી કુલ રૂપિયા ૬૭,૩૬૫/ના મુદામાલ સાથે પકડી પાડ્યો હતો. બન્ને આરોપી ની ધરપકડ કરી ગુનો દાખલ કર્યો હતો. નવાબંદર મરીન પોલીસ એ કુલ ૬૬૭બોટલ દારૂ બે વાહન સાથે કુલ રૂપિયા ૩,૧૩,૧૨૭ / સાથે બે ની ધરપકડ કરી હતી.

# હડમતાળા જીઆઈડીસીમાં સિમેન્ટના કારખાનામા ધમધમતા જુગારધામ પર એલસીબી ત્રાટકી

## ગોંડલનો રોહિત બોઘરા પોતાની ફેક્ટરીમાં નાલ ઉઘરાવી જુગાર રમાડતો: રાજકોટના વેપારી, કોન્ટ્રાકટરો સહીત પાંચની ધરપકડ, રૂ.૧.૮૨ લાખનો મુદ્દામાલ જપ્ત

**અબતક, રાજકોટ**

કોટડાસાંગાણી તાલુકાના હડમતાળા જીઆઈડીસીમાં આવેલ સીમેન્ટના કારખાનામાં ધમધમતી જુગાર કલબ પર રૂરલ એલસીબી ટીમ ત્રાટકી હતી. અહીંથી પોલીસે રાજકોટના વેપારી, કોન્ટ્રાક્ટર સહિત પાંચ શખ્સોને જુગાર રમતા ઝડપી રોકડ, ટોકન અને મોબાઈલ સહિત કુલ રૂ.૧.૮૨ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

દરોડાની વિગત મુજબ, રાજકોટ રૂરલ એલસીબી પીઆઈ જે.પી.રાવની રાહબરીમાં એએસઆઈ ઈન્દ્રસીંહ જાડેજા, મેહુલભાઈ સુવા, હેડ કોન્સ્ટેબલ ભગીરથસિંહ જાડેજા, નિલેશભાઈ ડાંગર, કૌશિકભાઈ જોષી સહિતનો સ્ટાફ ગોંડલ તાલુકા વિસ્તારમા પેટ્રોલીંગમા હતા ત્યારે હકીકત મળેલ કે, રોહિત વિનોદ બોઘરા (રહે. ગોંડલ વલ્લભનગર સોસાયટી) પોતાના હડમતાળા જી.આઈ.ડી.સી. વિસ્તારમાં આવેલ પોલાડ સીમેન્ટના કારખાનામાં પહેલા માળે આવેલ રૂમમાં બહારથી માણસો બોલાવી લાઈટ, પાણી, અને જુગારના સાધનોની વ્યવસ્થા પુરી પાડી નાલના રૂપિયા ઉઘરાવી જુગારનો અખાડો ચલાવે છે, તેવી ચોક્કસ બાતમીના આધારે ટીમે બાતમીના સ્થળે દરોડો પાડ્યો હતો.

એલસીબીની ટીમે દરોડો પાડી કારખાનાના તથા મકાનના માલીક કોણ છે ? તેમ પુછતા રોહિત વિનોદ બોઘરા આ કારખાનુ પોતાનુ હોવાનું જણાવેલ અને આ કારખાનુ તથા મકાનનો વહીવટ પોતે સંભાળતા હોવાનું જણાવેલ હતું. તેમજ ત્યાં પડેલ અલગ અલગ કલરના ટોકન તથા ગંજીપાનાના પાના પડેલ હતા. તે પોલીસે કબજે કરેલ છે.

બાદમાં ટોકન આધારીત જુગાર રમતાં રોહિત વિનોદ બોઘરા (ઉ.વ.૩૯, ધંધો.વેપાર, રહે.ગોંડલ, વલ્લભનગર સોસાયટી), અરવિંદ ગોરધન બોકરવાડીયા (ઉ.વ.૫૭, ધંધો, ખેતીકામ, રહે. દેરડી કુંભાજી, ગોંડલ), વિપુલ કાનજી બેચરા (ઉ.વ.૪૬, ધંધો, વેપાર (સિમેન્ટની એજન્સી), (રહે સુભાષનગર મેઈન રોડ, રાજકોટ), મનિષ રસીક સોંડાગરા (ઉ.વ.૪૫, ધંધો, કન્ટ્રકશન, (રહે. રાજકોટ, મવડી હેડકવાટર્સની બાજુમા, અંબિકા ટાઉનશીપ, બી-૧૦૧) અને બ્રિજેશ ઉર્ફે લાલો જેન્તી કુકડીયા (રહે. જીવરાજ પાર્ક, અંબિકા ટાઉનશીપ, રાજકોટ) ને પકડી પાડી રોકડ રૂ.૬૨૪૦૦, અલગ અલગ ટોકન, મોબાઈલ-૫ સહિત કુલ રૂ.૧.૮૨ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

# પાટડી પંથકની ૧૬ વર્ષની સગીરા પર દુષ્કર્મ આચરનાર આધેડ ઝડપાયો

**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**



પાટડી પોલીસ મથક વિસ્તારના એક ગામમાં માનવતાને શર્મસાર કરતો બનાવ સામે આવતા વિસ્તારમાં રોષની લાગણી ફેલાઈ છે. જેમાં ૫૭ વર્ષના આધેડ પ્રહલાદભાઈ સોમાભાઈ દ્વારા ૧૬ વર્ષ અને ૪ મહિનાની સગીરા સાથે ખેતરમાં દુષ્કર્મ આચરતા આ અંગે ભોગ બનનાર સગીરાએ પરિવારજનોને જાણ કરતા પાટડી પોલીસ મથકે ભોગ બનનાર સગીરાની માતા દ્વારા ગુનો નોંધાવતા પાટડી પોલીસે પોકસો એકટ સહિતના કાયદા હેઠળ ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી હતી અને દુષ્કર્મ આચરનાર આરોપીને ગણતરીના દિવસોમાં ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ભુજ નજીક બંદૂક સાથે હરેશ કોલી ઝડપાયો

**અબતક, નવીનગીરી ગૌસ્વામી, ભૂજ**



હરિપર ગામની સીમમાંથી બંદૂક સાથે ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસને મળેલી ચોક્કસ બાતમીના આધારે એસઓજીની ટીમે વિસ્તારમાં નજર રાખી કાર્યવાહી ગોઠવી હતી. શંકાસ્પદ હિલચાલ પર નજર રાખ્યા બાદ પોલીસે એક વ્યક્તિને અટકાવી તેની તપાસ કરતાં તેની પાસેથી કોઈપણ પ્રકારની કાયદેસર પરવાનગી વિના રાખવામાં આવેલી દેશી બનાવટની મજલ લોડ બંદૂક મળી આવી હતી. પોલીસે તરત જ હથિયાર કબજે કરીને આરોપીને કસ્ટડીમાં લઈ પૂછપરછ શરૂ કરી હતી.

પોલીસે અંદાજે રૂ. ૨ હજારની કિંમતનું એક દેશી અગ્નિશસ્ત્ર તથા રૂ. ૫ હજારની કિંમતનો મોબાઈલ ફોન મળી કુલ રૂ. ૭ હજારનો મુદ્દામાલ કબજે કર્યો છે. પ્રાથમિક તપાસમાં ઝડપાયેલ વ્યક્તિની ઓળખ હરિપર ગામના રહેવાસી ૩૫ વર્ષીય હરેશ જુસા કોલીની ધરપકડ કરી છે.

# જૂનાગઢ: ક્રાઈમ બ્રાન્ચે રૂ.૩.૧૯ લાખનો વિદેશી દારૂ પકડાયો

## તહેવારોના પગલે પોલીસની બુટલેગરો પર બાજનજર : દારૂનો વેપલો કરનારાઓમાં ભય

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**



જૂનાગઢ ક્રાઈમ બ્રાન્ચની ટીમને મળેલી ચોક્કસ બાતમીના આધારે ઉપરકોટ કુલીયા હનુમાન રોડ પર આવેલ ઉપરકોટ ઢોરા વિસ્તારમાં રેડ કરવામાં આવી હતી.

પોલીસ તપાસ દરમિયાન બુટલેગર જયેશ ઉર્ફે ઈલુ અશોકભાઈ ગાગડીયા પોતાના મકાનમાં ગેરકાયદેસર રીતે વિદેશી દારૂનો જથ્થો સંતાડીને સગેવગે કરવાની ફિરાકમાં હોવાનું સામે આવ્યું હતું. પોલીસ રેડ જોતાં જ આરોપી સ્થળ પરથી ભાગી ગયો હતો. પરંતુ મકાનમાંથી રોયલ ચેલેન્જ, બ્લેક હોર્સ પ્રાઈડ, ઈમ્પીરીયલ બ્લૂ, રોયલ સ્ટેગ અને મેજિક મોમેન્ટ્સ જેવી પ્રખ્યાત બ્રાન્ડ્સની નાની-મોટી કુલ ૧૫૦૦ નંગ વિદેશી દારૂની બોટલો, જેની કુલ કિંમત રૂા. ૩,૧૯,૪૭૩ થાય છે, તે જપ્ત કરવામાં આવી હતી. નાસી છૂટેલા આરોપી જયેશ ગાગડીયા વિરૂધ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. આ પ્રશંસનીય કામગીરી ક્રાઈમ બ્રાન્ચના પોલીસ ઈન્સ્પેક્ટર કે. એમ. પટેલ તથા તેમની ટીમના પોલીસ કર્મચારીઓ દ્વારા કરવામાં આવી છે.

# સરંભડામાં ગ્રામજનોએ રેતી ભરેલુ ડમ્પર પકડયું

## ૧૧૨ અને ખાણ-ખનિજ વિભાગની તાત્કાલિક કાર્યવાહી, રૂ.૨૪ લાખનો મુદામાલ કર્યો કબ્જે

**અબતક, પ્રદીપ ઠાકર, અમરેલી**



અમરેલી નજીકના સરંભડા ગામમાં નદીમાંથી થતી ગેરકાયદે રેતી ચોરી સામે ગ્રામજનોએ જાગૃતતા દાખવી તંત્રને હરકતમાં લાવ્યું હતું. સ્થાનિકોએ રેતી ભરેલી એક ડમ્પરને રોકીને તેની જાણ ૧૧૨ ઈમરજન્સી સેવા અને ખાણ-ખનિજ વિભાગને કરી હતી. માહિતી મળતાં જ પોલીસ અને ખાણ-ખનિજ વિભાગની ટીમ સ્થળ પર પહોંચી હતી અને સમગ્ર મામલે તપાસ હાથ ધરી હતી. પ્રાથમિક તપાસ બાદ વિભાગે કાયદેસરની કાર્યવાહી કરીને ગેરકાયદે રેતી ભરેલા ડમ્પર સહિત અંદાજે રૂપિયા ૨૪ લાખનો મુદામાલ જપ્ત કર્યો હતો. ગ્રામજનોના જણાવ્યા મુજબ, વિસ્તારમાં લાંબા સમયથી ગેરકાયદેસર રેતી ખનન અને વહન થઈ રહ્યું છે. અનેક રજૂઆતો છતાં સમસ્યાનો કાયમી ઉકેલ આવ્યો નથી. આ ઘટનાને પગલે ગ્રામજનોએ તંત્ર સમક્ષ ગેરકાયદે રેતી ચોરી સામે સતત અને કડક કાર્યવાહી કરીને કાયમી રોક લગાવવાની માંગ ઉઠાવી છે. પોલીસ અને ખાણ-ખનિજ વિભાગે સમગ્ર મામલે વધુ તપાસ શરૂ કરી છે અને નિયમ મુજબની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# ધ્રાંગધ્રામાં જુગાર રમતા ત્રણ શખ્સો ઝડપાયા



**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

ધ્રાંગધ્રા શહેરના દિલ્હી દરવાજા પાસે વિસ્તારમાં જાહેરમાં પૈસાની હારજીતનો જુગાર રમતા નરેન્દ્રભાઈ ઉર્ફે પન્નો તળસીભાઈ ચૌહાણ, સાહીલભાઈ ઈકબાલભાઈ દિવાન, નિકુલભાઈ ઉર્ફે પિન્ટુ ભુપેન્દ્રભાઈ મસરૂ જાહેરમાં ગુડદી-પાસા વડે પૈસાની હારજીતનો જુગાર રમતા ઝડપાઈ ગયા હતા પોલીસે ત્રણેયની અંગઝડતી તેમજ જુગારના પટ પરથી રોકડ રકમ અને જુગારના સાધનો સહિત કુલ રૂ.૨૧.૫૫૦ નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

# વીરપરડા ગામના રહસ્યમય કૂવામાં પાણી હાલક ડોલક થતા લોકોના ટોળા ઉમટ્યાં

## બે દિવસ બાદ ફરી કૂવાનું પાણી અચાનક ઉછાળા મારતા ઘટનાના વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ



**અબતક, ઋષિ મહેતા**

મોરબી તાલુકાના વીરપરડા ગામમાં આવેલા રહસ્યમય કૂવામાં બુધવારે બપોરે ફરી એકવાર પાણીમાં અચાનક હલચલ જોવા મળતાં ગ્રામજનોમાં કુતૂહલ ફેલાયું હતું. ઘટનાનું ચોક્કસ કારણ હજુ સુધી સામે આવ્યું નથી, જોકે સ્થાનિકો ભૂસ્તરીય હિલચાલની શક્યતા વ્યક્ત કરી રહ્યા છે.

મોરબી તાલુકાના વીરપરડા ગામમાં આવેલા એક રહસ્યમય કૂવામાં ફરી એકવાર પાણીમાં અચાનક હલચલ જોવા મળતાં સમગ્ર વિસ્તારમાં ચર્ચાનો વિષય બન્યો છે. કૂવાનું પાણી કોઈ સ્પષ્ટ બાહ્ય કારણ વિના આપમેળે હાલક-ડોલક થતું જોવા મળતાં ઘટનાની જાણ થતાં મોટી સંખ્યામાં ગ્રામજનો સ્થળ પર દોડી આવ્યા હતા. સ્થળ પર હાજર લોકોએ આ અનોખી ઘટનાના વીડિયો પોતાના મોબાઈલમાં કેદ કર્યા હતા, જે બાદ સોશિયલ મીડિયામાં પણ તેની ચર્ચા શરૂ થઈ હતી.

ઉલ્લેખનીય છે કે આ જ કૂવામાં બે દિવસ અગાઉ પણ આવી જ પ્રકારની હલચલ નોંધાઈ હતી. ત્યારે ગઈકાલ તા.૦૫/૦૮ને બપોર સુધી પાણી સંપૂર્ણપણે સ્થિર હતું, પરંતુ ગઈકાલ બુધવાર બપોરે અંદાજે ૩ વાગ્યાના આસપાસ ફરીથી પાણીમાં રહસ્યમય રીતે હલચલ શરૂ થઈ હતી. ઘટનાનું ચોક્કસ કારણ હજુ સુધી જાણી શકાયું નથી. કેટલાક સ્થાનિક ગ્રામજનોનું માનવું છે કે વીરપરડા વિસ્તાર ભૂકંપ સંવેદનશીલ ઝોનમાં આવતો હોવાથી જમીનની અંદર થતા સૂક્ષ્મ કંપન અથવા ભૂસ્તરીય હિલચાલના કારણે પાણીમાં આવી હલચલ થતી હોઈ શકે છે.

જોકે, આ માત્ર સ્થાનિકો દ્વારા વ્યક્ત કરવામાં આવેલી શક્યતા છે અને તેની કોઈ સત્તાવાર કે વૈજ્ઞાનિક પુષ્ટિ થઈ નથી.

# ટંકારામાં તસ્કરોનો તરખાટ: એક જ રાતમાં ચાર બંધ મકાનોને નિશાન બનાવ્યા

## એક મકાનમાંથી ચાંદીના દાગીના અને રોકડની ચોરી: સી.સી.ટીવીમાં બાઈક લઈ બેલડી આવી હોવાનું સામે આવ્યું



**અબતક, ઋષી મહેતા**

ટંકારા ટાઉનમાં એક જ રાતમાં ચાર બંધ મકાનોમાં તસ્કરોએ ત્રાટકી ચોરીનો પ્રયાસ કરતાં ભારે ચકચાર મચી છે. એક મકાનમાંથી ચાંદીના દાગીના અને રોકડ રકમની ચોરી થઈ છે, જ્યારે અન્ય ત્રણ મકાનમાં તસ્કરોને કોઈ કિંમતી માલસામાન ન મળતા ખાલી હાથે જવું પડ્યું હોવાનું સામે આવ્યું છે.

ટંકારા ટાઉનમાં સુરક્ષા વ્યવસ્થા સામે પ્રશ્નો ઊભા કરતી ચોરીની ઘટનામાં અજાણ્યા તસ્કરોએ એક જ રાતમાં ચાર બંધ મકાનોને નિશાન બનાવ્યા હતા. નગરમાં તસ્કરોએ અલગ-અલગ વિસ્તારોમાં તાળા તોડી ચોરીનો પ્રયાસ કરતા સ્થાનિકોમાં ભય અને રોષ ફેલાયો છે.

પ્રાપ્ત વિગતો મુજબ શ્રી લક્ષ્મીનારાયણ મંદિર નજીક આવેલા બે બંધ મકાનોના તાળા તોડી તસ્કરોએ ઘરમાં તોડફોડ કરી હતી. ઉપરાંત ડેરી નાકા પાસે શ્રી બાલકૃષ્ણ લાલજી મહારાજની હવેલી સામે આવેલ એક મકાન અને તેની નજીકનું અન્ય એક મકાન પણ તસ્કરોના નિશાને ચઢ્યું હતું. ચોરીની ઘટનામાં એક મકાનમાંથી ચાંદીના દાગીના અને રોકડ રકમની ચોરી થઈ હોવાનું સામે આવ્યું છે. જ્યારે અન્ય ત્રણ મકાનોમાં કિંમતી સામાન હાથ ન લાગતા તસ્કરો ખાલી હાથે જ ભાગી છૂટ્યા હતા. ચોરીનો ભોગ બનેલા મકાન-માલિકોમાંથી કેટલાક રાજકોટ અને મોરબી ખાતે રહેતા હોવાથી તેમને જાણ થતાં તાત્કાલિક ટંકારા દોડી આવ્યા હતા.સ્થાનિક સૂત્રોના જણાવ્યા મુજબ બે શખ્સો બાઈક પર આવી આ ચોરીઓને અંજામ આપી અંધારાનો લાભ લઈને ફરાર થઈ ગયા હતા. જોકે, આ અંગે પોલીસ તરફથી સત્તાવાર પુષ્ટિ થઈ નથી. એક જ રાતમાં ચાર મકાનોને નિશાન બનાવવાની ઘટનાએ ટાઉનમાં પોલીસ તંત્રની રાત્રિ પેટ્રોલિંગ સામે અનેક સવાલો ઊભા કર્યા છે. હાલ સ્થાનિકોમાં તસ્કરોને ઝડપથી પકડી કડક કાર્યવાહી કરવાની માંગ ઉઠી છે.

# દારૂના કેસમાં નાસતા ફરતા બે આરોપી ઝડપાયા

## એલસીબી પેરોલ ફર્લો સ્કવોડ અને બી ડિવિઝન પોલીસ ટીમે ઘુટુ રોડ અને ધકકાવાળી મેલડી મંદિરેથી દબોચ્યા





**અબતક,ઋષી મહેતા**

મોરબી જીલ્લામાં નાસતા ફરતા આરોપીઓને પકડવાના અભિયાન દરમિયાન મોરબી એલસીબી/પેરોલ ફર્લો સ્કવોડે તાલુકા પોલીસ મથકના પ્રોહિબિશન કેસમાં ફરાર આરોપીને ઝડપી પાડ્યો હતો. જ્યારે બી ડિવિઝન પોલીસે છેલ્લા એક વર્ષથી ફરાર અન્ય એક આરોપીની ધરપકડ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

મોરબી જીલ્લા પોલીસ અધિક્ષકની સૂચના મુજબ નાસતા ફરતા, પેરોલ જમ્પ અને ફરાર આરોપીઓને ઝડપી પાડવા માટે પોલીસ દ્વારા વિશેષ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. આ અભિયાન અંતર્ગત મોરબી એલસીબી/પેરોલ ફર્લો સ્કવોડને મળેલી બાતમીના આધારે મોરબી તાલુકા પોલીસ સ્ટેશનના પ્રોહિબિશન ગુનામાં ફરાર આરોપી ઈમરાન રાયબભાઈ જેડા ઉવ.૨૯ રહે.હાલ રણછોડનગર-૨ મોરબી મૂળ ગામ નવાગામ તા.માળીયા(મી) વાળાને મોરબીના ધકાવાળી મેલડી માતાજીના મંદિર પાસે જાહેર રોડ પરથી ઝડપી પાડવામાં આવ્યો હતો. આ સાથે આરોપીની અટકાયત કરી તેને આગળની કાર્યવાહી માટે મોરબી તાલુકા પોલીસને સોંપવામાં આવ્યો છે.

જ્યારે બીજા દરોડામાં, મોરબી સીટી બી ડિવિઝન પોલીસને મળેલી બાતમીના આધારે પ્રોહિબિશન ગુનામાં છેલ્લા એક વર્ષથી ફરાર આરોપી અબ્જલ ઉર્ફે અજુ જુમાભાઈ માણેક રહે. ધ્રાંગધ્રા જી. સુરેન્દ્રનગર વાળાને મોરબીના જુના ઘૂટુ રોડ પર સિલ્વર પાર્ક સોસાયટી નજીકથી ઝડપી પાડવામાં આવ્યો હતો. હાલ આરોપીને હસ્તગત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# વાંકાનેરમાં ટ્રાફિક પોલીસને છરીના ઘા મારી દેવાની ધમકી

## રોંગ સાઈડમાં એક્ટિવા લઈ જતા રોકતાં બે શખ્સો ઉશ્કેરાઈ ગાળો ભાંડી: ફરજ રૂકાવટનો ગુનો નોંધાયો

**અબતક, ઋષિ મહેતા**

વાંકાનેરમાં ટ્રાફિક ચેકિંગ દરમિયાન રોંગ સાઈડમાં જતા ડબલ સવારી એક્ટિવાને રોકતા બન્ને શખ્સો ઉશ્કેરાઈ ગયા હતા. ટ્રાફિક પોલીસની ફરજમાં રૂકાવટ કરી ગાળાગાળી અને પોલીસ મથકના ગ્રાઉન્ડમાં પોલીસકર્મીને છરીના ઘા મારીને મારી નાખવાની ધમકી આપી હતી. હાલ બન્ને માથાભારે શખ્સો વિરુદ્ધ વાંકાનેર સીટી પોલીસ મથકમાં ફરજમાં રુકાવટ, ધમકી સહિતની કલમો હેઠળ ગુનો નોંધી આગળની તપાસ શરૂ કરી છે.

વાંકાનેર સીટી પોલીસ સ્ટેશનના ટ્રાફિક વિભાગમાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ રમેશભાઈ માલાભાઈ રબારીએ નોંધાવેલી ફરિયાદ મુજબ ગઈકાલે તા. ૫ ઓગસ્ટે સાંજે જીનપરા જકાતનાકા રોડ પર ટ્રાફિક ડ્રાઈવ ચાલી રહી હતી. આ દરમિયાન જીજે-૨૩-ઈએલ-૦૦૦૭ નંબરના ડબલ સવારી એકટીવાનો ચાલક પોતાનું વાહન રોંગ સાઈડમાં જવાનો પ્રયાસ કરતો હોવાથી તેને યોગ્ય સાઈડમાં વાહન ચલાવવા સૂચના આપવામાં આવી હતી. જેથી આરોપી એક્ટિવા ચાલક અને પાછળ બેઠેલા સતુભા ઝાલા ઉશ્કેરાઈ ગયા હતા અને જી.આર.ડી. જવાન તેમજ ટ્રાફિક પોલીસકર્મીઓ સાથે ગાળાગાળી શરૂ કરી હતી. બાદમાં પોલીસે વાહનના દસ્તાવેજો અને ડ્રાઈવિંગ લાયસન્સ માંગતા બંનેએ કાયદેસરની કામગીરીમાં અવરોધ ઉભો કર્યો હતો.

જેથી બંનેને પોલીસ સ્ટેશને લઈ જતા હોય ત્યારે રસ્તામાં પણ તેઓ જાહેરમાં બૂમાબૂમ અને ગાળાગાળી કરતા હતા. ત્યારબાદ વાંકાનેર સીટી પોલીસ મથકના ગ્રાઉન્ડમાં પહોંચ્યા બાદ ફરી હોબાળો મચાવ્યો હતો. જેમાં આરોપી સતુભા ઝાલાએ ફરિયાદી પોલીસકર્મીને ''છરીના ઘા મારી તને મારી નાખીશ'' તેવી ધમકી આપી હતી. બનાવ અંગે વાંકાનેર સીટી પોલીસે બંને આરોપીઓ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ત્રણ કોમર્શિયલ એકમોમાં ૩૨ લોકોને ફાયર સેફટીની તાલીમ અપાઈ



**અબતક,ઋષી મહેતા**

મોરબી મહાનગરપાલિકાની અગ્નિશમન શાખાએ એક સપ્તાહ દરમિયાન ત્રણ કોમર્શિયલ એકમોમાં ૩૨ લોકોને ફાયર પ્રિવેન્શનની તાલીમ આપી હતી. સાથે ફાયર સેફ્ટી સિસ્ટમનું ચેકિંગ કરી ખામી ધરાવતી ઈમારતોને નોટિસ ફટકારવામાં આવી હતી.

મોરબી મહાનગરપાલિકાની ફાયર શાખાએ ૨૯ જુલાઈથી ૪ ઓગસ્ટ દરમિયાન ત્રણ કોમર્શિયલ એકમોમાં કુલ ૩૨ લોકોને ફાયર પ્રિવેન્શન અને અગ્નિશામક સાધનોના યોગ્ય ઉપયોગ અંગે તાલીમ આપી હતી. આ ઉપરાંત ફાયર સેફ્ટી અભિયાન અંતર્ગત વિવિધ બિલ્ડિંગોમાં ફાયર સેફ્ટી સર્ટિફિકેટ અને ફાયર સેફ્ટી સિસ્ટમનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. જ્યાં જરૂરી સુવિધાઓમાં અપૂરતી જોવા મળી ત્યાં સંબંધિત બિલ્ડિંગોને નોટિસ પાઠવી જરૂરી માર્ગદર્શિકા અને સૂચનો આપવામાં આવ્યા હતા. ફાયર સેફ્ટી પ્લાન એપ્રુવલ (FSPA) માટે આવેલી બે અરજીઓ પણ આર.એફ.ઓ. કચેરીમાં મોકલવામાં આવી છે.

આ સમયગાળા દરમિયાન ફાયર શાખાએ ત્રણ રેસ્ક્યુ કોલ અને એક ફાયર કોલમાં પણ કામગીરી કરી હતી. ચીફ ફાયર ઓફિસરે નાગરિકોને આગ જેવી ઈમરજન્સી સમયે તાત્કાલિક ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસના ૦૨૮૨૨ ૨૩૦૦૫૦, ૧૦૧ અથવા ૧૧૨ નંબર પર સંપર્ક કરવાની અપીલ કરી છે.

# વાંકાનેરના ચંદ્રપુર સ્ટાર પ્લાઝા કોમ્પ્લેક્સમાં ફાયર સેફ્ટી વિહોણી ૨૪૦ દુકાનો સીલ

## નોટિસો દુકાનદારો સુધી પહોંચી નહીં હોવાનો આક્ષેપ: બિલ્ડર સામે કાયદાકીય કાર્યવાહીનો મૂડ, જવાબદારી અંગે ઉઠ્યા પ્રશ્નો



**અબતક, લિતેશ ચંદારાણા, વાંકાનેર**

વાંકાનેર તાલુકાના ચંદ્રપુર ખાતે આવેલા સ્ટાર પ્લાઝા કોમ્પ્લેક્સમાં ફાયર સેફ્ટીના જરૂરી સાધનો અને નિયમોનું પાલન ન થવાના આક્ષેપોને આધારે રાજકોટ, મોરબી અને હળવદ ફાયર સેફ્ટી વિભાગની સંયુક્ત ટીમે બુધવારે (૫ ઓગસ્ટ) સાંજે આશરે ૫ વાગ્યે કાર્યવાહી હાથ ધરી હતી. આ દરમિયાન કોમ્પ્લેક્સની અંદાજે ૨૪૦થી વધુ દુકાનોને સીલ મારવામાં આવી હતી. જેના કારણે વેપારીઓમાં ભારે રોષ અને ચિંતા ફેલાઈ છે.

તંત્રના જણાવ્યા મુજબ અગાઉ ફાયર સેફ્ટી નિયમોના પાલન માટે નોટિસો પાઠવવામાં આવી હતી. જો કે, સ્થળ પર હાજર દુકાનદારોએ દાવો કર્યો હતો કે તેમને વ્યક્તિગત રીતે કોઈ નોટિસ મળી નહોતી. તેમનું કહેવું છે કે નોટિસ બિલ્ડર અથવા કોમ્પ્લેક્સ ડેવલપરને આપવામાં આવી હતી. જેના કારણે વર્ષો પહેલા દુકાનો ખરીદનારા વેપારીઓ આ સમગ્ર પ્રક્રિયાથી અજાણ રહ્યા.

દુકાનદારોના કહેવા મુજબ લાખો રૂપિયાની મૂડી રોકીને દુકાનો ખરીદ્યા બાદ પણ આજે તેમની રોજીરોટી પર સંકટ ઊભું થયું છે. અનેક વેપારીઓનું માનવું છે કે જો ફાયર એનઓસી અથવા અન્ય કાનૂની પ્રક્રિયા અધૂરી હતી તો તેની જવાબદારી બિલ્ડર અને ડેવલપરની પણ બને છે. આ મુદ્દે તમામ દુકાનદારો એકજૂથ થઈ બિલ્ડર સામે કાયદાકીય કાર્યવાહી કરવાની તૈયારીમાં હોવાનું જાણવા મળે છે.

ફાયર સેફ્ટી સંબંધિત નિયમો મુજબ જાહેર ઉપયોગના કોમર્શિયલ બિલ્ડિંગમાં ફાયર પ્રોટેક્શન સિસ્ટમ, ઈમરજન્સી એક્ઝિટ, ફાયર એક્ટિંગ્વિશર, હાઈડ્રન્ટ સહિતની જરૂરી સુવિધાઓ ફરજિયાત છે. નિયમોનું પાલન ન થવા પર સ્ટાર પ્લાઝાની ૨૪૦ દુકાનો ફાયર સેફ્ટી વિભાગે સીલ મારવા આવ્યા હતા તેમજ દુકાનદારો દ્વારા ચીમકી ઉચ્ચારી હતી અને જવાબદાર સામે કાયદેસરની કાર્યવાહમાં આવે.

# સનાતન સંત સમાજ દ્વારા સંતોના અપમાન અંગે કલેકટરને આવેદન પાઠવ્યું



**અબતક, ઋષી મહેતા**

સંસદ ભવનના પ્રાંગણમાં સંતો અને સનાતન ધર્મનું અપમાન થયાનો આક્ષેપ, જવાબદાર સાંસદો સામે કાર્યવાહી અને સભ્યપદ રદ કરવાની માંગ.

મોરબી જીલ્લા સનાતન સંત સમાજના નેતૃત્વમાં હિન્દુ સમાજના આગેવાનો અને કાર્યકરોએ જીલ્લા કલેકટરને આવેદનપત્ર પાઠવી સંસદ ભવનમાં સંતો અને સનાતન ધર્મનું અપમાન થયું હોવાનો આક્ષેપ કર્યો હતો. આવેદનમાં જવાબદાર સાંસદો સામે કાયદેસરની કાર્યવાહી અને તેમનું સાંસદપદ રદ કરવાની માંગ કરવામાં આવી છે.

મોરબી જીલ્લા કલેક્ટર કચેરી ખાતે મોરબી જીલ્લા સનાતન સંત સમાજના નેતૃત્વમાં બહોળી સંખ્યામાં હિન્દુ સમાજના લોકો ઉપસ્થિત રહ્યા હતા. આ દરમિયાન જીલ્લા કલેકટરને આવેદનપત્ર સુપરત કરી સંસદ ભવનના પ્રાંગણમાં પપ્પુ યાદવ, રાહુલ ગાંધી અને મલ્લિકાર્જુન ખડગે દ્વારા સનાતન ધર્મ તથા સંત-મહંતોનું અપમાન કરવામાં આવ્યું હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો. આવેદનમાં ખાસ કરીને પપ્પુ યાદવ દ્વારા ભગવા વસ્ત્રો પહેરી કરવામાં આવેલા કૃત્યને સમસ્ત સંત સમાજનું અપમાન ગણાવવામાં આવ્યું હતું. સાથે જ ભગવાન શ્રીરામ, અયોધ્યા રામ મંદિર અને હિન્દુ સમાજની આસ્થા સાથે મજાક કરવામાં આવી હોવાનો પણ આક્ષેપ કરવામાં આવ્યો હતો.

આવેદનપત્રમાં માંગ કરવામાં આવી છે કે આ ઘટનામાં સંકળાયેલા તમામ સાંસદો સામે યોગ્ય કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે તેમજ તેમનું સાંસદપદ તાત્કાલિક અસરથી રદ કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવે તેવી વિનંતીસહ માંગણી કરવામાં આવી છે.

# વાંકાનેર: મકતાનપરમાં વોકળામાંથી રૂ.૬૩ હજારથી વધુનો વિદેશી દારૂ ઝડપાયો

## વાંકાનેર પોલીસે ગીરીરાજ સ્ટોન ક્રશરની પાછળ સંતાડેલી ૧૧૨ બોટલ કબ્જે કરી: અજાણ્યા શખ્સ સામે ગુનો નોંધાયો

**અબતક, ઋષિ મહેતા**

વાંકાનેર તાલુકા પોલીસે બાતમીના આધારે મકતાનપર ગામની સીમમાં ગીરીરાજ સ્ટોન ક્રશરની પાછળ આવેલા પાણીના વોકળામાં દરોડો પાડી રૂ.૬૩,૨૮૦/-કિંમતની વિદેશી દારૂની ૧૧૨ બોટલ કબજે કરી હતી.

વાંકાનેર તાલુકા પોલીસ સ્ટાફ પેટ્રોલિંગમાં હોય ત્યારે મળેલી બાતમીના આધારે મકતાનપર ગામની સીમમાં આવેલા ગીરીરાજ સ્ટોન ક્રશરની પાછળના પાણીના વોકળામાં દરોડો પાડવામાં આવ્યો હતો. તપાસ દરમિયાન પ્લાસ્ટિકના ઝબલાંમાંથી ગ્રીન લેબલ વ્હિસ્કીની ૭૦ બોટલ અને ૮પીએમ વ્હિસ્કીની ૪૨ બોટલ મળી કુલ ૧૧૨ બોટલ કિ.રૂ.૬૩,૨૮૦/- નો જથ્થો કબજે કરવામાં આવ્યો હતો. હાલ દારૂનો જથ્થો સંતાડનાર અજાણ્યા શખ્સ સામે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી વાંકાનેર તાલુકા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# વાંકાનેર નગરપાલિકા દ્વારા રસ્તાઓ પરથી લારી-ગલ્લા હટાવવા અભિયાન



**અબતક, લિતેશ ચંદારાણા, વાંકાનેર**

વાંકાનેર નગરપાલિકા દ્વારા શહેરના મુખ્ય માર્ગો પર દબાણ દૂર કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. નગરપાલિકાની ટીમે બુલડોઝર અને અન્ય સાધનોની મદદથી રસ્તાઓ પર ઉભેલા લારી-ગલ્લા, રેકડીઓ અને કેબિન દૂર કર્યા હતા.આ કાર્યવાહી દરમિયાન અનેક દબાણકર્તાઓમાં દોડધામ જોવા મળી હતી. માર્ગો પરથી દબાણ દૂર થતાં મુખ્ય રસ્તાઓ ખુલ્લા દેખાતા હતા, જેના કારણે વાહનવ્યવહાર પણ વધુ સુગમ બન્યો હતો.નગરપાલિકાના અધિકારીઓના જણાવ્યા મુજબ, જાહેર માર્ગો પરના ગેરકાયદે દબાણ દૂર કરીને નાગરિકોને અવરજવર માટે સરળતા ઉપલબ્ધ કરાવવાનો હેતુ છે.

હતા.સ્થાનિક લોકોમાં કેટલાકે કાર્યવાહીનું સ્વાગત કર્યું, જ્યારે કેટલાક અસરગ્રસ્તોએ પોતાના રોજગાર અંગે ચિંતા વ્યક્ત કરી હતી. હાલ નગરપાલિકા દ્વારા શહેરમાં દબાણમુક્ત માર્ગો જાળવી રાખવા માટે આગળ પણ જરૂરી કાર્યવાહી ચાલુ રાખવામાં આવશે.

# વાંકાનેરના મેસરીયા ગામે ઝેરી જીવજંતુ કરડતાં શ્રમિક યુવાનનું મોત

**અબતક, ઋષિ મહેતા**

વાંકાનેર તાલુકાના મેસરીયા ગામે ઝેરી જીવજંતુ કરડતાં સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયેલા મૂળ ઉત્તર પ્રદેશના ૩૮ વર્ષીય શ્રમિકનું મોત થયું હતું. વાંકાનેર તાલુકા પોલીસે અ.મોત દાખલ કરી આગળની તપાસ શરૂ કરી છે.

વાંકાનેર તાલુકાના મેસરીયા ગામમાં રહેતા અને મૂળ ઉત્તર પ્રદેશના બાગપત જીલ્લાના કિરઠલ ગામના વતની હેદરઅલી શ્યામુદ્દીન ચૌધરી ઉવ.૩૮ને ગત રાત્રે ડાબા કાનના ભાગે ઝેરી જીવજંતુ કરડ્યું હતું. જે બાદ તેમને સારવાર માટે વાંકાનેરની ગેલેક્સી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. બનાવ અંગે વાંકાનેર તાલુકા પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# સરાયા ગામની ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલાયો : એકની ધરપકડ

## ટંકારા પોલીસે રોકડા સહિત ૧૪૦૦૦નો મુદામાલ કબજે કર્યો



**અબતક, ઋષી મહેતા**

ટંકારા તાલુકાના સરાયા ગામમાં રહેણાંક મકાનમાં થયેલી રૂ.૧.૭૨ લાખની ઘરફોડ ચોરીના ગુનાનો ટંકારા પોલીસે ગણતરીના દિવસોમાં ભેદ ઉકેલી એક આરોપીની ધરપકડ કરી છે. આરોપી પાસેથી ચોરીના રોકડા રૂપિયા અને મોબાઈલ કબજે કરવામાં આવ્યા છે, જ્યારે અન્ય બે આરોપીઓને ઝડપી પાડવા તજવીજ હાથ ધરવામાં આવી છે.

ટંકારા તાલુકાના સરાયા ગામમાં ૧ અને ૨ ઓગસ્ટની મધરાત દરમિયાન અજાણ્યા તસ્કરોએ એક રહેણાંક મકાનમાં ઘૂસી લોખંડના કબાટની તિજોરીમાંથી આશરે બે તોલાની સોનાની માળા કિ.રૂ.૧.૫૭ લાખ અને રોકડા રૂપિયા ૧૫ હજાર મળી કુલ રૂ.૧.૭૨ લાખની ચોરી કરી હતી. આ અંગે ટંકારા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયા બાદ તપાસ શરૂ કરવામાં આવી હતી. ત્યારે ટંકારા પોલીસ મથકના પીઆઈ જે.ડી. ઝાલાના માર્ગદર્શન હેઠળ ટેક્નિકલ સર્વેલન્સ અને હ્યુમન સોર્સીસના આધારે તપાસ દરમિયાન રાજકોટ-મોરબી હાઈવે પર આર્ય સ્કૂલ સામે જબલપુરના પાટિયા પાસે શંકાસ્પદ હાલતમાં ફરતા એક યુવકને ઝડપી લેવામાં આવ્યો હતો.

પકડાયેલ આરોપીની પૂછપરછ દરમિયાન તેણે સરાયા ગામમાં ઉપરોક્ત ચોરી કર્યાની કબુલાત આપી હતી. જેથી પોલીસે આરોપી કરણભાઈ મનુભાઈ વાછાણી ઉવ.૨૦ રહે. હાલ દોલતપરા ઝૂંપડામાં જૂનાગઢ મૂળ રહે. જુના બસ સ્ટેન્ડની બાજુમાં કેશોદ વાળા પાસેથી ચોરીના મુદ્દામાલમાંથી રોકડા રૂ.૯,૩૦૦/- અને એક મોબાઈલ ફોન મળી કુલ રૂ.૧૪,૩૦૦/-નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો. જ્યારે ઉપરોક્ત ચોરીના ગુનામાં સંડોવાયેલા અન્ય બે આરોપી વિશાલ સોલંકી અને સુનીલભાઈ સોઢા બંને રહે. જુનાગઢ વાળાના નામ ખુલતા પોલીસે બન્ને આરોપીઓને ફરાર જાહેર કરી તેમની શોધખોળ ચાલુ કરી છે.

# જસદણના યુવાનને જર્મનની મહિલાના નામે છેતરનાર ત્રણ આફ્રિકન નાગરિકો ઝડપાયા

## ફેસબુક મારફતે યુવાનનો સંપર્ક કરી જીવનસંગીની બનવાના સપના બતાવી ફસાવ્યો'તો : ગિફ્ટ મોકલ્યાનું કહી અલગ અલગ ચાર્જ પેટે રૂ. ૬.૩૧ લાખ પડાવી લીધા'તા

## દિલ્હી ખાતેથી યુવતી સહીતની ત્રિપુટીની ધરપકડ કરી : આખેઆખું કોલ સેન્ટર ઉભું કરી ચેટ જીપીટી માફરતે અલગ અલગ ભાષામાં વાત કરી ઠગાઈ આચરતા હોવાનો ખુલાસો

### ત્રણેયના પાંચ દિવસના રિમાન્ડ મેળવાયા, સાયબર ફ્રોડની આખી ચેનલ ખુલવાની શક્યતા : એસપી વિજયસિંહ ગુર્જરના નેતૃત્વ હેઠળ રેન્જ સાયબર ક્રાઈમ પોલીસની કામગીરી

**અબતક, રાજકોટ**

જસદણના યુવાનનો ફેસબુક મારફતે સંપર્ક કરી જર્મનની મહિલાના નામે વાત કરી જીવનસંગીની બનવાના સપના બતાવી રૂ. ૬.૩૧ લાખની છેતરપિંડી આચરી લેવામાં આવી હતી. જર્મનની મહિલાની ઓળખ આપી સાયબર ચાંચીયાઓ દ્વારા ગિફ્ટ મોકલ્યાનું જણાવી પાર્સલ છોડાવવાના બહાને લાખો રૂપિયા પડાવી લેવામાં આવ્યા હતા. જે મામલે રાજકોટ રેન્જ સાયબર ક્રાઈમની ટીમે દિલ્હી ખાતેથી યુવતી સહીત ત્રણ આફ્રિકન નાગરિકોની ધરપકડ કરી પાંચ દિવસના રિમાન્ડ મેળવ્યા છે.

બનાવની વિગતો પર નજર કરવામાં આવે તો જસદણનો યુવાન જર્મનની મહિલાને જીવનસંગીની બનાવવા જતાં રૂ. રૂ. ૬.૩૧ લાખ ગુમાવવાનો વારો આવ્યો હતો. જર્મન નાગરિક તરીકેની ઓળખ આપનાર મહિલાએ હું તમારો સાથ ક્યારેય નહિ છોડું કહી લગ્ન કરવાનું જણાવ્યું હતું. જીવન સંગીની માની ચૂકેલ મહિલાએ મોકલાવેલ ગિફ્ટ દિલ્હી એરપોર્ટ પરથી છોડાવવા અલગ અલગ ચાર્જ પેટે યુવાન પાસેથી નાણાં ખંખેરી લેવામાં આવ્યા હતા. બાદમાં યુવાને તપાસ કરતા તેની સાથે ફ્રોડ થઇ ગયાનો ભાંડો ફૂટતા રેન્જ સાયબર ક્રાઈમ



પોલીસે ગુનો નોંધી તપાસ આદરી હતી.

જેમાં સાયબએ ક્રાઈમને મોટી સફળતા મળી છે અને દિલ્હીથી યુવતી સહીત ત્રણ આફ્રિકનની ધરપકડ કરી તપાસનો ધમધમાટ આદર્યો છે. સમગ્ર મામલે રાજકોટ જિલ્લા પોલીસ અધિક્ષક વિજયસિંહ ગુર્જરે 'અબતક'સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, સાયબર ફ્રોડના ગુનાની તપાસ દરમિયાન સાયબર ફ્રોડ આચરનાર શખ્સો દિલ્હી ખાતે હોવાનું સામે આવતા જ સાયબર ક્રાઈમની ટીમે દિલ્હી ખાતે દોડી જઈ યુવતી સહીત ત્રણ આફ્રિકન નાગરિકોની ધરપકડ કરી હતી. દિલ્હી ખાતે ત્રિપુટીએ કાયદેસરનું કોલ સેન્ટર ઉભું કરી દીધું હતું અને તેઓ ચેટ જીટીપી મારફત અલગ અલગ ભાષામાં વાત કરી લોકોને ફસાવતા હોવાનું સામે આવ્યું છે. વધુમાં તેમણે જણાવ્યું હતું કે, ત્રણેય શખ્સોના પાંચ દિવસના રિમાન્ડ મેળવવામાં આવ્યા છે અને હાલ સાયબર ફ્રોડના મૂળ સુધી પહોંચવા તપાસ શરૂ કરવામાં આવી છે.

# પીઠડીયા ટોલનાકેથી દારૂ ભરેલી કાર ઝડપાઈ ચોરખાનામાંથી ૩૦૪ બોટલ શરાબ કબ્જે

## રૂરલ એલસીબી ટીમનો દરોડો : દારૂ, મોબાઈલ, કાર મળી રૂ. ૨.૬૪ લાખના મુદ્દામાલ સાથે બેલડીની ધરપકડ

**અબતક, રાજકોટ**

વિરપુર નજીક પીઠડીયા ટોલનાકા નજીકથી રૂરલ એલસીબી ટીમે દારૂ ભરેલી કાર સાથે બેલડીની ધરપકડ કરી હતી. પોલીસે કારના ચોરખાનામાંથી ૩૦૪ બોટલ શરાબ કબ્જે કરી રૂ. ૨.૬૪ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.




રાજકોટ જિલ્લા પોલીસ અધિક્ષક વિજયસિંહ ગુર્જર દ્વારા ગ્રામ્ય વિસ્તારમાં દારૂ જુગારની ગેરકાયદે બદીને ડામવા અસરકારક કામગીરી કરવા સૂચના આપવામાં આવી હતી. જે સૂચના અનુસંધાને રૂરલ એલસીબી પીઆઈ જે પી રાવના માર્ગદર્શન હેઠળની ટીમ પેટ્રોલિંગમાં હતી. દરમિયાન પીએસઆઈ આર વી ભીમાણીની ટીમને હકીકત મળી હતી કે, એક દારૂ ભરેલી ઈન્ડીકા વિસ્ટા કાર જેના રજી નં. જીજે-૦૪-બીઈ-૨૯૭૩ ટૂંક સમયમાં વીરપુરના પીઠડીયા ટોલનાકા નજીકથી પસાર થનાર છે, જેમાં દારૂનો જથ્થો છુપાવવામાં આવે છે. જે હકીકત મળતાની સાથે રૂરલ એલસીબીની ટીમે વીરપુરના પિઠડીયા ટોલનાકા નજીક વોચ ગોઠવી હતી. દરમિયાન જીજે૦૪-બીઈ-૨૯૭૩ નંબરની ઈન્ડિકા વિસ્ટા કાર પસાર થતાં તેને અટકાવી કોર્ડન કરી કારની ઝડતી કરતા તેમાં બનાવેલ ચોરખાનામાંથી રૂ.૫૪,૨૯૬ ની કિંમતની દારૂની ૩૦૪ બોટલ મળી આવી હતી. જેથી રૂરલ એલસીબીની ટીમે શરાબ, બે મોબાઈલ અને કાર મળી રૂ. ૨,૬૪,૨૯૬ નો મુદ્દામાલ કબજે કરી દારૂની હેરાફેરી કરતા ફારુક ઈસ્માઈલભાઈ સિપાઈ (રહે. બહારપુરા,ધોરાજી) અને અમન રસુલભાઈ કુરેશી (રહે. ખાટકીવાસ, નવાગઢ, જેતપુર) ની ધરપકડ કરી હતી. દારૂના જથ્થા સાથે ઝડપાયેલા શખ્સો એમપી ખાતેથી દારૂની ખેપ મારીને આવતા હોવાનું પોલીસ સમક્ષ રટણ કર્યું હતું. ફારૂક અગાઉ એનડીપીએસ સહિતના ત્રણ ગુનામાં જયારે અમન દારૂના એક ગુનામાં પોલીસ ચોપડે ચડી ચૂકેલા હોવાનું પોલિસની પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે.

# ચોટીલામાં હાઈવે પર દારૂડીયાએ રોડ પર નખરા કર્યા : વીડિયો વાયરલ




**અબતક, રણજીતસિંહ ધાંધલ, ચોટીલા**

ચોટીલા દીધેલી રોડ તરફ જતા હાઈવે પર એક વ્યક્તિ રસ્તાની બાજુમાં બેભાન હાલતમાં પડેલો જોવા મળ્યો. પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર વ્યક્તિ નશાની હાલતમાં હોવાનું લાગી રહ્યું હતું.

રસ્તા પર ભારે ટ્રાફિક હોવા છતાં વ્યક્તિ આ રીતે પડ્યો હોવાથી અકસ્માતનો ભય હતો. ઘટનાનો વિડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયા બાદ સ્થાનિકોએ પોલીસની કાર્યવાહી અને રોડ સેફ્ટી અંગે સવાલો ઉઠાવ્યા છે.

વિડિયોમાં સ્પષ્ટ દેખાય છે કે ભારે ટ્રાફિક વચ્ચે પણ વાહનો તેની બાજુમાંથી પસાર થઈ રહ્યા છે. કોઈપણ સમયે મોટો અકસ્માત સર્જાઈ શકે તેમ હતો. સોશિયલ મીડિયામાં વિડિયો વાયરલ થયા બાદ નાગરિકોમાં પોલીસની કામગીરીને લઈ ભારે રોષ જોવા મળી રહ્યો છે.

# માધવપુર ઘેડ પોલીસે અકસ્માતમાં ઈજાગ્રસ્ત યુવાનને હોસ્પિટલે પહોંચાડી જીવ બચાવ્યો

**અબતક, આશિષ પોપટ, માધવપુર**

માધવપુર ઘેડ વિસ્તારમાં બાપા સીતારામ મંદિર પાસે એક મોટરસાઈકલ ચાલક અચાનક મોટરસાયકલ પરથી પટકાતા ગંભીર રીતે ઘાયલ થયો હતો. આ અકસ્માત દરમિયાન યુવાનને શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી અને તે લોહીલુહાણ હાલતમાં રોડ પર તરફડી રહ્યો હતો.

તે જ સમયે નવીબંદર પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર એસ.આર. ચૌધરી તથા આસિસ્ટન્ટ સબ-ઈન્સ્પેક્ટર આર.એમ. ઓડેદરા ત્યાંથી પસાર થઈ રહ્યા હતા. રોડ પર ગંભીર હાલતમાં પડેલા યુવાનને જોતા જ બંને પોલીસ અધિકારીઓએ ક્ષણનો પણ વિલંબ કર્યા વિના પ્રશંસનીય તત્પરતા દાખવી હતી. ઈમરજન્સી એમ્બ્યુલન્સ (૧૦૮)ની રાહ જોવામાં સમય બગડવાના બદલે, તેમણે માનવતાના ધોરણે ઘાયલ યુવાનને તાત્કાલિક પોતાની સરકારી બોલેરો ગાડીમાં બેસાડી દીધો હતો.લોહીલુહાણ હાલતમાં રહેલા આ યુવાનને સમયસર સારવાર મળી રહે તે માટે પોલીસ અધિકારીઓ તેને તાત્કાલિક નજીકની સરકારી હોસ્પિટલ ખાતે લઈ ગયા હતા અને તેને રિફર કરાવ્યો હતો. પોલીસ અધિકારીઓની આ સમયસૂચકતા અને ત્વરિત કામગીરીને કારણે યુવાનને સમયસર તબીબી સારવાર મળી શકી હતી, જેનાથી તેનો કિંમતી જીવ બચી ગયો છે.

માધવપુર ઘેડ અને નવીબંદર પોલીસના આ ઉમદા અને સંવેદનશીલ કાર્યથી સ્થાનિક જનતામાં પોલીસ વિભાગની છબી વધુ ઉજ્જવળ બની છે. મુશ્કેલીના સમયે 'પોલીસ પ્રજાનો મિત્ર છે' એ સૂત્રને સાર્થક કરી માનવતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડવા બદલ પીઆઈ એસ.આર. ચૌધરી અને એએસઆઈ આર.એમ. ઓડેદરાની સર્વત્ર પ્રશંસા થઈ રહી છે.

# ઉનાના સૈયદ રાજપરા ગામે જુગાર રમતા ચાર ઝડપાયા

**અબતક, ઊના**

નવાબંદર મરીન પોલીસ ના હેડ કોન્સ્ટેબલ દિનેશ કાનાભાઈ ગોહિલ, પોલીસ કોન્સ્ટેબલ સંજય ભાઈ વીરાભાઈ વાળા, મનુ ભાઈ લાખા ભાઈ વિગેરે સ્ટાફ પેટ્રોલિંગ માં હતા ત્યારે બાતમી મળી હતી કે સૈયદ રાજપરા ગામે જાહેર માં જુગાર રમતો હોય ખાણ વિસ્તાર માં બાપા સીતારામ ઓટા પાસે અમુક લોકો જુગાર રમતા હોય રેડ પાડતા મુકેશ નાનજી પરમાર, બિજલ નાનજી સોલંકી, છગન દાના ભાઈ બાંભણિયા, ચેતન કયુર સોલંકી રે. તમામ સૈયદ રાજપરા ને ગંજી પત્તા સાથે રોકડા રૂપિયા ૧૪૪૦૦/ સાથે પકડી નવાબંદર મરીન પોલીસ સ્ટેશન લઈ જઈ ગુનો દાખલ કરી કાર્યવાહી કરી હતી.

# બાબરાના લુણકી ગામે હોસ્ટેલમાં ન ગમતાં છાત્રાનો આપઘાતનો પ્રયાસ

## ઘરે પરત આવવાની પરિવારે ના પાડતાં સગીરાએ ફિનાઈલ પીધું

**અબતક રાજકોટ**

બાબરા તાલુકાના લુણકી ગામમાં હોસ્ટેલમાં રહીને અભ્યાસ કરતી ૧૫ વર્ષીય સગીરાને હોસ્ટેલમાં ન ગમતું હોય, ઘરે પરત લાવવા બાબતે પરિવારે ના પાડતાં મનમાં લાગી આવવાથી ફિનાઈલ પી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. સગીરાની તબિયત લથડતાં તેને તાત્કાલિક સારવાર અર્થે રાજકોટની સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવી છે, જ્યાં તબીબોની શંકાના આધારે પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.પ્રાપ્ત વિગતો મુજબ, બાબરાના લુણકી ગામની સગીરા ગત તા. ૪ ઓગસ્ટના રોજ બપોરે ૧૨:૦૦ વાગ્યાના આસપાસ પોતાના ઘરે હતી

ત્યારે અચાનક તેની તબિયત બગડી હતી. જેથી પરિવારજનો દ્વારા તેને ત્વરિત સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલના ખસેડવામાં આવ્યા હતા, હોસ્પિટલમાં દર્દીના સીટી સ્કેન રિપોર્ટ બાદ પોઈઝન (ઝેર)ની અસર હોવાની તબીબોને શંકા જતાં તેમણે તાત્કાલિક પોલીસને જાણ કરી હતી. હોસ્પિટલના બિછાને સગીરાએ જણાવ્યા મુજબ, તે ધોરણ ૧૦ માં અભ્યાસ કરે છે અને અગાઉ હોસ્ટેલમાં રહીને ભણતી હતી. તેને હોસ્ટેલમાં ગમતું ન હોવાથી પરિવારજનોને ઘરે લેવા આવવા કહ્યું હતું, પરંતુ પરિવારે તેને પરત લાવવાની ના પાડતાં તેણે મનમાં લાગી આવીને ફિનાઈલ ગટગટાવી લીધું હતું. ઉલ્લેખનીય છે કે, તમન્ના પોતાના માતા-પિતાની એકની એક પુત્રી છે અને તેના પિતાનું અગાઉ નિધન થઈ ચૂક્યું છે. હાલ સગીરાની તબિયત કયા ચોક્કસ કારણોસર લથડી છે તે તબીબી રિપોર્ટ આવ્યા બાદ જ સ્પષ્ટ થશે. પોલીસે સગીરાનું નિવેદન નોંધીને કાયદેસરની વધુ તપાસ હાથ ધરી છે.

# વડિયામાં યુવાન છરી વડે હુમલો

## બે શખ્સો સામે ફરિયાદ નોંધાય

**અબતક, માહિર સુમરા, વડિયા**


વડિયા ખાતે એક અજાણ્યા શખ્સ પર છરી વડે હુમલો કરવામાં આવ્યો હોવાની ફરિયાદ નોંધાતા વિસ્તારમાં ચકચાર મચી છે. આ મામલે વડિયા પોલીસ સ્ટેશનમાં બે શખ્સો સામે જીવલેણ હુમલો ગુનાઓ હેઠળ ફરિયાદ નોંધવામાં આવી છે. પીડિત પોતાના મિત્રો સાથે વિશાલભાઈ પરમારના ગેરેજ પાસે બેઠો હતો ત્યારે આરોપી અરમાન અલ્તાફભાઈ સંધી અને સદામભાઈ ઈશાભાઈ સોઢા, બંને રહે. વડિયા, મોટરસાયકલ પર ત્યાં આવ્યા હતા. બંનેએ અગાઉ ઢોળવાના રોડ પર વાહન લઈને નીકળવાની બાબતે બોલાચાલી કરી ગાળો આપી ઝઘડો શરૂ કર્યો હતો. આ દરમિયાન આરોપી અરમાન અલ્તાફભાઈ સંધીએ છરી કાઢી હુમલો કરવાનો પ્રયાસ કર્યો હતો. બચાવ દરમિયાન પીડિતના જમણા હાથની ટચલી આંગળીમાં છરી વાગતા ઈજા પહોંચી હતી. ત્યારબાદ પીડિતની બુમાબુમ સાંભળી બંને આરોપીઓ સ્થળ પરથી ફરાર થઈ ગયા હતા. ઈજાગ્રસ્તને સારવાર માટે વડિયા સરકારી દવાખાને ખસેડવામાં આવ્યો હતો, જ્યાં ફરજ પરના તબીબે જમણા હાથની ટચલી આંગળીમાં બે ટાંકા લીધા હોવાનું નોંધાયું છે.

# ગોંડલ : ૪૫ વર્ષની પ્રેમિકાને ૨૫ વર્ષના પ્રેમીએ ટ્રેન નીચે ફેંકી હત્યા કરી, ધરાર લગ્નની જીદ બની મોતનું કારણ

## મહિલાની લાશનો ભેદ રેલવે પોલીસે ગણતરીના કલાકોમાં ઉકેલ્યો:મૃતક મંજુલાબેન પતિથી અલગ રહેતી અને કેટરિંગમાં કામ કરી ગુજરાન ચલાવી : પરિવારજનોના વિરોધને કારણે પ્રેમી પ્રકાશે કંટાળીને પ્રેમિકાનો કાસળ કાઢવા પ્લાન બનાવ્યો

**અબતક, જીતેન્દ્ર આચાર્ય, ગોંડલ**

ગોંડલ માં ગુંદાળા ફાટકથી સાંઢીયાપુલ તરફ રેલવે ટ્રેક પાસેથી મહિલાનો મૃતદેહ મળી આવ્યાંની ઘટના માં પ્રથમ દ્રષ્ટિએ બનાવ અકસ્માત લાગતો હતો, પરંતુ રેલવે પોલીસે ઊંડાણપૂર્વક તપાસ કરતા આ કોઈ અકસ્માત નહીં પરંતુ હત્યા હોવાનો ચોંકાવનારો ઘટસ્ફોટ થયો છે. ૨૫ વર્ષના પ્રેમીએ પોતાની ૪૫ વર્ષની પ્રેમિકાને ધરાર લગ્નની જીદથી કંટાળીને ચાલુ ટ્રેને ધક્કો મારીને મોતને ઘાટ ઉતારી દીધી હોવાનું સામે આવ્યું છે. પોલીસે આરોપી પ્રેમીની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.



મળતી માહિતી મુજબ મંગળવાર સવારે ગુંદાળા ફાટક થી થોડે દુર રેલ્વે ટ્રેક પાસે મહીલાની લાશ પડી હોવાની જાણ થતાં રેલવે પોલીસ અને બી-ડિવિઝન પોલીસ ઘટનાસ્થળે દોડી ગઈ હતી. મૃતકના પર્સમાંથી મળેલા પુત્રના મોબાઈલ નંબરના આધારે પરિજનોનો સંપર્ક કરાયો હતો. જેમાં મૃતકની ઓળખ મંજુલાબેન વિનુભાઈ બારૈયા (ઉ.વ. ૪૫) તરીકે થઈ હતી. મૃતદેહ પર ઈજાના નિશાનો હોવાથી ફોરેન્સિક પોસ્ટમોર્ટમ માટે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો, જ્યાં તબીબોએ પ્રાથમિક રિપોર્ટમાં આ બનાવ હત્યા હોવાનું જણાવ્યું હતું.

પતિથી બે વર્ષથી અલગ રહેતી મંજુલાબેન પોલીસ તપાસમાં ખુલ્યું હતું કે, મંજુલાબેન છેલ્લા બે વર્ષથી પોતાના પતિથી અલગ રહેતા હતા. તેમનો પતિ ભાવનગરના અલંગમાં કામ કરે છે. તેમને સંતાનમાં બે દીકરા અને બે દીકરીઓ છે, જેમાંથી મોટી દીકરી જામનગર અને નાની દીકરી જામકંડોરણા સાસરે છે. મોટો દીકરો રીબડા રહીને ડ્રાઈવિંગ કરે છે, જ્યારે નાનો દીકરો જામકંડોરણા બહેન સાથે રહે છે. મંજુલાબેન ગોંડલના વોરાકોટડા રોડ પર આવેલા વિજયનગરમાં એકલા રહીને હોટેલ અને કેટરિંગમાં રસોઈનું કામ કરી પોતાનું જીવનનિર્વાહ ચલાવતા હતા.

પોલીસે મંજુલાબેન સાથે રિલેશનશિપમાં રહેતા પ્રકાશ સોલંકી (ઉ.વ. ૨૫) નામના શખ્સને ઉઠાવી આકરી પૂછપરછ કરતા તે પોલીસ સામે પોપટ બની ગયો હતો અને હત્યાની કબૂલાત આપી હતી. પ્રકાશે જણાવ્યું કે, થોડા સમય પૂર્વે બંને પરિચયમાં આવ્યા હતા અને બાદમાં પ્રેમસંબંધ બંધાયો હતો. મંજુલાબેન પ્રકાશ સાથે લગ્ન કરવા માંગતા હતા, પરંતુ ૪૫ વર્ષની પરિણીતાને પોતાના ઘરની વહુ બનાવવા પ્રકાશનો પરિવાર તૈયાર ન હતો.પ્રકાશે લગ્નની ના પાડવા છતાં મંજુલાબેન સતત લગ્ન માટે જીદ કરતા હોવાથી પ્રકાશે કંટાળીને તેમને કાયમી શાંત કરી દેવાનો પ્લાન ઘડ્યો હતો. વહેલી સવારે પાંચથી છ વાગ્યાના અરસામાં પ્રકાશે મંજુલાબેનને રેલવે ટ્રેક પાસે મળવા બોલાવી, ત્યાંથી પસાર થતી ટ્રેન નીચે ધક્કો મારી દીધો હતો.

બનાવ રેલવે પોલીસની હદમાં બન્યો હોવાથી રેલવે પોલીસના ઈન્ચાર્જ ડી.વાય.એસ.પી. એચ.એમ. રાણાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ કે.યુ. વાળા, હેડ કોન્સ્ટેબલ મધુરાજસિંહ જાડેજા સહિતના સ્ટાફે આ રહસ્યમય બનાવનો ભેદ ઉકેલી આરોપી પ્રકાશને સકંજામાં લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.


# સહૃદય શ્રધ્ધાંજલી



## સ્વ. કિરીટભાઈ ભગવાનજીભાઈ વિરમગામા

ઉંમર વર્ષ : ૪૮, સ્વ.તા. ૨૬-૦૭-૨૦૨૬, રવિવાર

શિસ્ત, સેવા, સર્મપણ, સાદગી અને સંસ્કારોથી પરિવાર, સગા-સંબંધીઓ તેમજ સમાજના દરેક વ્યકતિઓના હૃદયમાં સ્થાન મેળવી દરેકની જિંદગીમાં સુવાસ ફેલાવી આપ અનંતની યાત્રાએ જતા અમારા હૃદયમાં સદાય આપની યાદોને અમર કરી દીધી છે જે અમારા જીવન પર્યંત ભૂલી શકાશે નહીં.

આપના આ સદગુણોનું ઋણ ચૂકવવા અમારી પાસે આપના દિવ્ય આત્માને પરમ શાંતિ આપે એવી ઈશ્વર પાસેની પ્રાર્થના કરી આપનું ઋણ ચૂકવવા પ્રયાસ કરતા અમારી આંખો રડી પડે છે.

:: લી. ::

જાવિયા દયાબેન માવજીભાઈ
કાનાણી નર્મદાબેન પ્રાગજીભાઈ
લીખીયા વનીતાબેન રણછોડભાઈ
રાજકોટિયા શારદાબેન શાંતિલાલભાઈ

# સુરેન્દ્રનગર: નર્મદા કેનાલમાં યુવકે મોતની છલાંગ લગાવી

## મનપાની ફાયર ફાયટર ટીમ દ્વારા યુવકની લાશને બહાર કાઢી પીએમ અર્થે ખસેડવાની તજવીજ હાથ ધરી

**અબતક, ધનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**



સુરેન્દ્રનગર જિલ્લામાંથી પસાર થતી નર્મદા કેનાલ તેમજ ધોળીધજા ડેમમાં ડૂબી જવાથી અથવા અપમૃત્યુના બનાવો વધી રહ્યા છે. ત્યારે શહેરના દુધરેજ પાસેથી પસાર થતી નર્મદાની મુખ્ય કેનાલમાં એક યુવકે અગમ્ય કારણોસર ઝંપલાવ્યું હોવાની જાણ આસપાસના લોકોને થતા આ અંગે સુરેન્દ્રનગર મહાનગરપાલિકા તંત્રની ફાયર ફાયટર ટીમને કરતા ટીમ ઘટના સ્થળે આવી પહોંચી હતી અને અંદાજે બે કલાકની ભારે જહેમત બાદ યુવકની લાશને કેનાલમાંથી બહાર કાઢી હતી. જ્યારે પ્રાથમિક તપાસમાં મૃતક યુવક મફતિયાપરા વિસ્તારમાં રહેતો ગોવિંદભાઈ છેલાભાઈ ટોટા, ઉં.વર્ષ અંદાજે ૪૦ વાળો હોવાનું બહાર આવ્યું હતું. જે અંગે જાણ થતા મૃતકના પરિવારજનો સહિતનાઓ પણ સ્થળ પર આવી ગયા હતા અને લાશનો કબજો લઈ પીએમ અર્થે સરકારી હોસ્પિટલ ખસેડવાની તજવીજ હાથ ધરી હતી. જ્યારે આ સમગ્ર મામલે એ-ડિવિઝન પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# જૂનાગઢમાં એડમિશનના નામે લાખો રૂપિયાનું સ્કોલરશીપનું કૌભાંડ

## ગુજરાત એજ્યુકેશન નામની ઓફિસ ખોલી વિદ્યાર્થીઓ અને સરકાર સામે છેતરપીંડી: દર્શન મેસવાણીયાની ધરપકડ

**અબતક, દર્શન જોશી, જૂનાગઢ**

જૂનાગઢમાં શિક્ષણના નામે વિદ્યાર્થીઓ અને સરકાર સામે છેતરપિંડી કરી લાખો રૂપિયાની ઠગાઈ કરી હોવાનું મસમોટું કૌભાંડ બહાર આવ્યું છે, શહેરમાં શખ્સે ગુજરાત એજ્યુકેશન નામની ઓફિસ ખોલી, અનેક વિદ્યાર્થીઓના વિવિધ કોર્સમાં એડમિશન કરાવી, લાખો રૂપિયાની સ્કોલરશીપ ચાઉ કરી જવાના કારસ્તાનની પોલીસ દ્વારા તપાસ હાથ ધરાઈ છે, અને આ કૌભાંડમાં અન્ય લોકોની પણ સંડોવણી બહાર આવશે તેવું મનાઈ રહ્યું છે

જૂનાગઢ પેરોલ ફર્લો સ્કોડના પો.સ.ઈ. એસ.એ.સોલંકી એ જૂનાગઢના જોષીપરા, ગાંધારીવાડી વિસ્તારમાં રહેતા અને ઝાંઝરડા ચોકડી નજીક ગોલ્ડન સીટી-૩ માં ગુજરાત એજ્યુકેશન નામની ઓફિસ ચલાવતા મૂળ મેંદરડા તાલુકાના ચિરોડા ગામના આરોપી દર્શન નટવરદાસ મેસવાણીયા એ તથા તેની સાથે સંડોવાયેલ હોય તે આરોપીઓએ વિદ્યાર્થીઓને અલગ-અલગ કોર્ષમાં ફ્રીશીપ કાર્ડમાં એક્ષ્ટર્નલ અભ્યાસ કરવાનુ જણાવી, અસલ ડોકયુમેન્ટ મેળવી, પોતાની પાસે રાખી યુનીર્વસીટીમાં અલગ-અલગ કોર્ષમાં એડમીશન કરાવી, આરોપી દર્શન મેસવાણીયાએ પોતાની પાસે રહેલ ફીનો પેમેન્ટ બેંકની કોડથી વિદ્યાર્થીના નામના ફીનો પેમેન્ટ બેંકના એકાઉન્ટ ખોલાવી તેમજ અમુક વિદ્યાર્થીઓના ફીંગરપ્રીન્ટ લઈ તેની જાણ બહાર ફીનો પેમેન્ટ બેંક એકાઉન્ટ ખોલી તમામ વિદ્યાર્થીઓની રકમ ઉપાડી સરકાર તરફથી મળેલ સ્કોલરશીપની ઉચાપત કરી તેમજ કેટલાક વિદ્યાર્થીઓ પાસેથી રૂપિયા લઈને એડમીશન ના કરાવી આપી, આરોપીએ વિદ્યાર્થીઓ સાથે વિશ્વાસઘાત છેતરપીંડી કરી ગુન્હો કર્યા અંગેની બી.ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

જૂનાગઢમાં શિક્ષણના નામે વિદ્યાર્થીઓ અને સરકાર સામે છેતરપિંડી કરવાના આ કરતૂતમાં લાખો રૂપિયાની ઠગાઈ થઈ હોવાનું અને આ કારસ્તાનમાં અન્ય લોકોની પણ સંડોવણી હોવાનું મનાઈ રહ્યું છે, ત્યારે બી ડિવિઝન પો.ઈન્સ. ડી.વી.ડાંગર એ આ ફરિયાદના આધારે આરોપી દર્શન નટવરદાસ મેસવાણીયા ને પકડી પાડી, કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે, તથા આ મામલે ઝીણવટ ભરી તપાસ શરૂ કરાઈ છે.

# બે જુગારના અખાડામાં ૧૪ મહિલા પકડાઈ

## રાંદલનગર અને ગોકુલનગરમાં સર્વેલન્સ ટીમના દરોડા: કુલ રૂ.૭૦,૨૫૦ની રોકડ સાથે ગંજીપાનાના પત્તા સહિતનું સાહિત્ય કબ્જે

**અબતક, જામનગર**

જામનગર શહેરમાં મહિલાઓ દ્વારા રમાતા જુગારના બે અખાડા પર દરોડા પાડી ૧૪ મહિલાઓને ઝડપી પાડી હતી. બંને કાર્યવાહી દરમિયાન કુલ રૂ. ૭૦,૨૫૦ની રોકડ તેમજ ગંજીપાનાના પત્તા કબજે કરી જુગારધારા હેઠળ ગુના નોંધવામાં આવ્યા છે.

પ્રથમ બનાવમાં સીટી બી. ડિવિઝન પોલીસની સર્વેલન્સ સ્કોડે રાંદલનગર વિસ્તારમાં રામાપીર મંદિરવાળી શેરીમાં હર્ષાબેન કિશોરભાઈ ત્રિવેદીના ઘર પાસે જાહેરમાં ચાલતા તીનપત્તી 'રોન પોલીસ' જુગાર પર દરોડો પાડી નવ મહિલાઓને ઝડપી પાડી હતી. પકડાયેલી મહિલાઓમાં હર્ષાબેન કિશોરભાઈ ત્રિવેદી, કંચનબા નાથુભા જાડેજા, નયનાબેન જગદીશભાઈ મકવાણા, વિનાબા યુવરાજસિંહ ચુડાસમા, કૈલાશબા જુવાનસિંહ જાડેજા, રક્ષાબેન કિશોરકુમાર સોનૈયા, ચંદનબા દિશુભા રાઠોડ, ગીતાબા ભુપતસિંહ સોલંકી અને માનકુરબા હકુભા સોલંકીનો સમાવેશ થાય છે. પોલીસે રૂ. ૭,૦૫૦ની રોકડ અને ગંજીપાનાના પત્તા કબજે કરી જુગારધારા કલમ ૧૨ હેઠળ ગુનો નોંધ્યો હતો. ફરિયાદ સીટી બી ડિવિઝન સર્વેલન્સ સ્કોડના પોલીસ કોન્સ્ટેબલ સાજીદભાઈ રફીકભાઈ બેલીમે નોંધાવી હતી.

બીજા બનાવમાં સીટી સી. ડિવિઝન પોલીસની સર્વેલન્સ ટીમે ગોકુલનગરના સોહમનગર સોસાયટી વિસ્તારમાં આવેલા એક રહેણાંક મકાનમાં દરોડો પાડી પાંચ મહિલાઓને ઝડપી પાડી હતી. પકડાયેલી મહિલાઓમાં કાજલબેન રાજુભાઈ કેસરીયા મકવાણા, દીવાળીબેન વિજયભાઈ બાંભણીયા, દીનુબેન ભરતભાઈ મકવાણા, કાંતાબેન ટીનાભાઈ કુનતીયા તથા ઈલાબા મહિપતસિંહ જાડેજાનો સમાવેશ થાય છે. પોલીસે રૂ.૬૩,૨૦૦ની રોકડ તથા ગંજીપાનાના પત્તા કબજે કર્યા હતા. આ મામલે પોલીસ હેડ કોન્સ્ટેબલ યુવરાજસિંહ ભરતસિંહ જાડેજાની ફરિયાદના આધારે ગુનો નોંધવામાં આવ્યો છે, જ્યારે પીએસઆઈ આર.એલ. કંડોરીયાએ વધુ તપાસ હાથ ધરી છે.

# દ્વારકા: આરએસપીએલ કંપનીમાં થયેલી કેબલ ચોરીનો ભેદ ઉકેલાયો

## સાત આરોપીઓની ધરપકડ કરતી એલસીબી: રૂ.૯.૫૧ લાખનો મુદામાલ કબ્જે કર્યો

**અબતક, મહેન્દ્ર કક્કડ, દ્વારકા**



દ્વારકા નજીક કુરંગાસ્થિત RSPL ઘડી કંપનીમાં તાજેતરમાં પ્રોજેકટ સ્ટોરમાંથી થયેલ એલ્યુમીનીયમ તથા કોપર વાયર ચોરીનો ભેદ એલ.સી.બીએ ઉકેલી સાત આરોપીઓની ધરપકડ કરી છે. વીન્ડફાર્મ અને સોલાર પાવર કંપનીઓમાંથી પણ વાયર ચોરી કર્યાની કબૂલાત આપી છે. જિલ્લા પોલીસને કેટલાક શખ્સો મારૂતિ સુપર કેરી વાનમાં ચોરીનો વાયર ભરી ખંભાળીયા પોરબંદર હોવાની મળેલ બાતમીના આધારે રોડ પરથી જામનગર વેચવાના ઈરાદે જઈ રહ્યા એલ.સી.બી.ની ટીમે વોચ ગોઠવી સાતેય આરોપીઓને ઝડપી લીધા હતા. પૂછપરછ દરમ્યાન દ્વારકા નજીક કુરંગા વિસ્તારમાં આવેલ આર.એસ.પી.એલ. (ઘડી) કંપનીમાંથી રાત્રિના સમયે ફેન્સીંગ કૂદી, કટર અને અન્ય સાધનો વડે કેબલ કાપી વાયર ચોર્યાની કબૂલાત સામે આવી હતી. આ મામલે દ્વારકા પોલીસ સ્ટેશનમાં અંદાજે ૬ લાખ રૂપિયાની કિંમતનો ૫૦૦ મીટર (૨૯૫ કિલો) વાયર ચોરી અંગે ગુન્હો નોંધવામાં આવ્યો હતો. પોલીસે આરોપીઓના કબ્જામાંથી રૂપિયા ૯.૫૧ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે, જેમાં ૨૭૦ કિલો કોપર કેબલ, ૯૦ કિલો એલ્યુમીનીયમ કેબલ, રૂા.૪.૭૨ લાખની રોકડ, મારૂતિ સુપર કેરી વાન તેમજ વાયર કાપવાના સાધનોનો સમાવેશ થાય છે.

# સુત્રાપાડાના મિતાબેન બારડનો જન્મ દિવસ



મિતાબેન ક્રિપાલસિંહ બારડ સમાજ સેવા અને સામાજિક કાર્યોમાં હંમેશા અગ્રેસર રહે છે તેમના માર્ગદર્શન અને સહકારથી અનેક લોકોને મદદ મળી છે. તેમના દીર્ઘાયુ, સારા સ્વાસ્થ્ય અને ઉજ્જવળ ભવિષ્ય માટે સોમનાથ દાદાને તેમના મિત્રો અને પરિવારજનો દ્વારા પ્રાર્થના કરવામાં આવી રહી છે.

# વિદ્યાર્થિનીનો ઓનલાઈન પીછો કરનાર વૃષિત વાળા ઝડપાયો

## એ.આઈ.થી ફોટો એડિટ કરી ધમકી આપતો, વીડિયો કોલથી કરતો હેરાનગતિ: ફેક ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટના આધારે આરોપીની ઓળખ

**અબતક, જામનગર**



જામનગર સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનની ટીમે ૧૮ વર્ષની વિદ્યાર્થીનીનો સોશિયલ મીડિયા મારફતે સતત ઓનલાઈન પીછો કરી ધમકીભર્યા સંદેશા મોકલનાર તેમજ વીડિયો કોલ દ્વારા હેરાનગતિ કરનાર એક શખ્સને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

આરોપીએ ફરિયાદીના ભાઈનો ફોટોગ્રાફ ઓનલાઈન મેળવી એ.આઈ. ટૂલની મદદથી તેમાં ફેરફાર કરી યુવતીને ઈન્સ્ટાગ્રામ મારફતે મોકલ્યો હતો. સાથે જ તેના ભાઈને ગંભીર ઈજા અ પહોંચાડવાની ધમકી આપી માનસિક દબાણ ઊભું કરવાનો પ્રયાસ કર્યો હતો. ઉપરાંત આરોપી સતત અનિચ્છનીય માંગણીઓ કરી યુવતીને માનસિક રીતે હેરાન કરતો હોવાનું પણ સામે આવ્યું છે.

સાયબર ક્રાઈમ પોલીસે ટેકનિકલ તપાસ દરમિયાન ફેક ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટના આધારે સેટેલાઈટ પાર્ક વિસ્તારમાં રહેતા વૃષિત વ્રજલાલ વાળાની ઓળખ કરી તેની ધરપકડ કરી હતી. આરોપી સોશિયલ મીડિયા મારફતે વિદ્યાર્થીનીનો સતત પીછો કરતો હતો અને વારંવાર વીડિયો કોલ કરી તેના પર દબાણ કરતો હતો.

**(પહેલા પાનાનું ચાલું)**

**પ્લાસ્ટિક નોટો...**

મંજૂરી આપી દીધી છે. આ નોટો માટે જરૂરી કાચો માલ અને સામગ્રી મેળવવા માટે આરબીઆઈ દ્વારા ટેન્ડર પણ બહાર પાડવામાં આવ્યું છે.

**વગર ગુન્હાએ જેલમાં...**

આધારે ઊભો કરાયો હતો. પોલીસ દ્વારા થર્ડ-ડિગ્રીનો ઉપયોગ કરીને મેળવેલી કબૂલાત કાયદાકીય રીતે માન્ય ન હોવા છતાં નીચલી અદાલતે તેને આધારે સજા સંભળાવી હતી. સુપ્રીમ કોર્ટે દુઃખ વ્યક્ત કરતા નોંધ્યું કે આજે પણ સમાજના વંચિત અને ગરીબ વર્ગ સુધી સાચો ન્યાય પહોંચવામાં ઘણી અડચણો આવે છે. કાયદાકીય મદદ ગરીબોના ઘર સુધી પહોંચાડવાના દાવાઓ વચ્ચે ન્યાયતંત્રની આટલી મોટી ભૂલને કારણે એક વ્યક્તિના જીવનના ૨૨ વર્ષ હંમેશા માટે છીનવાઈ ગયા.

**(છેલ્લા પાનાનું ચાલુ)**

**'એક્ઝિટ કોન્ફરન્સ'...**

વ્યવસ્થા મુજબ હવે દરેક જિલ્લા, તાલુકા અને ગ્રામ પંચાયતનું ઑડિટ પૂર્ણ થતાં જ નિર્ધારિત દિવસે જિલ્લા વિકાસ અધિકારીની અધ્યક્ષતામાં ફરજિયાતપણે એક્ઝિટ કોન્ફરન્સ યોજાશે. તેમાં સ્થાનિક ભંડોળ હિસાબ વિભાગના વરિષ્ઠ ઑડિટ અધિકારીઓ ઑડિટ દરમિયાન સામે આવેલી ગંભીર ગેરરીતિઓ જ રજૂ કરશે. આ એક્ઝિટ કોન્ફરન્સમાં ઉચાપત, નિયમો વિરુદ્ધ થયેલી ખરીદી, ગેરકાયદેસર ભરતી, નાણાકીય અનિયમિતતા અથવા અન્ય ગંભીર વહીવટી ક્ષતિઓ અંગે સીધી ચર્ચા થશે અને જિલ્લા વિકાસ અધિકારી દ્વારા પ્રાથમિકતાના ધોરણે તાત્કાલિક શિસ્તભંગ, નિવારક અથવા કાનૂની કાર્યવાહી શરૂ કરી શકાશે. આથી ઑડિટ માત્ર કાગળ પરની પ્રક્રિયા નહીં રહે, પણ ત્વરિત નિર્ણય અને જવાબદારી નક્કી કરવાનું અસરકારક માધ્યમ બનશે.

**પ્રશિક્ષણ વર્ગ...**

સમગ્ર રાજ્યના તમામ મંડલોમાં પ્રશિક્ષણ વર્ગ યોજાઈ ગયા હતાં અને તે વર્ગોમાં કોઈ કારણસર ઉપસ્થિત ન રહી શકનાર પદાધિકારીઓ અને કાર્યકરો માટે પૂરક વર્ગ પણ યોજાઈ ગયા છે. હવે જિલ્લા-મહાનગરના પ્રશિક્ષણ વર્ગનું આયોજન થશે જેમાં પ્રદેશ દ્વારા નિયુક્ત વક્તાઓ અપેક્ષિત શ્રેણીના કાર્યકરોને વિવિધ વિષયો અંગે પ્રશિક્ષિત કરશે.

પ્રશિક્ષક પ્રશિક્ષણ કાર્યશાળા તથા આયોજન બેઠકમાં પ્રદેશ મહામંત્રી અનિરુદ્ધભાઈ દવે, ડો. પ્રશાંતભાઈ કોરાટ, અજયભાઈ બ્રહ્મભટ્ટ, હિતેન્દ્રસિંહ ચૌહાણ, પ્રશિક્ષણ મહા અભિયાનના પશ્ચિમ-મધ્ય ઝોનના ઈન્ચાર્જ કે. સી. પટેલ, પ્રશિક્ષણ મહા અભિયાનના પ્રદેશ ઈન્ચાર્જ રાજેશભાઈ પટેલ, વિવિધ વિષયો માટે પ્રદેશ દ્વારા નિયુક્ત વક્તાઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

**ખાતરની કાળાબજારી...**

રાજ્યના ખેતી નિયામકશ્રી દ્વારા રોજેરોજ મોનિટરિંગ કરવામાં આવશે.

મંત્રીએ વધુમાં ઉમેર્યું હતું કે, જો તપાસ દરમિયાન કોઈ પણ ડીલર કે એજન્સી સ્ટોકમાં અનિયમિતતા, વધુ ભાવ વધારો કે ટેગિંગ જેવી ગેરરીતિઓમાં દોષિત જણાશે તો તેમની સામે કડકમાં કડક કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે. રાજ્ય સરકાર ખેડૂતોને ખાતર પુરવઠો સરળતાથી અને યોગ્ય ભાવે ઉપલબ્ધ કરાવવા માટે સંપૂર્ણપણે કટિબદ્ધ છે.

**ગુજરાત યુનિવર્સિટી...**

દ્વારા પણ પોતાના શૈક્ષણિક કાર્યક્રમોનો વ્યાપ વધારી શકશે. ગુજરાત યુનિવર્સિટીની આ ઐતિહાસિક ઉપલબ્ધિ બદલ શિક્ષણ મંત્રી ડો.પ્રદ્યુમન વાજાએ યુનિવર્સિટી પરિવાર, અધ્યાપકો અને વિદ્યાર્થીઓને શુભકામનાઓ પાઠવી હતી. શિક્ષણ મંત્રી ડો.પ્રદ્યુમન વાજાએ આ ઉપલબ્ધિ અંગે ખુશી વ્યક્ત કરતા ઉમેર્યું હતું કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં ગુજરાતનું શિક્ષણ ક્ષેત્ર નવી ઊંચાઈઓ સર કરી રહ્યું છે. ગુજરાત યુનિવર્સિટીને મળેલું આ ગૌરવ રાજ્યના ઉચ્ચ શિક્ષણના ઈતિહાસમાં એક સુવર્ણ અધ્યાય છે, જે 'વિકસિત ગુજરાત @2047' અને 'વિકસિત ભારત @2047'ના સંકલ્પને સાકાર કરવામાં પાયાનો પથ્થર સાબિત થશે. શિક્ષણ મંત્રી ડો.પ્રદ્યુમન વાજાએ ઉમેર્યું હતું કે, ગુજરાત યુનિવર્સિટીને મળેલી આ મહત્ત્વપૂર્ણ સિદ્ધિ તેની ઉત્કૃષ્ટ શૈક્ષણિક ગુણવત્તા, ઉચ્ચ કક્ષાનું સંશોધન અને રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦-એનઈપી-૨૦૨૦ના અસરકારક અમલીકરણનું પરિણામ છે. આ ઐતિહાસિક સ્વાયત્તતાના પરિણામે વિદ્યાર્થીઓના કૌશલ્ય વિકાસ અને રોજગારીની તકોમાં અભૂતપૂર્વ વધારો થશે તેવો વિશ્વાસ મંત્રી ડો.વાજાએ મુક્યો હતો. શિક્ષણ મંત્રી ડો.પ્રદ્યુમન વાજાએ વધુમાં જણાવ્યું હતું કે, યુનિવર્સિટીને પ્રાપ્ત થયેલી આ ઐતિહાસિક સ્વાયત્તતાના પરિણામે હવે ગુજરાત યુનિવર્સિટીમાં ઉચ્ચ સ્તરનું સંશોધન, ઈનોવેશન, બહુવિષયક અભ્યાસક્રમો તથા આંતરરાષ્ટ્રીય કક્ષાના વૈશ્વિક શૈક્ષણિક સહયોગને એક નવી દિશા અને અભૂતપૂર્વ વેગ મળશે.

**જ્યુડિશીયલ કમિશન...**

સાથે નિરીક્ષણ કર્યું હતું કે, જીઆઈડીસીના દ્વારા સામેવાળા સાથે મિલીભગત કરીને કરોડો રૂપિયાનો ભ્રષ્ટાચાર કરેલો છે, આ સાથે એક જાગૃત નાગરિકે કરેલી પીઆઈએલને ગ્રાહ્ય રાખીને ભ્રષ્ટાચારથી ભરેલા પ્લોટ ફાળવણીના હુકમને હાઈકોર્ટે રદ કર્યો હતો અને ખુબજ ગંભીર ઓબ્ઝર્વેશન જીઆઈડીસીના અધિકારી સામે કરેલા હતા જેને સુપ્રીમકોર્ટે ફરી વખત પોતાના જજમેન્ટમાં નોંધીને એ સાબિત કરી આપ્યું છે કે જીઆઈડીસીમાં કેવો ભ્રષ્ટાચાર ચાલે છે. આ અંગે ઈન્કમટેક્ષ, સીબીઆઈ, અને ઈડીની તપાસ કેમ થતી નથી એ મોટો સવાલ છે? તેમ પૂર્વ સાંસદ શક્તિસિંહ ગોહિલે જણાવ્યું હતું. હાઈકોર્ટ અને સુપ્રીમકોર્ટના કડક વલણ પછી પણ ગુજરાતના ભ્રષ્ટ અધિકારીઓએ ૨૦ પ્લોટની સામે ખેતીની નજીવી કિંમતની જમીન આપી દેનાર વ્યક્તિને વળતરની રકમ આપવામાં પણ ખોટા અને મોટા ગફલા કરેલા હતા. સુપ્રીમકોર્ટે વળતર માટે ગુજરાત સરકારે જુના કાયદા મુજબ ૫.૮૫ કરોડો અને નવા કાયદા મુજબ ૨૪.૭૨ કરોડ અને વ્યાજ એમ મળીને વળતરના કરોડો રૂપિયા આપવાનો જે નિર્ણય કર્યો હતો તેને સુપ્રીમકોર્ટે રદ કરીને માત્ર ૧ કરોડ ૧૭ લાખ જેવી નજીવી રકમ વળતર માટે આપવા પાત્ર થાય છે તેમ નિર્ણયમાં જણાવેલા છે.

રાજ્યમાં નાના-નાના ઉદ્યોગકારોને પ્રોત્સાહન મળે, સ્થાનિકોને રોજી મળે તથા ઉદ્યોગોનો સંતુલિત વિકાસ થાય તે માટે જીઆઈડીસીની સ્થાપના કરવામાં આવી હતી. ભૂતકાળની કોંગ્રેસની સરકારોમાં અનેક અવિકસિત વિસ્તારોમાં નાની મોટી જીઆઈડીસી પૂરતા ઈન્ફ્રાસ્ટ્રકચર સાથે બનાવવામાં આવી હતી. આવા પ્રકારની જીઆઈડીસીઓ બનવાના કારણે અનેક નાના ઉદ્યોગકારો તથા વિશ્વકર્મા સમાજના ભાઈઓને ઉદ્યોગ કરવા માટેની તકો મળી અને સ્થાનિકોને રોજી પણ મળી હતી.

ગુજરાત સરકારમાં ભય મુક્ત ભ્રષ્ટાચાર ચાલે છે તેનું આ સૌથી મોટું ઉદાહરણ છે. સારું થયું કે એક જાગૃત નાગરિક દ્વારા હાઈકોર્ટમાં જાહેર હિતની અરજી (પીઆઈએલ) દાખલ કરવામાં આવી હતી અને ગુજરાત હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ બનેલી બેંચ દ્વારા ખુબ વિસ્તુત રીતે મેટરની છણાવટ બાદ જીઆઈડીસીના અધિકારીના ભ્રષ્ટ વલણને ઉજાગર કરીને કરોડો રૂપિયાની કિંમતના પ્લોટો નજીવી કિંમતની એગ્રીકલ્ચર લેન્ડ સામે ટ્રાંસફર કરવાનો નિર્ણય અને જીઆઈડીસીની નીતિની વિરુધ્ધનો નિર્ણય હતો તેને રદ કર્યો હતો. અધિકારી સામે સ્ટ્રીક્ચર પાસ કર્યા હતા. નામદર હાઈકોર્ટના આ પ્રસંશનીય ન્યાયી વલણ બાદ સુપ્રીમકોર્ટે પણ હાઈકોર્ટના નિરીક્ષણને અને જીઆઈડીસીમાં ચાલતા ભ્રષ્ટાચાર વિષે કરેલા સ્ટ્રીક્ચરને રીઈટ્રેટ કરીને (પુનઃ નોધીને) જીઆઈડીસીના ભ્રષ્ટાચારને ખુલ્લો કરેલ છે. આટલું બધું થયા હોવા છતાં પણ જ્યારે જીઆઈડીસી સાથે મિલાપણાથી ગેર વહીવટ કરનાર અરજદારને વળતરનો પ્રશ્ન આવ્યો ત્યારે સંપૂર્ણપણે ખોટી રીતે ગણતરી કરીને ૩૦ કરોડ કરતા વધારે રૂપિયાનું વળતર અને વ્યાજ આપવાનો પ્રયત્ન થયો. પરંતુ તાજેતરના સુપ્રીમકોર્ટના જજમેન્ટએ આ કોશિશ નાકામયાબ કરીને સ્પષ્ટ કરી આપ્યું છે કે માત્ર ૧ કરોડ ૧૭ લાખ ૧૬ હાજર અને ૯૦ રૂપિયા જ મળવા પાત્ર થાય છે. આ બધા પરથી સ્પષ્ટ થાય છે કે ગુજરાતમાં કેવા પ્રકારનો ભ્રષ્ટ વહીવટ ચાલી રહ્યો છે.

આ સંજોગોમાં કોંગ્રેસ પક્ષની માંગણી છે કે, હાઈકોર્ટ અને સુપ્રીમકોર્ટે જયારે સ્પષ્ટ રીતે જીઆઈડીસીના અધિકારીઓના ભ્રષ્ટ વહીવટ (માલાફાઈડ) ઈનટેશન માટે સ્ટ્રીક્ચર પાસ કર્યા છે ત્યારે સરકાર આવા અધિકારીઓ સામે કેમ કાર્યવાહી કરતી નથી. જીઆઈડીસીના અંદર સતત ચાલતા ભ્રષ્ટાચાર અને માત્ર ને માત્ર ભ્રષ્ટાચાર માટે અને મોટા માનીતાને મદદ કરવા માટે જીઆઈડીસીને જે નીતિઓ વારંવાર જે બદલાતી રહી છે તેના માટે જ્યુડિશિયલ કમીશનની તપાસ સોપવામાં આવે તપાસનો રિપોર્ટ જાહેર જનતામાં ખુલ્લો મુકવામાં આવે. સુપ્રિમ કોર્ટ દ્વારા સ્પેકટ્રમ અલોટમેન્ટ કેસમાં સ્પષ્ટ આદેશ અપાયો છે કે સરકારોએ કોઈપણ જમીન કે મિલકત હરાજી વગર કોઈને પણ આપવી નહીં છતાં જીઆઈડીસીએ અરજીઓ વગર હરાજીએ શા માટે પ્લોટ આપ્યા? અને બેઠા દરે જમીનો ફાળવી દેવાનું ગુજરાતમાં હજી પણ ષડયંત્ર કેમ ચાલે છે ? ઈડીને જીઆઈડીસીમાં મોકલવામાં આવે અને મની લોન્ડરિંગ અંગેનો કેસ દાખલ કરવામાં આવે. જીઆઈડીસીના નિયામક મંડળના સભ્યોની મિલકતની તપાસ ઈડી, ઈન્કમટેક્સ અને સીબીઆઈ દ્વારા સંયુક્ત રીતે કરવામાં આવે અને આ તપાસને પારદર્શક રાખીને ગુજરાતના લોકોને હકીકતોથી વાકેફ કરવામાં આવે.

**ગુજરાતની સોલાર ગર્લ...**

અલગ અને દેશોપયોગી કાર્ય કરવાની તમન્ના હતી. પોતાનું શિક્ષણ પૂર્ણ કર્યા બાદ તેણે પરંપરાગત વ્યવસાયોનો માર્ગ પસંદ કરવાને બદલે 'સેવા' સંગઠન સાથે જોડાઈને સોલર એનર્જી ક્ષેત્રમાં પ્રોફેશનલ તાલીમ મેળવવાનું નક્કી કર્યું. વિજ્ઞાન અને ટેકનિકલ ક્ષેત્રમાં સોલર પીવી ટેકનિશિયન તરીકેની તાલીમ પૂર્ણ કરીને આજે તે સોલર પેનલ ઈન્સ્ટોલેશન, ફિટિંગ, વાયરિંગ અને મેન્ટેનન્સ જેવા જટિલ ટેકનિકલ કામોમાં પૂર્ણ નિપુણતા ધરાવે છે.એક સમય હતો જ્યારે ભારે સાધનો અને ફિલ્ડ વર્કવાળા ટેકનિકલ ક્ષેત્રોમાં માત્ર પુરુષોનું પ્રભુત્વ જોવા મળતું હતું, પરંતુ પાયલે પોતાની કાર્યકુશળતાથી આ માન્યતાઓને પડકારીને એક નવી ઓળખ ઊભી કરી છે. તે સોલર પેનલ લગાવવાની કામગીરીની સાથે સાથે ગ્રામીણ યુવતીઓ અને મહિલાઓને કૌશલ્ય વિકાસ, રોજગાર અને આત્મનિર્ભરતા અંગે પણ જાગૃત કરી રહી છે. તેના માર્ગદર્શન હેઠળ આજે અનેક યુવતીઓ ટેકનિકલ તાલીમ મેળવીને આત્મનિર્ભર બની રહી છે, જે હરિત ઊર્જા અને મહિલા સશક્તિકરણ બંને ક્ષેત્રોને નવી દિશા આપી રહ્યું છે.પાયલના આ સમર્પિત અને પરિવર્તનકારી કાર્યની નોંધ દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ પણ પોતાના લોકપ્રિય રેડિયો કાર્યક્રમ 'મન કી બાત'ના ૧૩૨મા એપિસોડમાં લીધી હતી. વડાપ્રધાને પાયલના કાર્યોના મુક્તકંઠે વખાણ કરીને તેને ગ્રામીણ ભારતની યુવતીઓ માટે એક આદર્શ ઉદાહરણ ગણાવી હતી. દેશના સર્વોચ્ચ નેતૃત્વ દ્વારા મળેલી આ રાષ્ટ્રીય ઓળખ બાદ હવે સ્વતંત્રતા દિવસના રાષ્ટ્રીય સમારોહમાં વિશેષ અતિથિ તરીકે મળેલું સન્માન તેની આ સફરની સુવર્ણ સિદ્ધિ સમાન છે.આજે જ્યારે ભારત 'વિકસિત ભારત @2047'ના સંકલ્પ સાથે આગળ વધી રહ્યું છે, ત્યારે પાયલ મુંજપરા જેવી દીકરીઓ કૌશલ્ય વિકાસ, હરિત ઊર્જા, મહિલા સશક્તિકરણ અને આત્મનિર્ભરતાના સ્તંભોને મજબૂત કરી રહી છે. આ સફળતા સાબિત કરે છે કે યોગ્ય તક અને દ્રઢ સંકલ્પ હોય તો ગામડાની દીકરી પણ દેશના સર્વોચ્ચ મંચ સુધી પહોંચી શકે છે. પોતાની આ અભૂતપૂર્વ સિદ્ધિ અંગે હર્ષ અને આભાર વ્યકત કરતાં પાયલ મુંજપરા જણાવે છે કે, મેં 'સેવા' સંગઠન સાથે જોડાઈને સોલર પીવી ટેકનિશિયનની તાલીમ લીધી છે. આ તાલીમના આધારે જ હું આજે સોલર ક્ષેત્રમાં સફળતાપૂર્વક કામ કરી રહી છું. તાજેતરમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ 'મન કી બાત'ના ૧૩૨મા એપિસોડમાં મારી કામગીરીનો ઉલ્લેખ કર્યો, તેનો અમને ખૂબ જ આનંદ થયો હતો. હવે ૧૫મી ઑગસ્ટના રાષ્ટ્રીય સમારોહ માટે અમને વિશેષ આમંત્રણ મળ્યું છે. મને સ્વપને પણ ખ્યાલ નહોતો કે, મને દિલ્હી જઈને આવા ઐતિહાસિક કાર્યક્રમમાં ભાગ લેવાનો અને રાષ્ટ્રપતિ ભવનના મહેમાન બનવાનો મોકો મળશે. મારા આ નાના કાર્યને આટલું મોટું સન્માન આપવા બદલ હું ભારત સરકારનો હૃદયપૂર્વક આભાર માનું છું.

**વરસાદ...**

૧૪૮.૨૨ ટકા, થાસરામાં ૧૨૨.૬૬ ટકા, ખંભાતમાં ૧૦૦ ટકા, સોજીત્રામાં ૧૧૭.૦૫, સોજીત્રામાં ૧૦૩.૮૦ ટકા, માણાવદરમાં ૧૦૯.૭૪ ટકા, અંકલેશ્વરમાં ૧૦૦.૨૫ ટકા, નેત્રાંગમાં ૧૪૩.૪૯ ટકા, વાલોદમાં ૧૧૫.૪૯ ટકા, ડોલવાણમાં ૧૨૬.૭૯ ટકા, અંબિકામાં ૧૫૧.૬૬ ટકા, બારડોલીમાં ૧૧૨.૩૮ ટકા, કામરેજમાં ૧૧૯.૩૮ ટકા, માંગરોળમાં ૧૧૪.૬૦ ટકા, પાલસણા ૧૩૯.૨૯ ટકા, સુરતમાં ૧૦૯.૫૦ ટકા, ઉમરપાડામાં ૧૦૮.૯૧ ટકા, ચિખલીમાં ૧૨૬.૫૬ ટકા, ગણદેવીમાં ૧૦૨.૭૪ ટકા, જલાલપોરમાં ૧૨૮.૨૫ ટકા, નવસારીમાં ૧૦૫.૯૫ ટકા, વાસદામાં ૧૨૧.૯૨ ટકા, કપરાડામાં ૧૧૪.૪૨ ટકા, નાનાપોંઢામાં ૧૦૭.૯૩ ટકા, પારડીમાં ૧૩૦.૪૫ ટકા, વલસાડમાં ૧૧૧.૬૦ ટકા વરસાદ પડ્યો છે. રાજ્યમાં આગામી શનિવારથી વરસાદનું જોર વધશે.

**ઉદ્યોગપતિઓને આમંત્રણ...**

ઈન્વેસ્ટમેન્ટ સમિટની આગામી શ્રૃંખલા પૂર્વ રાજ્ય સરકાર દ્વારા અલગ અલગ ચારેય ઝોનમાં વાય બ્રન્ટ કોન્ફરન્સ યોજાઈ હતી. વાયબ્રન્ટની આગામી શ્રેણી માટે હવે પ્રચારનો ધમધમાટ શરૂ કરી દેવામાં આવ્યો છે. આગામી ૧૫ ઓગસ્ટથી ૧૫ સપ્ટેમ્બર સુધી મુખ્યમંત્રી, નાયબ મુખ્યમંત્રી અને રાજ્ય સરકારના છ મંત્રીઓ અલગ અલગ દેશોનો પ્રવાસ ખેડી ઉદ્યોગપતિઓને ગુજરાતમાં વિશ્વાસ સાથે મૂડી રોકાણ કરવાનું આમંત્રણ પાઠવશે.

# જોરાવરનગરમાં જયશ્રીબાઈ મહાસતીજી કાળધર્મ પામ્યા

**અબતક, રાજકોટ**



લીંબડી ગોપાલ સંપ્રધાયના પૂ. રામઉત્તમકુમાર મુનિના આજ્ઞાનુવર્તી પૂ. મંજુલાબાઈ મ.સ.ના સુશિષ્યા જયશ્રીબાઈ મ.સ. તા. ૫ ના જોબાળા ખાતે સમાધીભાવે કાળધર્મ પામ્યા છે. આજે તા. ૬ ને ગુરૂવારના રોજ જોરાવરનગરમાં રામધામ આરાધના ભવન ખાતેથી પાલખીયાત્રા નિકળી હતી. જોબાળાના વતની માતા વિજયાબેન અને પિતા અમૃતલાલ જેચંદના પુત્રી જયશ્રીબેનની દીક્ષા માડુંગા (મુંબઈ) સંઘમાં ૧૮/૧૨/૧૯૬૯ના માગસર સુદ-૧૦ના ઉજવાયેલ. એમ્બીવેલી બિરાજીત ધીરગુરૂદેવની નિશ્રામાં ગુણાંજલિ અર્પણ કરવામાં આવેલ.

# દુઃખદ અવસાન

## સદ્‌ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના

**રાજકોટ :** ગો.વા. હેમરાજભાઈ ઓધવજીભાઈ બુદ્ધદેવની પુત્રી ઈલાબેન અતુલભાઈ તન્ના (મુંબઈ ઉ.વ.૬૬) તે સ્વ. હસમુખભાઈ, નલીનભાઈ (દાણાપીઠ), હરીશભાઈ (અમદાવાદ), સ્વ. નીલમબેન નથવાણી, સરલાબેન રૂઘાણી, ઉષ્માબેન ત્રિકમાની, રંજનબેન સેજપાલના બહેન તા. ૩૧ ના રોજ અવસાન પામેલ છે. તેમની સાદડી તા. ૬ ના રોજ ગુરૂવારે સાંજે ૫ થી ૬ પંચનાથ મંદિર, લીમડાચોક રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટ :** મુળ ધોરાજી હાલ રાજકોટ ગુ.ક્ષ.કડિયા મંજુલાબેન ગોરધનભાઈ વાઘેલા (ઉ.વ.૭૮) તે ભરતભાઈ વાઘેલા તથા નિમિષભાઈ વાઘેલા (ગીગેવ ટ્રાવેલ્સ, ધોરાજી)ના માતાનું તા. ૩ ના રોજ સોમવારે અવસાન થયેલ છે. તેમનું બેસણું તા. ૭ ના રોજ શુકવારે સાંજે ૪ થી ૬ કલાકે બ્લોક નં. ૨૬૫, ગોકુલધામ સોસાયટી, ઉમિયા ચોક, ૧૫૦ ફૂટ રીંગ રોડ રાજકોટ અને બેસણું તા. ૮ ના રોજ શનિવારે સાંજે ૪ થી ૬ કલાકે શ્યામવાડી, રેલ્વે સ્ટેશન પાસે ધોરાજી ખાતે રાખેલ છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# હિંમતનગર પરિક્ષેત્રમાં કરોડોના વૃક્ષારોપણ કૌભાંડનો આક્ષેપ થતા ખળભળાટ

## વૃક્ષારોપણ અને વનીકરણ કાર્યોમાં ગંભીર ગેરરીતિઓ અને ભ્રષ્ટાચાર અંગે જાગૃત નાગરિકે આરોપ લગાવ્યાં

**અબતક, સંજય દિક્ષિત, સાબરકાંઠા**





સાબરકાંઠા સામાજિક વનીકરણ વિભાગના હિંમતનગર પરિક્ષેત્રમાં વર્ષ ૨૦૨૪-૦૨૫ દરમિયાન કરવામાં આવેલા વૃક્ષારોપણ અને વિવિધ વનીકરણ કાર્યોમાં ગંભીર ગેરરીતિઓ અને ભ્રષ્ટાચાર થયો હોવાના આક્ષેપ સાથે નાયબ વન સંરક્ષકને લેખિત ફરિયાદ કરવામાં આવતા ખળભળાટ મચી ગયો છે. ફરિયાદમાં સંબંધિત પરિક્ષેત્ર વન અધિકારી સામે કડક કાર્યવાહી કરવાની માંગ ઉઠાવવામાં આવી હોવાનું જાણવા મળે છે.

આ અંગે સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ અને ફરિયાદમાં જણાવ્યા મુજબ આર.કે.પંડ્યાના કાર્યકાળ દરમિયાન અનેક સ્થળોએ કાગળ પર હજારો રોપાઓ વાવવામાં આવ્યા હોવાનું દર્શાવાયું છે પરંતુ વાસ્તવિક સ્થળ તપાસમાં મોટી સંખ્યામાં રોપાઓ જોવા મળતા નથી. કેટલાક વિસ્તારોમાં રોપાઓના બદલે ખાડા,વાડબંધી અને અન્ય કામોના ખર્ચ દર્શાવી સરકારી નાણાંના દુરુપયોગના આક્ષેપ કરવામાં આવ્યા છે.

ફરિયાદકર્તાએ માંગ કરી છે કે વર્ષ ૨૦૨૪-૦૨૫ દરમિયાન મંજૂર થયેલા તમામ વનીકરણ કાર્યોની સ્થળ પર જઈને નિષ્પક્ષ તપાસ કરવામાં આવે,ગ્રાન્ટનો ઉપયોગ, વાવેતર,વાડબંધી અને અન્ય કામોની ચકાસણી કરવામાં આવે તેમજ દોષિત અધિકારીઓ સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે. જો કે, જાગૃત દ્વારા કરાયેલા આક્ષેપો કેટલા સાચા છે એ તો હવે તપાસ બાદ જ ખ્યાલ આવે તેમ છે.

સામાજિક વનીકરણ કચેરીના એ.સી.એફ ડાભીએ ટેલિફોનીક વાતચીતમાં જણાવ્યું હતું કે વૃક્ષારોપણ અને વિવિધ વનીકરણ કાર્યોમાં ગંભીર ગેરરીતિ અને ભ્રષ્ટાચાર મામલે આવેલ અરજી અનુસંધાને હાલમાં અમારા ઉચ્ચ અધિકારીની સુચનાથી આ અંગે તપાસ અમે કરી રહ્યા છીએ અને આ તપાસ ખૂબ નજીકના દિવસોમાં પૂર્ણ કરીને અમારા ડી.સી.એફ અધિકારીને સમગ્ર અહેવાલ મોકલી આપીશું તેમ જણાવવામાં આવ્યું છે.

# હિંમતનગરના હાથમતી વિયર પરના ઓવરબ્રિજનું કામ ૯૫ ટકા પૂર્ણ: ટૂંક સમયમાં ખૂલ્લો મૂકાશે



**અબતક, સંજય દિક્ષિત, સાબરકાંઠા**

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગરમાં હાથમતી વિયર પર બની રહેલા ઓવરબ્રિજનું લગભગ ૯૫ ટકા કામ પૂર્ણ થઈ ગયું છે. આશરે ૨૨ કરોડ રૂપિયાના ખર્ચે નિર્માણ પામેલો આ બ્રિજ હિંમતનગર,ખેડ તસિયા અને ઈડર સ્ટેટ હાઈવેને જોડશે. આનાથી શહેરીજનો અને વાહનચાલકોને શહેરમાંથી પસાર થવાની જરૂર નહીં પડે.

૨૧૦ મીટર લાંબા અને ફૂટપાથ સાથે ૧૬ મીટર પહોળા આ ઓવરબ્રિજનું મોટાભાગનું કામ પૂરું થઈ ગયું છે. જેમાં કલરકામ, વીજપોલ લગાવવા અને ફૂટપાથ પર બ્લોક બેસાડવા સહિતની કામગીરીનો સમાવેશ થાય છે. બંને તરફ ઓવરબ્રિજના જોડાણની કામગીરી અંતિમ તબક્કામાં છે.

બાકી રહેલા પાંચ ટકા કામમાં આરસીસી કામગીરી બંને તરફના એપ્રોચ રોડ પર પૂરણ,ફિનિશિંગ અને ડામર રોડ બનાવવાનો સમાવેશ થાય છે. આ કામગીરી પણ ઝડપથી ચાલી રહી છે. બાકીની કામગીરી પૂર્ણ થયા બાદ ટૂંક સમયમાં આ ઓવરબ્રિજનું લોકાર્પણ કરવામાં આવશે, જેનાથી સ્થાનિકોને મોટી રાહત મળશે.

# સુરેન્દ્રનગર: પાટડી શાખા ખેંતી બેંકની ચૂંટણી માટે અંતિમ દિવસે ૨૩ ઉમેદવારી ફોર્મ ભરાયા

**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

પાટડી શાખા ખેતી બેંકની ચૂંટણી માટે ઉમેદવારી ફોર્મ ભરવાની પ્રક્રિયા બુધવારે પૂર્ણ થઈ હતી. ઉમેદવારી ફોર્મ ભરવાની અંતિમ તારીખ તા.૦૫ ઓગસ્ટ સુધીમાં કુલ ૨૩ ઉમેદવારોએ પોતાના ઉમેદવારી ફોર્મ રજૂ કર્યા હતા. જેમાં

અંતિમ દિવસે બપોરે ૦૩ વાગ્યા સુધી ઉમેદવારી ફોર્મ સ્વીકારવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

જ્યારે આજે તા.૦૬ ઓગસ્ટના રોજ ઉમેદવારી ફોર્મની ચકાસણી બાદ માન્ય ઉમેદવારોની પ્રાથમિક યાદી જાહેર કરવામાં આવશે અને ત્યારબાદ તા.૦૭ ઓગસ્ટે અપીલોની સુનાવણી હાથ ધરાશે અને અપીલ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ ઉમેદવારી ફોર્મની અંતિમ ચકાસણી કરીને તા.૧૦ ઓગસ્ટે ઉમેદવારોની અંતિમ યાદી જાહેર કરવામાં આવશે અને જો ચૂંટણી જરૂરી બનશે તો તેના મતદાનની તારીખ ચૂંટણી તંત્ર દ્વારા બાદમાં જાહેર કરવામાં આવશે.

# સુરેન્દ્રનગરમાં ૨૫ ઓગસ્ટે સ્વાગત કાર્યક્રમ

## તાલુકા કક્ષાના પ્રશ્નો માટે ૧૦ ઓગસ્ટ સુધી અરજી કરી શકાશે

**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર જીલ્લામાં શહેરી તેમજ ગ્રામ્ય વિસ્તારના લોકોના પ્રશ્નો અને સમસ્યાના નિવારણ હેતુ ફરિયાદ નિવારણ કાર્યક્રમ અંતર્ગત ચાલુ મહિનામાં આગામી તા.૨૫ ઓગસ્ટના રોજ સવારે ૧૦.૩૦ કલાકે તમામ તાલુકાની મામલતદાર કચેરી ખાતે તાલુકા કક્ષાનો સ્વાગત કાર્યક્રમ યોજાશે.

આથી તાલુકા કક્ષાના પ્રશ્નો, ફરિયાદો માટે આગામી તા.૧૦ ઓગસ્ટ સુધીમાં વેબસાઈટ પર સાંજના ૬.૦૦ કલાક સુધીમાં ઓનલાઈન અરજી કરવાની રહે છે. અરજદારે ઓનલાઈન અરજી કરી હોય તે તમામ આધારોની પીડીએફ ઓનલાઈન અરજીમાં અપલોડ કરવાની હોય છે. અલગ-અલગ વિષય દર્શાવતાં પ્રશ્નો માટે અલગ-અલગ અરજી કરવાની રહેશે. તેમજ જે રજુઆતો નીચલી કક્ષાએ વારંવાર થઈ હોય અને તેનું નિરાકરણ ન થતું હોય તેવી અરજીઓ આ કાર્યક્રમમાં સમાવેશ કરવાનો થતો હોવાથી તેના આધારો સાથે ફરીયાદ નિવારણ કાર્યક્રમમાં ઓનલાઈન અરજી કરી તે તમામ આધારોની પી.ડી.એફ. ઓનલાઈન અરજીમાં અપલોડ કરવાની રહેશે. અત્રે ઉલ્લેખનીય છે કે સરકારી કર્મચારીઓની સેવા વિષયક બાબતને લગતા પ્રશ્નો અને કોર્ટ મેટર કે અપીલ તેમજ વિવાદ હેઠળના પ્રશ્નોનો કે બેન્કિંગ અંગેના પ્રશ્નો કે ભૂકંપને લગતા પ્રશ્નોનો સમાવેશ કરવામાં આવશે નહી.

# નાબાર્ડના ચીફ જનરલ મેનેજર સાબરકાંઠા બેંકની વિકાસયાત્રાથી પ્રભાવિત થયા

**અબતક, સંજય દિક્ષિત, સાબરકાંઠા**



સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં ખેડૂતોને નિયમીત રીતે ધિરાણ આપતી તથા સ્થાનિક શાખાઓ મારફતે બેંકના ખાતેદારોને સરકારની વિવિધ યોજનાઓનો લાભ આપવા માટે સદાય તત્પર એવી સાબરકાંઠા બેંકની મંગળવારે નાબાર્ડના ચીફ જનરલ મેનેજર જી.વી. સુનિલકુમારે બેંકના નિયાકમ મંડળ સાથે સકારાત્મક સંવાદ દરમિયાન બેંકના મહિલા ચેરમેન હંસાબેન પટેલ તથા નિયામક મંડળના ડિરેક્ટરોની ઉપસ્થિતિમાં બેંકે કરેલી કામગીરીની મુક્તકંઠે પ્રશંસા કરીને બેંકની વિકાસયાત્રાથી પ્રભાવિત થયા હતા. આ પ્રસંગે નાબાર્ડના નરેશ રામણી,રાજુ ધુલે,આદિત્ય જાદવ અને મનોજ હરચંદાણી તથા બેંકના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

# નાવદ્રા ખાતે પૂણ્યાનુમોદન કાર્યક્રમમાં બૌદ્ધ વિચારોના પ્રસાર માટે અનોખી પહેલ



**અબતક, રામસિંહ મોરી, સુત્રાપાડા**

વેરાવળ તાલુકાના નાવદ્રા ગામના દિવંગત મંગાભાઈ બામણીયા નો પુણ્યાનુમોદન કાર્યક્રમ યોજાઈ ગયો આ કાર્યક્રમ માં ભગવાનભાઈ સોલંકીએ એક વિશેષ અને અર્થપૂર્ણ પરંપરાની શરૂઆત ને જાળવી રાખી છે. તેમણે તેમના પરિવાર કાનજીભાઈ બામણીયાને બૌદ્ધ પ્રતીમાં ભેટ તરીકે અર્પણ કરીને બુદ્ધના વિચારોને ફેલાવવાની પ્રશંસનીય પહેલ કરી હતી.

ભગવાનભાઈએ કહ્યું કે પુણ્યાનુમોદન જેવા કાર્યક્રમો ફક્ત શ્રદ્ધાંજલિ સુધી મર્યાદિત ન રહે, પરંતુ તેમાંથી સકારાત્મક વિચારો, જાગૃતિ અને બુદ્ધના કરુણા-સંદેશનો પ્રસાર થાય. આ જ ઉદ્દેશથી તેઓ હવે દરેક પુણ્યાનુમોદનમાં બૌદ્ધ પ્રતિકૃતિ ભેટ આપવાની પરંપરા ચાલુ રાખશે. આ પ્રસંગે મનુભાઈ પરમાર,ગોવિંદભાઈ ચાવડા ,દિનેશભાઈ વાળા, ટી.સી. પરમાર,માનસિંહભાઈ ચાવડા,રામભાઈ વાળા,ડાયાભાઈ વાણવી,સવજીભાઈ રાઠોડ વિગેરે સહભાગી થયા હતા.

# ભૂજ: કલેક્ટર કચેરી ખાતે દીકરીઓએ મોક સંકલન યોજી પ્રશ્નો અને તેના ઉકેલ પર મનોમંથન કર્યુ

## પદાધિકારીઓ તથા ઉચ્ચઅધિકારીઓની ભૂમિકા ભજવી દીકરીઓ વહીવટી કામગીરીથી માહિતગાર થઈ

**અબતક, નવીનગીરી ગોસ્વામી, ભૂજ**

દીકરીઓ માત્ર ભણે નહીં પરંતુ તેમણે સેવેલા સપના પણ સાકાર કરે તે માટે રાજ્ય સરકાર પ્રતિબદ્ધ છે તેનું ઉદાહરણ આજે કચ્છ વહીવટી તંત્રની એક આગવી પહેલરૂપે જોવા મળ્યું હતું. એક દિવસ માટે ચૂંટાયેલા પદાધિકારીઓ તથા વહીવટી અધિકારીઓની ભૂમિકા ભજવીને કચ્છની દીકરીઓએ કલેક્ટર કચેરી ખાતે મોક સંકલન યોજી હતી. મોક સંકલનના માધ્યમથી દીકરીઓ મંત્રી, સાંસદ, ધારાસભ્ય સહિતના પદાધિકારીઓ



તથા કલેક્ટર, એસ.પી, ડીડીઓ સહિતના ઉચ્ચ અધિકારીઓની ભૂમિકા અદા કરીને તેમની કામગીરી તેમજ વહીવટી પ્રક્રિયાથી પરિચિત બનીને ગ્રહણ કરેલ હોદા માટે એક ગૌરવપૂર્ણ લાગણી અનુભવી હતી.

ભુજ ખાતે કલેક્ટર કચેરી ખાતે શક્તિ લીડરશીપ મોક સંકલનનું આયોજન કરવામાં આવ્યું હતુ. જેમાં ધો.૧૦ થી કોલેજ સુધીનો અભ્યાસ કરતી ૧૦૬ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. દર માસે યોજાતી સંકલનની પ્રતિકૃતિરૂપ આજે યોજાયેલી મોક સંકલનમાં આ વિદ્યાર્થિનીઓ રાજ્યમંત્રી, સાંસદ, સર્વ ધારાસભ્યઓ તથા જિલ્લા પંચાયત પ્રમુખ સહિતના પદાધિકારીઓની ભૂમિકા ભજવીને કચ્છને સતાવતા પ્રશ્નોની રજૂઆતો કરી હતી. આ સાથે કલેક્ટરશ્રી, એસ.પી., જિલ્લા વિકાસ અધિકારીશ્રી સહિત વહીવટના ઉચ્ચ અધિકારીઓની ભૂમિકા ભજવીને તેના ઉકેલ સાથે તેના જવાબ આપીને મોક સંકલનમાં ભાગ લીધો હતો. બેઠકમાં વિદ્યાર્થિનીઓએ પોતાની ભૂમિકા બખૂબી બજાવીને કચ્છના વિવિધ વિસ્તારના આરોગ્ય, મહિલા, રસ્તા, પાણી સહિતના પ્રશ્નોની રજૂઆત કરીને તેના ઉકેલ અંગે મનોમંથન કર્યું હતું.

# વેરાવળની રક્ષા પરમાર મુસીબતના સમયમાં ઘરની 'રક્ષા' બની

## અભ્યાસ સાથે ટેભે-ટેભે જીવનનું ઘડતર કરવાની પ્રેરણાદાયી કહાની

**અબતક, અતુલ કોટેચા, વેરાવળ**



ઘરના મોભી અને આર્થિક ચાલકબળ એવા પિતાનું અચાનક હાર્ટએટેકથી અવસાન થતાં ઘર પર મુસીબતનો પહાડ તૂટી પડ્યો પરંતુ આ ઘરની દીકરીએ આ મુસીબતમાં પોતાની ધીરજ અને અડગ મનોબળથી ઘરનો મજબૂત ટેકો બનીને ઘરને મજબૂત સ્થિરતા આપી છે.

વાત છે વેરાવળની કોળીવાડા વિસ્તારમાં રહેતી રક્ષા પરમારની કે, જે અચાનક જ તેના પિતાનું અવસાન થતાં તેમની જગ્યાએ સીવણકામ કરીને ઘરની આધાર,રક્ષા અને સુરક્ષા બની છે. અભ્યાસ સાથે-સાથે તે ટેભે-ટેભે જીવનનું ઘડતર પણ કરી રહી છે.

આ અંગે રક્ષાબહેન પરમારે જણાવ્યું હતું કે, તેમના પિતા ચંદુભાઈ કોળીવાડા વિસ્તારમાં રોડ પર સામાન્ય કેબિનમાં સીવણકામ કરતાં હતાં પરંતુ થોડા સમય પહેલા અચાનક હ્રદયરોગના હુમલાને કારણે તેમનું મૃત્યું થયું હતું. આ સમયે ઘર પર અચાનક જ આર્થિક મુસીબત આવી પડી હતી.

પપ્પા પાસેથી શીખેલી સીવવાની કલા તેમને કામમાં આવી અને તેઓએ બજાર વચ્ચે પુરુષ આધિપત્યવાળા વ્યવસાયમાં એક સ્ત્રી તરીકે કામ કરવાનું શરુ કર્યું હતું. ધીમે-ધીમે લોકો પણ તેમનામાં વિશ્વાસ મૂકીને નાનું-મોટું સીવણનું કામ આપવા લાગ્યાં છે.

રક્ષાબહેન આત્મનિર્ભર બની આર્થિક મોરચે પરિવાર વધુ સશક્ત બને તે દિશામાં ડગ માંડી રહ્યાં છે અને અન્ય મહિલાઓને પણ આત્મનિર્ભર બનવા પ્રેરિત કરી રહ્યાં છે. રક્ષાબહેનની નાની એવી પરંતુ પ્રારબ્ધ સામે પરિશ્રમથી લડવાની પ્રેરણાદાયી કહાની છે. આ કહાનીથી જો સમાજમાં ક્યાંક પણ નાનો એવો પ્રકાશ ફેલાશે તો મહિલા નેતૃત્વ દિવસની ઉજવણી સાર્થક સાબિત થશે.

# જૂનાગઢ જિલ્લાની ૩૦૦થી વધુ આંગણવાડી બહેનો ગાંધીનગર ખાતે આંદોલનમાં જોડાશે

## પગાર વધારા સહિતના પડતર પ્રશ્નોના નિરાકરણ માટે ઉકેલાતાં ૯-૧૦ ઓગસ્ટે દેખાવો કરશે

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

રાજ્યભરની આંગણવાડી બહેનો દ્વારા પગાર વધારા સહિતની અનેક પડતર માગણીઓના નિરાકરણ ના આવતા આગામી તા. ૯ ઓગસ્ટે ગાંધીનગરમાં રેલી તથા ૧૦ ઓગસ્ટે રસ્તા રોકો આંદોલન કરી વિરોધ પ્રદર્શન કરવાણી છે ત્યારે જૂનાગઢ જિલ્લાની ૩૦૦થી વધુ આંગણવાડી બહેનો ગાંધીનગરના આંદોલનમાં જોડાશે.

લાખો ભૂલકાઓના ઘડતરને લઈ કાર્યરત એવી રાજ્યભરની આંગણવાડી બહેનો દ્વારા પગાર વધારા સહિતની અનેક પડતર માગણીઓ સરકાર સમક્ષ પડતર છે, અને આંગણવાડી કાર્યકર તથા તેડાગર બહેનોના પગારમાં વધારો કરવા માટે અદાલતે આદેશ પણ આપ્યો છે છતાં સરકાર દ્વારા તેને ધ્યાને લેવાતો નથી. આ સાથે આંગણવાડીના કર્મચારી બહેનો દ્વારા તેમને કાયમી કરવાની માંગ, નિશ્ચિત નિવૃત્તિ વય મર્યાદા, પેન્શન અને પીએફ સહિતના પ્રશ્નો અંગે અવારનવાર રજૂઆત કરવામાં છતાં હજુ સુધી કોઈ ઉકેલ આપવાના બદલે સરકાર દ્વારા માત્ર ખાતરી જ અપાઈ છે. ત્યારે આંગણવાડી બહેનો એ પડતર પ્રશ્નોના નિરાકરણ લઈ આવવા સરકાર સામે વિરોધનું રણશિંગુ ફૂંકાયું છે. રાજ્યભરની આંગણવાડી બહેનો દ્વારા આગામી ૯ ઓગસ્ટના અમદાવાદમાં રેલી અને ૧૦ ઓગષ્ટના માર્ગો પર પ્રદર્શન કરાશે. અને એ રેલી અને વિરોધ કાર્યક્રમમાં જૂનાગઢ જિલ્લાના ૩૦૦થી વધુ આંગણવાડી કર્મચારીઓ જોડાશે. અને સરકાર દ્વારા આ વિરોધ પ્રદર્શન બાદ પણ પડતર ઉકેલ નહીં આવે તો આંગણવાડી મહિલા કર્મીઓ ઓક્ટોબર માસમાં દિલ્હીમાં ઉગ્ર દેખાવ કરવામાં આવશે અને જેલ ભરો આંદોલન કરશે તેવી ચિમકી આપવામાં આવી છે.

# સુત્રાપાડાના પ્રશ્નાવડા ગામે વરૂણ દેવને રીઝવવા પર્જન્ય યજ્ઞમાં આહુતિ અર્પણ કરાય



**અબતક, રામસિંહ, સુત્રાપાડા**

સુત્રાપાડા તાલુકાના પ્રશ્નાવડા ગામના ગ્રામજનોએ અને ભૂદેવોએ પ્રાચીન વૈદિક પરંપરા અનુસાર વરૂણ દેવને પ્રસન્ન કરવા માટે વિશેષ વરુણ યજ્ઞ અને પર્જન્ય યજ્ઞનું આયોજન કર્યું. યજ્ઞ દરમિયાન બ્રાહ્મણોએ જળમાં બેસીને વૈદિક મંત્રોચ્ચાર સાથે આહુતિ અર્પણ કરી.

વરસાદની રાહ જોતા ખેડૂતો માટે દરેક દિવસ ચિંતાનો વિષય બની રહ્યો છે. સુત્રાપાડા તાલુકાના પ્રશ્નાવડા ગામમાં ગ્રામજનોએ પ્રાચીન પરંપરાને જીવંત રાખતાં વરૂણ યજ્ઞ અને પર્જન્ય યજ્ઞનું આયોજન કર્યું. વૈદિક મંત્રોચ્ચાર વચ્ચે બ્રાહ્મણોએ પાણીમાં બેસીને વરૂણદેવ અને પર્જન્ય દેવને આહુતિ અર્પણ કરી. આયોજકોના જણાવ્યા મુજબ વેદ, ઉપનિષદ અને પુરાણોમાં વર્ણવાયેલી આ પરંપરા ઋષિ-મુનિઓના સમયથી ચાલી આવી છે. સમગ્ર વિશ્વનું કલ્યાણ થાય અને સારો વરસાદ વરસે તેવી ભાવના સાથે યજ્ઞ યોજાયો.

સુત્રાપાડા તાલુકાના પ્રશ્નાવડા ગામમાં યોજાયેલા વરૂણ યજ્ઞ દ્વારા ગ્રામજનોએ વરસાદ માટે સામૂહિક પ્રાર્થના કરી છે. હવે સૌની નજર આકાશ તરફ છે કે વરૂણદેવ ખેડૂતોની પ્રાર્થના સ્વીકારી વરસાદની મહેર કરે અને મુરઝાતા પાકને નવજીવન મળે.

# સાબરકાંઠા: ભાજપ દ્વારા ત્રિદિવસ તિરંગા યાત્રા યોજાશે



## ૧૬ ઓગષ્ટે સમરસતા સંકલ્પ અભિયાન અંતર્ગત કળશયાત્રાનું આયોજન કરાયું

**અબતક, સંજય દિક્ષિત, સાબરકાંઠા**

સાબરકાંઠા ભાજપ દ્વારા હર ઘર તિરંગા અભિયાન અંતર્ગત તા.૧૧થી ૧૩ ઓગષ્ટ સુધી દરેક મંડલમાં તિરંગા યાત્રા યોજાનાર છે. ત્યારે તે સંદર્ભે મંગળવારે હિંમતનગર ખાતે બેઠકનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં દરેક ઘર પર તા.૧૦થી ૧૪ ઓગષ્ટ સુધી તિરંગો ધ્વજ લહેરાવાના કાર્યક્રમ અંગે ઉપસ્થિત કાર્યકરો અને હોદ્દેદારોને વિસ્તૃત સમજ આપવામાં આવી હતી. આ બેઠકમાં જિલ્લા સંગઠન પ્રભારી બ્રિજરાજસિંહ ઝાલા તથા જિલ્લા ભાજપ પ્રમુખ કનુ પટેલે બેઠકમાં ઉદ્બોધન કરતા જણાવ્યુ હતુ કે દર વર્ષની જેમ ભાજપ દ્વારા લોકોમાં રાષ્ટ્ર પ્રત્યેની ભાવના વધુ જાગૃત બને તે માટે તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવે છે.

આ યાત્રા દરેક મંડલમાં બે કિલોમીટર લાંબી નિકળે તે માટે પક્ષના હોદ્દેદારો અને કાર્યકરોને સમજ આપવામાં આવી હતી. યાત્રા દરમિયાન તિરંગો ધ્વજ, ખેસ અને ટેબલોનું પણ આયોજન કરવા માટેની તૈયારીઓ અગાઉથી કરવા માટે અનુરોધ કરવામાં આવ્યો હતો. ૮૦મા સ્વાતંત્ર્ય દિવસ અંતર્ગત રાષ્ટ્ર પ્રથમ સંકલ્પ સાથે વિકસીત ભારતના નિર્માણની પ્રતિબશ્રધ્ધતા કળશ યાત્રા દરમિયાન ગામના મંદિરોમાં કળશ અને તુલસીના છોડ સાથે સમાપન કરવા અંગે સમજ અપાઈ હતી. આ બેઠકમાં પ્રદેશ ભાજપના મંત્રી પ્રદિપસિંહ રાઠોડ,કાર્યક્રમના ઈન્ચાર્જ અને જિલ્લા મહામંત્રી ગણપતસિંહ ઝાલા,પ્રેમલ દેસાઈ, બિપીન ઓઝા,સાવન દેસાઈ, સુરેશ પટેલ,ધારાસભ્ય વી.ડી. ઝાલા,ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમાર સહિત જિલ્લાના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# વડાપ્રધાન સાથે રાજ્યસભા સાંસદ માનસિંહ પરમારની સૌજન્ય મુલાકાત



**અબતક, રામસિંહ મોરી, સુત્રાપાડા**

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી સાથે ગુજરાત રાજ્યસભાના સાંસદ માનસિંહભાઈ પરમારે સૌજન્ય મુલાકાત કરી હતી.

આ મુલાકાત દરમિયાન ગીર સોમનાથ જિલ્લાના વિકાસ, પર્યાવરણ સંરક્ષણ, મત્સ્ય ઉદ્યોગ અને દરિયાકાંઠાના લોકોની સમસ્યાઓ અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. વડાપ્રધાનએ સ્થાનિક મુદ્દાઓને ધ્યાનથી સાંભળીને જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. દેશના વડા સાથે થયેલી આ મુલાકાતથી કાર્યકરોમાં નવો ઉત્સાહ અને પ્રેરણા જોવા મળી રહી છે.

આ તક માટે વડાપ્રધાન કાર્યાલયનો આભાર વ્યક્ત કરવામાં આવે છે.

# ૨૦૨૭ વન ડે વર્લ્ડકપ ક્વોલિફાયર ૨૧ ફેબ્રુઆરીથી ૨૩ માર્ચ સુધી રમાશે

## ક્વોલિફાયરમાં ૧૦ ટીમ ભાગ લેશેઃ ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૬ની કટ-ઓફ તારીખ સુધીની વન-ડે રેન્કિંગમાં યજમાન સાઉથ આફ્રિકા અને ઝિમ્બાબ્વે સિવાય સૌથી નીચે રહેલા ૨ પૂર્ણ સભ્ય દેશોનો સમાવેશ થશે

**અબતક, રાજકોટ**

આઈસીસીએ ૨૦૨૭ વન-ડે વર્લ્ડ કપ ક્વોલિફાયરની તારીખો નક્કી કરી દીધી છે. ૧૦ ટીમની આ ટુર્નામેન્ટ આવતા વર્ષે ૨૧ ફેબ્રુઆરીથી ૨૩ માર્ચ સુધી રમાશે. જોકે, તેની યજમાની કયા દેશમાં થશે, તેનો નિર્ણય હજુ થયો નથી. આ વખતે ટુર્નામેન્ટનું ફોર્મેટ પણ બદલવામાં આવ્યું છે.

આઈસીસીએ જુલાઈમાં ૨૦૨૭ વર્લ્ડ કપનું નવું ફોર્મેટ જાહેર કર્યું હતું. તે અંતર્ગત ક્વોલિફાયર જીતનારી ટીમ ૧૪ ટીમવાળા વર્લ્ડ કપના મુખ્ય ગ્રુપમાં સીધી પહોંચશે.

જ્યારે, બીજા, ત્રીજા અને ચોથા સ્થાને રહેનારી ટીમ વર્લ્ડ કપના પહેલા રાઉન્ડ 'સુપર સિરીઝ'માં રમશે. અહીં ટોચ પર રહેનારી એક ટીમ મુખ્ય સ્ટેજની ૧૨ ટીમમાં સ્થાન બનાવશે.૨૦૨૭ વન-ડે વર્લ્ડ કપનું આયોજન ૪ ઓક્ટોબરથી ૧૧ નવેમ્બર સુધી સાઉથ આફ્રિકા, ઝિમ્બાબ્વે અને નામિબિયામાં થશે. ટુર્નામેન્ટની મેચ ૧૨ અલગ-અલગ સ્ટેડિયમમાં રમાશે.




ક્વોલિફાયરમાં કુલ ૧૦ ટીમ ભાગ લેશે. આમાં, ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૬ની કટ-ઓફ તારીખ સુધીની વન-ડે રેન્કિંગમાં યજમાન સાઉથ આફ્રિકા અને ઝિમ્બાબ્વે સિવાય સૌથી નીચે રહેલા ૨ પૂર્ણ સભ્ય દેશોનો સમાવેશ થશે. આ ઉપરાંત, સીડબ્લ્યુસી લીગ-૨ની ટોપ-૪ ટીમ અને વર્લ્ડ કપ ક્વોલિફાયર પ્લે-ઑફમાંથી આવનારી ૪ ટીમ પણ રમશે.

### વિન્ડીઝ પર ફરી ક્વોલિફાયર રમવાનો ખતરો

હાલમાં વેસ્ટ ઈન્ડીઝ વન-ડે રેન્કિંગમાં ૧૦મા સ્થાને છે. ટીમને ૩૦ સપ્ટેમ્બરની કટ-ઓફ તારીખ પહેલાં ભારત સામે માત્ર બે વન-ડે રમવાની છે.ઉપરાંત, અફઘાનિસ્તાન અને આયર્લેન્ડ વચ્ચે રમાનારી વન-ડે સિરીઝના પરિણામો પણ રેન્કિંગ પર અસર કરશે. જો આયર્લેન્ડ ૪-૧ કે ૫-૦થી સિરીઝ જીતે છે અને વેસ્ટ ઈન્ડીઝ ભારત સામે બંને મેચ જીતી લે છે, તો તેના ટોપ-૮માં પહોંચવાની સંભાવના રહેશે. પરંતુ જો અફઘાનિસ્તાન શ્રેણી જીતે છે, તો વેસ્ટ ઈન્ડીઝ માટે ક્વોલિફાયર રમવું લગભગ નિશ્ચિત માનવામાં આવે છે.

# ઈંગ્લેન્ડ ટૂરની નિષ્ફળતા બાદ ખેલાડીઓની ફિટનેસ માટે 'બ્રોન્કો ટેસ્ટ' બનશે નવો માપદંડ

## રગ્બીમાંથી આવેલ બ્રોન્કો ટેસ્ટમાં ખેલાડીએ એક સેટમાં કુલ ૨૪૦ મીટર અને પાંચ સેટમાં કુલ ૧,૨૦૦ મીટર દોડવાનું રહેશે

**અબતક, રાજકોટ**

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ અને બેંગલુરુ સ્થિત સેન્ટર ઑફ એક્સલન્સ હવે ખેલાડીઓની ફિટનેસ માટે સ્પષ્ટ અને એકસરખા માપદંડો નક્કી કરી રહ્યા છે. આ નિર્ણય આયર્લેન્ડ અને ઈંગ્લેન્ડના વ્હાઈટ-બોલ ટૂરમાં ટીમના નિરાશાજનક પ્રદર્શન અને વારંવારની ઈજાઓ પછી લેવામાં આવ્યો છે.

છેલ્લા એક વર્ષથી ખેલાડીઓ માટે કસ્ટમાઈઝ્ડ ફિટનેસ ટેસ્ટ ચાલતા હતા, જેમાં કોઈ નિશ્ચિત બેઝ પેરામીટર નહોતા. આને કારણે સમગ્ર ફિટનેસ સ્તરમાં ઘટાડો થયો હતો. હવે સીઓઇ અને બીસીસીઆઈની મેડિકલ ટીમ સંયુક્ત રીતે આ માપદંડો બનાવી રહી છે.સ્ટ્રેન્થ એન્ડ કન્ડિશનિંગ કોચ એડ્રિયન લે રોક્સના આગમન પછી યો-યો ટેસ્ટની જગ્યાએ






બ્રોન્કો ટેસ્ટને મુખ્ય ફિટનેસ માપદંડ બનાવવામાં આવ્યો હતો. આ રગ્બીમાંથી આવેલો ટેસ્ટ છે, જેમાં ખેલાડીએ ૨૦ મીટર, ૪૦ મીટર અને ૬૦ મીટરની શટલ રન કરવાની હોય છે. એક સેટમાં કુલ ૨૪૦ મીટર અને પાંચ સેટમાં કુલ ૧,૨૦૦ મીટર દોડવાનું હોય છે. અત્યાર સુધી આ ટેસ્ટ માટે કોઈ નિશ્ચિત બેઝ ટાઈમ નહોતો. હવે બીસીસીઆઈની મેડિકલ ટીમે ૫ મિનિટ ૧૫ સેકન્ડથી ૫ મિનિટ ૨૦ સેકન્ડનો માપદંડ નક્કી કર્યો છે. આ સમયમાં ટેસ્ટ પૂર્ણ કરનાર ખેલાડીને પસંદગી માટે ફિટ માનવામાં આવશે.આ પગલું ટીમ ઈન્ડિયાની લાંબા ગાળાની તૈયારી અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ સ્થિર પ્રદર્શન માટે મહત્વનું માનવામાં આવી રહ્યું છે. ખેલાડીઓને હવે વધુ રનિંગ આધારિત તાલીમ પર ધ્યાન કેન્દ્રિત કરવાનું કહેવામાં આવી રહ્યું છે, જેથી જિમ કરતાં એરોબિક ક્ષમતા વધે.

# હોકી વર્લ્ડકપમાં ૧૯ ઓગસ્ટે ભારત-પાકિસ્તાનની ટક્કર

**અબતક, રાજકોટ**

પાકિસ્તાન હોકી ફેડરેશને ૫ ઓગસ્ટના રોજ એફઆઈએચ મેન્સ હોકી વર્લ્ડકપ ૨૦૨૬ માટે ૨૦ સભ્યોની ટીમ અને મેનેજમેન્ટની જાહેરાત કરી હતી. આ ટુર્નામેન્ટ ૧૫ થી ૩૦ ઓગસ્ટ દરમિયાન એમ્સ્ટલવીન, નેધરલેન્ડ અને બેલ્જિયમમાં રમાશે. મોટી ટુર્નામેન્ટ માટે ક્વોલિફાય થયા પછી પાકિસ્તાન ટીમ હવે વિશ્વના આ સૌથી મોટા હોકી પ્લેટફોર્મ પર સ્પર્ધા કરવા માટે તૈયાર છે. હોકી વર્લ્ડકપ માટે પાકિસ્તાનની ટીમમાં અનુભવી ઈન્ટરનેશનલ ખેલાડીઓ અને યુવા ખેલાડીઓનો સમાવેશ થાય છે. ભારત અને પાકિસ્તાન ૧૯ ઓગસ્ટના રોજ આ વર્લ્ડકપમાં એકબીજાનો સામનો કરશે.આ હોકી વર્લ્ડકપમાં પાકિસ્તાન ટીમ ૧૫ ઓગસ્ટે એમ્સ્ટલવીનમાં ઈંગ્લેન્ડ સામે




પોતાની પહેલી મેચ રમશે. ટીમની બીજી મેચ ૧૭ ઓગસ્ટે વેલ્સ સામે થશે. પાકિસ્તાન ૧૯ ઓગસ્ટે ભારત સામે ટકરાશે. આ વર્લ્ડકપ માટે, ભારત અને પાકિસ્તાનને પૂલ ડીમાં એકસાથે રાખવામાં આવ્યા છે. આ બે ટીમો ઉપરાંત ટીમમાં ઈંગ્લેન્ડ અને વેલ્સનો પણ સમાવેશ થાય છે. તાજેતરમાં એશિયન લિજેન્ડ્સ લીગમાં ભારત અને પાકિસ્તાન વચ્ચે એક મેચ રમાઈ હતી.હોકી વર્લ્ડકપ માટે પાકિસ્તાન ટીમની જાહેરાત અનુભવી મિડફિલ્ડર અમ્માદ બટ્ટને કેપ્ટન પદેથી હટાવ્યાના લગભગ એક અઠવાડિયા પછી કરવામાં આવી છે. તે છેલ્લા ૧૪ વર્ષથી ટીમની નેતૃત્વ કરી રહ્યો હતો. ૨૯ જુલાઈના રોજ જાહેર કરાયેલા એક નિવેદનમાં પીએચએફએ જણાવ્યું હતું કે તેની વ્યાવસાયિક વિકાસ સમિતિની સલાહ પર તેને અબુ બકરને પાકિસ્તાન રાષ્ટ્રીય હોકી ટીમના નવા કેપ્ટન તરીકે નિયુક્ત કર્યો છે.

### પ્લેટફોર્મ ઉપર ખેંચવા ઓનલાઈન એપ્લીકેશનનો "ગંદો" ખેલ

# ફિલ્મની પાઈરસી કરતી ૭ હજાર જેટલી લિંક્સ પર પ્રતિબંધ લદાયો

## પાઈરસીની લિંક્સ પર ક્લિક કરવાથી સાયબર ફ્રોડ કરનારાઓનો હાથ વધારે મોકળો થાય છે

**અબતક નવી દિલ્હી**

સિનેમા જગત માટે મોટો પડકાર બનેલી ફિલ્મ પાઈરસી પર લગામ કસવા માટે કેન્દ્ર સરકારે કડક પગલાં લીધા છે. સરકારે ઓનલાઈન પાઈરસીમાં સંડોવાયેલી ૪,૯૯૬ ટેલિગ્રામ ચેનલો અને ૧,૨૬૩ વેબસાઈટ્સ સહિત કુલ ૭,૩૯૩ લિંક્સ બ્લોક કરવાનો આદેશ આપ્યો છે. ફિલ્મ ફ્લોપ જવાથી નિર્માતાઓ દેવામાં ડૂબી શકે છે અને નવી ફિલ્મો બનવાનું જોખમ ઘટે છે. ટેકનિશિયનો, કલાકારો અને ક્રૂ મેમ્બર્સની મહેનત એળે જાય છે અને



રોજગારી જોખમમાં મુકાય છે. પાઈરેટેડ સાઈટ્સથી યુઝર્સના ફોન/લેપટોપમાં વાયરસ આવવાનું અને ડેટા ચોરાવવાનું જોખમ રહે છે. થિયેટર કલેક્શન ઘટવાથી સરકારને મળતા જીએસટી અને ટેક્સની આવકમાં ઘટાડો થાય છે.

લોકો ઘેર બેઠા પાઈરેટેડ મૂવીઝ જોતા થિયેટરોની કમાણી ઘટે છે, ખાસ કરીને નાના શહેરોના સિંગલ સ્ક્રીન થિયેટરો બંધ થઈ જાય છે. પાઈરસીના ડરથી પ્રોડ્યુસર્સ વીએફએક્સ અને હાઈ-ટેકનોલોજી પાછળ ખર્ચ કરતા અચકાય છે, જેથી ફિલ્મોની ક્વોલિટી નબળી પડી શકે છે.

### ફિલ્મ પાઈરસીનો ખેલ શું છે અને કેવી રીતે કામ કરે છે?

ફિલ્મ પાઈરસી એટલે કોઈપણ ફિલ્મની મૂળ કોપિરાઈટ માલિકની પરવાનગી વગર તેની ગેરકાયદેસર નકલ કરવી, તેને ઈન્ટરનેટ પર ફ્રીમાં અપલોડ કરવી, ડાઉનલોડ કરવી કે વ્યાપારી હેતુ માટે વેચવી. સિનેમાઘરોમાં ચાલતી કે ઓટીટી પર રિલીઝ થયેલી મૂવીઝને ચોરીછૂપીથી રેકોર્ડ કરીને કે ગેરકાયદેસર વેબસાઈટ્સ અને ટેલિગ્રામ ચેનલો દ્વારા લોકો સુધી ફ્રીમાં પહોંચાડવી એ ફિલ્મ પાઈરસી કહેવાય છે. આ એક ગેરકાયદેસર અને દંડપાત્ર ગુનો છે, જેનાથી ફિલ્મ ઈન્ડસ્ટ્રી અને નિર્માતાઓને આર્થિક રીતે મોટું નુકસાન થાય છે.

# ટ્રાયલ કોર્ટના જજની નિવૃત્તિની ઉંમર ૬૦ થી વધારી ૬૨ વર્ષ કરવા સુપ્રીમનો આદેશ

## નિવૃત્ત જજને પેન્શન અને લંપસમ રકમ આપવા કરતાં નવા નિમણૂક પામેલા જજનો પગાર વગેરે પાછળ મોટો ખર્ચ થતો હોય છે

**અબતક, નવી દિલ્હી**

સુપ્રીમ કોર્ટે ન્યાયતંત્રમાં અનુભવી અને પ્રવીણ ન્યાયાધીશોની ઉપસ્થિતિ સુનિશ્ચિત કરવા તમામ રાજ્ય સરકારોને આગામી સપ્ટેમ્બર ૨ સુધીમાં ટ્રાયલ કોર્ટના જજોની નિવૃત્તિ વય ૬૦ થી વધારીને ૬૨ વર્ષ કરવાનો નિર્ણય લેવા આદેશ કરવામાં આવ્યો છે. રાજ્યો દ્વારા આપવામાં આવતી નાણાકીય ભીડ અને અન્ય સરકારી કર્મચારીઓ સાથે અસમાનતા ઊભી થવાની દલીલોને સુપ્રીમ કોર્ટે ફગાવી દીધી છે.

કોર્ટે સ્પષ્ટ કર્યું છે કે અનુભવી ન્યાયાધીશોને સેવામાં જાળવી રાખવાથી સરકારને નાણાકીય ફાયદો થાય છે, કારણ કે નિવૃત્ત જજને પેન્શન અને લંપસમ રકમ આપવા કરતાં નવા નિમણૂક પામેલા જજનો પગાર વગેરે પાછળ મોટો ખર્ચ થતો હોય છે. બેન્ચે જણાવ્યું કે ન્યાયિક અધિકારીઓની બંધારણીય યોજના હેઠળ નિમણૂક થતી હોવાથી તેઓ સામાન્ય સરકારી કર્મચારીઓથી અલગ વર્ગ બનાવે છે.

તમામ હાઈકોર્ટોને પણ અનુરોધ કરવામાં આવ્યો છે કે તેઓ આ પહેલને સમર્થન આપવા માટે યોગ્ય ફુલ-કોર્ટ ઠરાવો પાસ કરે.આનાથી માત્ર પેન્ડિંગ કેસોના નિકાલમાં વેગ આવશે નહીં, પરંતુ અનુભવી ન્યાયાધીશોના દીર્ઘકાલીન જ્ઞાન અને કુશળતાનો લાભ પણ ન્યાય પ્રણાલીને મળી રહેશે.

# કોટડા સાંગાણી તાલુકા રાજપૂત સમાજનો ૧૫મો સરસ્વતી સન્માન સમારંભ

## પ્રતિભાશાળી વિદ્યાર્થીઓનું રવિવારે થશે સન્માન, સમાજના આગેવાનો અને મહાનુભાવો રહેશે ઉપસ્થિત

**અબતક, રાજકોટ**

કોટડા સાંગાણી તાલુકા રાજપૂત (ક્ષત્રિય) સમાજ તથા કોટડા સાંગાણી તાલુકા યુવા રાજપૂત સમાજના સંયુક્ત ઉપક્રમે ૧૫મો સરસ્વતી સન્માન સમારંભ તા. ૯ ઓગસ્ટને રવિવારે સવારે ૯ થી બપોરે ૧ કલાકે સુધી રાજપૂત સમાજ ભવન, મુ. પડવલા, તા. કોટડા સાંગાણી ખાતે ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. વધુ વિગત મુજબ આ સમારંભમાં સમાજના વિવિધ ક્ષેત્રોમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનારા પ્રતિભાશાળી દીકરા-દીકરીઓનું સન્માન કરવામાં આવશે. કાર્યક્રમના અધ્યક્ષ તરીકે રાજેન્દ્રસિંહ ચુડાસમા( નાયબ પોલીસ મહાનિરીક્ષક, જુનાગઢ રેન્જ) ,ઉદ્દઘાટન ગોંડલના ધારાસભ્ય ગીતાબા જયરાજસિંહ જાડેજાના હસ્તે કરવામાં આવશે. મુખ્ય મહેમાન તરીકે હરપાલસિંહ જાડેજા, (નાયબ પોલીસ કમિશનર (ટ્રાફિક), રાજકોટ) સમાજ, વહીવટ, ઉદ્યોગ, તબીબી અને સામાજિક ક્ષેત્રના અનેક આગેવાનો ઉપસ્થિત રહેશે. ઉપરાંત રાષ્ટ્રીય અને રાજ્યકક્ષાના મહાનુભાવો દ્વારા યુવાનોને પ્રેરણા અને માર્ગદર્શન પૂરું પાડતાં પથદર્શક પ્રવચનો આપવામાં આવશે.આ પ્રસંગે કોટડા સાંગાણી તાલુકા રાજપૂત (ક્ષત્રિય) સમાજના પ્રમુખ બલભદ્રસિંહ એસ. જાડેજા, કાર્યકારી પ્રમુખ મહેન્દ્રસિંહ એમ. જાડેજા અને સમાજના હોદ્દેદારો દ્વારા સમાજના તમામ પરિવારજનોને સહપરિવાર ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવવાની હાર્દિક અપીલ કરવામાં આવી છે.

# અંજારઃ યુ.ટી.પી.સી.માં સરપંચ સંગઠનને પ્રતિનિધિત્વ આપવા મુખ્યમંત્રીને રજૂઆત

**અબતક, ભારતી માખીજાણી ગાંધીધામ**

ગુજરાત સરકાર દ્વારા યુનિફાઈડ તાલુકા પ્લાનિંગ કમિટી (યુટીપીસી)ની રચનાના નિર્ણયને અંજાર તાલુકા સરપંચ સંગઠને આવકાર્યો છે. સાથે જ કમિટીમાં અંજાર તાલુકા સરપંચ સંગઠનના પ્રતિનિધિને સભ્ય તરીકે સ્થાન આપવા માટે મુખ્યમંત્રીને લેખિત રજૂઆત કરવામાં આવી છે.

અંજાર તાલુકાના નગાવલાડિયા ગામના સરપંચ તથા અંજાર તાલુકા સરપંચ સંગઠનના પ્રમુખ દેવઈબેન અરજણભાઈ કાનગડે પાઠવેલા પત્રમાં જણાવ્યું છે કે તાલુકા સ્તરે માઈક્રો પ્લાનિંગ, બજેટ અને ગ્રાન્ટની યોગ્ય ફાળવણીમાં ગ્રામ પંચાયતોની મહત્વપૂર્ણ ભૂમિકા છે. સરપંચો ગ્રામ્ય વિસ્તારોની વાસ્તવિક જરૂરિયાતો અને સ્થાનિક પ્રશ્નોથી સીધા પરિચિત હોવાથી વિકાસલક્ષી આયોજન અને નિર્ણય પ્રક્રિયામાં તેમનું પ્રતિનિધિત્વ અનિવાર્ય છે.તેમણે માંગ કરી છે કે યુટીપીસીમાં સરપંચ સંગઠનના પ્રતિનિધિને સભ્ય તરીકે સ્થાન આપવામાં આવે, જેથી ગ્રામ પંચાયતોના પ્રશ્નો અને સૂચનો સરકાર સમક્ષ અસરકારક રીતે રજૂ થઈ શકે અને રાજ્ય સરકારના વિકાસલક્ષી અભિગમને વધુ મજબૂતી મળે.

# બુધવારે વર્ષનું પ્રથમ પૂર્ણ સૂર્યગ્રહણઃ ભારતમાં નહીં દેખાય

## આ ઘટનાને યુરોપિયન સ્પેસ એજન્સીની આધિકારિક યુ - ટ્યુબ ચેનલ પર લાઈવ જોઈ શકશે

**અબતક, રાજકોટ**

બુધવારના રોજ એપ્રિલ ૨૦૨૪ પછી પૃથ્વી પર જોવા મળનારું આ વર્ષનું પ્રથમ પૂર્ણ સૂર્યગ્રહણ હશે, જેમાં થોડા સમય માટે દિવસ દરમિયાન જ અંધારું છવાઈ જશે. જોકે, આ સમયે ભારતમાં મોડી રાત હોવાથી દેશવાસીઓ આ નજારો પ્રત્યક્ષ જોઈ શકશે નહીં.

આ પૂર્ણ સૂર્યગ્રહણ મુખ્યત્વે યુરોપના દેશો જેવા કે સ્પેન, આઈસલેન્ડ, ગ્રીનલેન્ડ અને આર્કટિક ક્ષેત્રોમાંથી પસાર થશે, જ્યાં સ્પેનમાં ૧ થી ૨ મિનિટ સુધી સૂર્ય સંપૂર્ણપણે ઢંકાઈ જશે. આ વખતે ચંદ્ર પૃથ્વીની નજીક હોવાથી સામાન્ય કરતાં મોટો દેખાશે. આ ઉપરાંત, તે જ રાત્રે આકાશમાં ઉલ્કા વર્ષા પણ જોવા મળશે, જે આ આકાશી ઘટનાને વધુ ખાસ બનાવે છે.

ભારતીય ખગોળપ્રેમીઓ આ ઘટનાને યુરોપિયન સ્પેસ એજન્સીની આધિકારિક યુ - ટ્યુબ ચેનલ પર લાઈવ જોઈ શકશે. નિષ્ણાતોના જણાવ્યા મુજબ, સૂર્યગ્રહણને ક્યારેય નરી આંખે કે સામાન્ય સનગ્લાસથી જોવું જોઈએ નહીં; તેના માટે માત્ર પ્રમાણિત ગ્રહણ ચશ્મા અથવા પિનહોલ પ્રોજેક્ટરનો જ ઉપયોગ કરવો હિતાવહ છે.

# પૂર્વ કચ્છમાં ૧૦૦ ટ્રાફિક બ્રિગેડ જવાનોની ભરતી દ્વારા વ્યવસ્થા મજબૂત બનશે

**અબતક, ભારતી માખીજાણી ગાંધીધામ**

પૂર્વ કચ્છ જિલ્લામાં સતત વધી રહેલા ટ્રાફિકના દબાણને ધ્યાનમાં રાખીને ગુજરાત સરકારના ગૃહ વિભાગે ટ્રાફિક વ્યવસ્થા વધુ સુદ્રઢ બનાવવા માટે ૧૦૦ ટ્રાફિક બ્રિગેડ જવાનોની નવી જગ્યાઓ મંજૂર કરી છે.પૂર્વ કચ્છ ગાંધીધામ સિટી ટ્રાફિક પીએસઆઈ ડી.સી. ગોહિલે જણાવ્યું હતું કે નવી ભરતી અંતર્ગત ગાંધીધામમાં ૪૯, અંજારમાં ૨૩, ભચાઉમાં ૧૭, આદિપુરમાં ૧૫ અને રાપરમાં ૯ ટ્રાફિક બ્રિગેડ જવાનોની નિમણૂક કરવામાં આવશે.આ ભરતીથી સ્થાનિક યુવાનોને રોજગારીની તક મળશે તેમજ પૂર્વ કચ્છના મુખ્ય શહેરોમાં ટ્રાફિક નિયંત્રણ, માર્ગ સલામતી અને વાહન વ્યવસ્થાપનમાં નોંધપાત્ર સુધારો થવાની અપેક્ષા વ્યક્ત કરવામાં આવી રહી છે.

# માણાવદરમાં વીજ ચેકિંગ ૧૯ કનેક્શનમાં ગેરરીતિ પકડાઈ: ૧૪૩ કનેક્શન તપાસાયા, ૧૦ લાખનું એસેસમેન્ટ ફટકારાયું

**અબતક, જીજ્ઞેશ પટેલ માણાવદર**

મણાવદર ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં વીજ તંત્ર દ્વારા વ્યાપક સ્તરે કોર્પોરેટ વીજ ચેકિંગ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી.આ વીજ ચેકિંગ ડ્રાઈવ દરમિયાન કુલ ૮ ટીમ (ચેકિંગ સ્ક્વોડ) દ્વારા વિવિધ વિસ્તારોમાં આકસ્મિક તપાસ કરવામાં આવી હતી. આ કામગીરી દરમિયાન ૧૪૩ વીજ કનેક્શનોની સઘન





તપાસ કરવામાં આવી હતી, જેમાં કુલ ૧૯ કનેક્શનોમાં ગેરરીતિ માલૂમ પડી હતી.

તપાસ દરમિયાન કલમ ૧૩૫ હેઠળ ૮ મીટર ઉતારી લેવામાં આવ્યા હતા, જ્યારે ૨ વાણિજ્યિક (કમર્શિયલ) વીજ કનેક્શનમાં ગેરરીતિ પકડાઈ હતી. આ તમામ ૧૯ કનેક્શનો સામે તંત્ર દ્વારા અંદાજે રૂ. ૧૦ લાખ જેટલું આકરૂં એસેસમેન્ટ ફટકારવામાં આવ્યું છે.

# ભારત-જર્મની વચ્ચે ઐતિહાસિક ઔદ્યોગિક કરારઃ જામનગરમાં બનશે જર્મન ઉત્પાદનો

## ૭ હજારથી વધુ રોજગારીનું સર્જનઃ મેક ઇન ઈન્ડિયા'ને મળશે નવી ગતિ, જામનગર બનશે વૈશ્વિક મેન્યુફેક્ચરિંગ હબ







જામનગરના સયાજી હોટેલ ખાતે ભારતીય કંપની શિવ ઓમ અને જર્મનીની અગ્રણી કંપની હોરા ઈ-ટેક વચ્ચે વ્યૂહાત્મક સંયુક્ત સાહસ (સ્ટ્રેટેજિક જોઈન્ટ વેન્ચર)ની સત્તાવાર જાહેરાત કરવામાં આવી હતી. ભારત અને જર્મનીના ઉદ્યોગજગતના અગ્રણીઓની ઉપસ્થિતિમાં યોજાયેલ આ સમારોહને જામનગરના ઔદ્યોગિક વિકાસ માટે ઐતિહાસિક સીમાચિહ્ન તરીકે જોવામાં આવી રહ્યો છે.

કાર્યક્રમમાં શિવ ઓમના સ્થાપક અને ચેરમેન સ્નેહલ ગોહિલ, હોરા ઈ-ટેકના ડિર્ક નિસ્ટ્રાટ અને બર્ન્ડ બર્ગશ્નાઈડર, પરાક્રમસિંહ જાડેજા, યશ ગોહિલ તેમજ નવી નિયુક્ત ગ્રુપ ડિરેક્ટર માનસી શ્યામલ માલવીયા ઉપસ્થિત રહ્યા હતા. મહાનુભાવોએ ભારત-જર્મની વચ્ચેના ઔદ્યોગિક સહયોગ, અદ્યતન ટેક્નોલોજીના આદાન-પ્રદાન અને વૈશ્વિક ગુણવત્તાના ઉત્પાદન માટે આ ભાગીદારીને મહત્વપૂર્ણ ગણાવી હતી.શિવ ઓમના ચેરમેન સ્નેહલ ગોહિલે જણાવ્યું હતું કે આ કરાર માત્ર બે કંપનીઓ વચ્ચેનો વ્યવસાયિક કરાર નથી, પરંતુ ભારતના મેન્યુફેક્ચરિંગ ક્ષેત્ર માટે નવી દિશા દર્શાવતું સીમાચિહ્ન છે. હાલમાં કંપનીમાં આશરે ૭૫૦ કર્મચારીઓ કાર્યરત છે, જ્યારે આ સંયુક્ત સાહસ બાદ પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે ૭,૦૦૦થી વધુ લોકોને રોજગારી મળવાની સંભાવના છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે અત્યાર સુધી જર્મનીમાં બનતા ઉત્પાદનો હવે જામનગરમાં ઉત્પાદિત થશે. જેના કારણે ઉચ્ચ ગુણવત્તાવાળા સ્થાનિક ઉત્પાદનને પ્રોત્સાહન મળશે, આયાત પરની નિર્ભરતા ઘટશે અને વિદેશી હૂંડિયામણની બચત થશે. તેમણે આ સફળતાનો શ્રેય વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 'મેક ઈન ઈન્ડિયા' અને 'આત્મનિર્ભર ભારત' અભિયાનને આપ્યો હતો.

જર્મન પ્રતિનિધિઓએ પણ ભારતની ઔદ્યોગિક પ્રગતિ અંગેજણાવ્યું હતું કે જર્મન ટેકનોલોજી અને ભારતીય કુશળતાના સમન્વયથી વૈશ્વિક ધોરણના ઉત્પાદનોનું ઉત્પાદન થશે અને વિશ્વબજારમાં સ્પર્ધાત્મકતા વધુ મજબૂત બનશે.આ પ્રસંગે ઉદ્યોગપતિઓ, વેપારીઓ, ડીલર્સ, બિઝનેસ પાર્ટનર્સ અને ગ્રાહકો સહિત મોટી સંખ્યામાં મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.આ વ્યૂહાત્મક ભાગીદારીના પરિણામે જામનગરને વૈશ્વિક મેન્યુફેક્ચરિંગ હબ તરીકે નવી ઓળખ મળશે અને ગુજરાત તેમજ ભારતના ઔદ્યોગિક વિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન મળશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી હતી.

# જમીન વિકાસ બેંકમાં ડો. રાજેન્દ્રસિંહ જાડેજા બિનહરીફ વરણી

## જિલ્લા પ્રતિનિધિ તરીકે સર્વાનુમતે ચૂંટાયા; ભાજપના આગેવાનો અને કાર્યકરોનો વ્યક્ત કર્યો આભાર, શુભેચ્છાઓનો વરસાદ



જામનગર જમીન વિકાસ બેંકમાં જામનગર જિલ્લાના પ્રતિનિધિ તરીકે યોજાયેલી ચૂંટણીમાં ડો. રાજેન્દ્રસિંહ છત્રસિંહ જાડેજા અને વિરમદેવસિંહ જાડેજાની બિનહરીફ વરણી થતાં શુભેચ્છાઓનો વરસાદ વરસ્યો છે.

ભારતીય જનતા પાર્ટી દ્વારા બંનેના નામ પર સર્વાનુમતે મેન્ડેટ જાહેર કરવામાં આવ્યું હતું, જેના પરિણામે તેઓ બિનહરીફ ચૂંટાઈ આવ્યા હતા.

આ પ્રસંગે ડો. રાજેન્દ્રસિંહ જાડેજાએ પ્રદેશ ભાજપ પ્રમુખ જગદીશભાઈ વિશ્વકર્મા, પ્રદેશ મહામંત્રી રત્નાકરજી, હિતેન્દ્રસિંહ ચૌહાણ, પ્રશાંતભાઈ કોરાટ, ઝોન મહામંત્રી અનિરુદ્ધભાઈ દવે, જિલ્લા પ્રભારી દિલીપભાઈ બારડ, સાંસદ પૂનમબેન માડમ, જિલ્લા ભાજપ પ્રમુખ વિનુભાઈ ભંડેરી, ધારાસભ્યો મેઘજીભાઈ ચાવડા અને રાઘવજીભાઈ પટેલ, જિલ્લા મહામંત્રીઓ કુમારપાલસિંહ રાણા, ભરતભાઈ દલસાણિયા, ભવાનભાઈ ચૌહાણ સહિત પ્રદેશ અને જિલ્લા ભાજપના તમામ હોદ્દેદારો તેમજ કાર્યકરોનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.ડો. રાજેન્દ્રસિંહ છત્રસિંહ જાડેજા સહકારી, સામાજિક અને શૈક્ષણિક ક્ષેત્રે સક્રિય આગેવાન તરીકે ઓળખ ધરાવે છે. જામનગર જિલ્લા ભાજપ ઉપપ્રમુખ તરીકે પોતાની ફરજ બજાવી રહ્યા છે તેઓ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પૂર્વ સેનેટ સભ્ય તરીકે પણ સેવા આપી ચૂક્યા છે. ઉપરાંત તેઓ સહકારી ચળવળ, ગ્રામ્ય વિકાસ, ખેડૂત હિત, શિક્ષણ અને સામાજિક સેવાકીય પ્રવૃત્તિઓમાં લાંબા સમયથી સક્રિય રહ્યા છે. ભારતીય જનતા પાર્ટીના સક્રિય કાર્યકર તરીકે તેઓ વિવિધ સંગઠનાત્મક જવાબદારીઓ પણ સફળતાપૂર્વક નિભાવી રહ્યા છે.બિનહરીફ વરણી બદલ વિવિધ સામાજિક, રાજકીય અને સહકારી ક્ષેત્રના આગેવાનો તેમજ શુભેચ્છકોએ બંને પ્રતિનિધિઓને અભિનંદન પાઠવી સફળ કાર્યકાળ માટે શુભકામનાઓ પાઠવી હતી.

# ખંભાળિયા : પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે જિલ્લાકક્ષાના સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીની તૈયારી શરૂ



**અબતક, વિનાયક ભટ્ટ, ખંભાળિયા**

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ખંભાળીયાના પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે આગામી ૧૫મી ઓગષ્ટે સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી થનાર હોય પ્રાંત અધિકારી કે.કે.કરમટાની અધ્યક્ષતામાં ઉજવણી સાથે સંકળાયેલ પી.જી.વી.સી.એલ., માર્ગ અને મકાન, શિક્ષણાધિકારીની કચેરી વગેરે વિભાગના અધિકારીગણ દ્વારા પોલીસ પરેડ ગ્રાઉન્ડનું નિરીક્ષણ કરી પોલીસ પરેડ, ધ્વજવંદન, કર્મચારીઓનું સન્માન, વૃક્ષારોપણ, પીવાના પાણી વગેરે વ્યવસ્થાઓની ચકાસણી કરી ચર્ચા વિચારણા બદ તૈયારીઓનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.

# વેપારી પાસે બે વ્યાજખોરોએ રાક્ષસી વ્યાજ વસુલ્યુ

## ૩૨ લાખના બદલામાં ૨૨ લાખ વસુલ્યા અને ગિરવે મુકેલા સોનાના ઘરેણા અને બિસ્કીટ વેચી નાખ્યાનો આક્ષેપ : પડાણાના બે-ભાઈ સામે ફરિયાદ

જામનગર શહેરના ગોકુલનગર વિસ્તારમાં રહેતા વેપારી મુકેશકુમાર પરસોતમભાઈ જ્ઞાનચંદાણીની ફરિયાદના આધારે સીટી 'બી' ડિવિઝન પોલીસે બે શખ્સો સામે ગુનો નોંધ્યો છે.

ફરિયાદ મુજબ વર્ષ ૨૦૨૩ દરમિયાન ફરિયાદી વેપારી મુકેશભાઈએ ધંધાકીય જરૂરિયાતને કારણે રણજીતસાગર રોડ, મયુર ગ્રીન વિલા સોસાયટીમાં રહેતા ભરતભાઈ નંદા પાસેથી તબક્કાવાર આશરે રૂ. ૩૨ લાખ ઉછીના લીધા હતા. તેના બદલામાં ચાર સોનાના બિસ્કિટ, બે સોનાની ચેન અને એક સોનાની લકી સહિત આશરે ૧૨૦ ગ્રામ જેટલા સોનાના દાગીના સિક્યોરિટી તરીકે ગીરવે મૂક્યા હતા. ફરિયાદીનો આક્ષેપ છે કે જાન્યુઆરી-૨૦૨૩થી ફેબ્રુઆરી-૨૦૨૫ દરમિયાન આશરે રૂ. ૨૨ લાખ વ્યાજ ચૂકવ્યા છતાં આરોપીએ ગીરવે રાખેલા દાગીના તેમની જાણ બહાર વેચી નાખ્યા અને દાગીના અંગે પૂછતાં ગાળો આપી ધમકી આપી હતી.

ફરિયાદમાં વધુમાં જણાવાયું છે કે પડાણા ગામના રવિરાજસિંહ ગોહીલે ફરિયાદીના ભાઈ ઘનશ્યામભાઈને રૂ. ૪ લાખ માસિક પાંચ ટકા વ્યાજે આપ્યા હતા. આ રકમના બદલામાં રોકડ, ગુગલ પે તેમજ તંબાકુ-પાન મસાલાના માલ સ્વરૂપે આશરે રૂ. ૪ લાખ જેટલું વ્યાજ ચૂકવવામાં આવ્યું હોવા છતાં આરોપીએ આશરે રૂ. ૩ લાખના ફર્નિચરને માત્ર રૂ. ૪૦ હજારની કિંમત ગણી કબજે કરી લીધું હોવાનું તેમજ હજુ પણ વધુ રકમની ઉઘરાણી કરી ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાનો ફરિયાદમાં આક્ષેપ કરવામાં આવ્યો છે. સીટી 'બી' ડિવિઝન પોલીસે ફરિયાદના આધારે બંને આરોપીઓ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ધ્રોલ : બીએમ પટેલ સ્કૂલ ટ્રસ્ટી સ્વ. કિરીટભાઈ વિરમગામાની સ્મૃતિમા રક્તદાન કેમ્પમાં ૧૨૧ બોટલ બ્લડ એકત્રિત



## રક્તદાતાઓને ઈમરજન્સી કિટ ભેટ આપી બિરદાવ્યા




**અબતક, સંજય ડાંગર**
**ધ્રોલ**

ધ્રોલ : બી. એમ. પટેલ સ્કૂલ, વાંકિયા ખાતે સ્વ. કિરીટભાઈ ભગવાનજીભાઈ વિરમગામાની પવિત્ર સ્મૃતિમાં એક ભાવપૂર્ણ અને ભવ્ય ''મહાન રકતદાન કેમ્પ''નું આયોજન સંપન્ન થયું હતું. આજીવન શિક્ષક તરીકે શિસ્ત, સમર્પણ અને સેવાના સંસ્કારોનું સિંચન કરનાર સ્વ. કિરીટભાઈના માનવસેવાના મૂલ્યોને સાર્થક કરવા માટે વિરમગામા પરિવાર અને એમ્સ બ્લડ બેંક - રાજકોટના સંયુક્ત ઉપક્રમે આ ઉમદા સેવાયજ્ઞ યોજાયો હતો.કેમ્પ દરમિયાન સવારથી જ યુવાનો, પૂર્વ એનસીસી કેડેટ્સ અને સેવાભાવી નાગરિકોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને રક્તદાન કર્યું હતું. તમામના સહયોગથી કેમ્પમાં કુલ ૧૨૧ બોટલ (યુનિટ) રક્ત એકત્રિત થયું હતું. આ રક્ત એમ્સ હોસ્પિટલ, રાજકોટના ગંભીર અને જરૂરિયાતમંદ દર્દીઓની સારવાર માટે અર્પણ કરવામાં આવ્યું છે.

આ ઉપરાંત, સ્વ. કિરીટભાઈના નાની વયે થયેલા અવસાનની સ્થિતિને ધ્યાનમાં રાખીને તથા ભવિષ્યમાં કોઈના પરિવારમાં મેડિકલ ઈમરજન્સી સમયે જીવ બચાવી શકાય તેવા હેતુથી એક વિશેષ પહેલ કરવામાં આવી હતી. કેમ્પમાં રક્તદાન કરનાર તમામ રકતદાતાઓને ખાસ 'ઈમરજન્સી કિટ' આપીને પ્રોત્સાહિત કરાયા હતા.કાર્યક્રમના અંતે વિરમગામા પરિવારે કેમ્પને સફળ બનાવવા બદલ એમ્સ રાજકોટની મેડિકલ ટીમ, બી. એમ. પટેલ સ્કૂલના ટ્રસ્ટીગણ, તમામ સ્વયંસેવકો અને બહોળી સંખ્યામાં રક્તદાન કરનાર તમામ સેવાભાવી રક્તદાતાઓનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો. કાર્યક્રમના અંતે વિરમગામા પરિવારે કેમ્પને સફળ બનાવવામાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપનાર એમ્સ રાજકોટની મેડિકલ ટીમ, બી. એમ. પટેલ સ્કૂલના ટ્રસ્ટીગણ, શિક્ષક-બિનશિક્ષક સ્ટાફ, તમામ સ્વયંસેવકો અને બહોળી સંખ્યામાં રક્તદાન કરનાર તમામ સેવાભાવી રક્તદાતાઓનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

# ધ્રોલના ગોકુલપરમાં ટેન્કરમાંથી પેટ્રોલ-ડીઝલની ચોરી ઝડપાઈ

## પોલીસે બે શખ્સ ઝડપાયા; ટેન્કર, કાર અને ઈંધણ મળી રૂ. ૩૨.૪૯ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યા

**અબતક, સંજય ડાંગર**
**ધ્રોલ**

જામનગર જિલ્લાના ધ્રોલ તાલુકાના ગોકુલપર ગામમાં ટેન્કરમાંથી ગેરકાયદેસર રીતે પેટ્રોલ અને ડીઝલ કાઢી વેચાણ માટે કેરબામાં ભરવાની પ્રવૃત્તિનો ધ્રોલ પોલીસે પર્દાફાશ કર્યો છે. મંદિરવાળી શેરી નજીક આવેલા ખુલ્લા પ્લોટમાં દરોડો પાડી પોલીસે બે શખ્સોને ઝડપી પાડ્યા હતા. ધ્રોલ પોલીસ સ્ટેશનના પોલીસ હેડ કોન્સ્ટેબલ રાજેશભાઈ કાથળભાઈ મકવાણાની આગેવાનીમાં પોલીસ સ્ટાફ લતીપર વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતો ત્યારે ખાનગી બાતમી મળી હતી. તેના આધારે ગોકુલપર ગામના મંદિરવાળી શેરી પાસે આવેલા ખુલ્લા પ્લોટમાં દરોડો પાડવામાં આવ્યો હતો. ત્યાં ટેન્કરનું સીલ તોડી પ્લાસ્ટિકની પાઈપ મારફતે બ્રેઝા કારમાં રાખેલા પ્લાસ્ટિકના કેરબામાં પેટ્રોલ અને ડીઝલ ભરવામાં આવી રહ્યું હોવાનું સામે આવ્યું હતું.પોલીસે સ્થળ પરથી મથુરભાઈ રામભાઈ બાલસરા (રહે. વિદ્યુતનગર, મોરબી) અને સોમાભાઈ વકુભાઈ નાગેશ (હાલ રહે. પડાણા, તા. લાલપુર, મૂળ રહે. દાત્રાણા, દેવભૂમિ દ્વારકા)ની અટકાયત કરી હતી. બંને સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૨૮૭ અને ૫૪ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.દરોડા દરમિયાન જીજે-૦૭-વાયઝેડ-૪૦૦૪ નંબરનું ટેન્કર, જીજે-૩૬-આર-૬૪૧૯ નંબરની બ્રેઝા કાર, અંદાજે ૮૦ લિટર ડીઝલ, ૪૦ લિટર પેટ્રોલ, પ્લાસ્ટિકની પાઈપ, સીલ તોડવા માટેનું કટીંગ પકડ, બે મોબાઈલ ફોન તેમજ ટેન્કરમાં રહેલું ઈંધણ સહિત કુલ રૂ. ૩૨.૪૯ લાખનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો.

# સાધના કોલોનીના મુખ્ય માર્ગ પરથી દબાણો દૂર કરવા વેપારીઓની કલેકટરને રજૂઆત

## મહાનગરપાલિકાને અનેક રજૂઆતો છતાં કાર્યવાહી નહીં



જામનગરના રણજીત સાગર રોડ પર આવેલી ન્યૂ સાધના કોલોની (એલ.આઈ.જી. ૨૬૪ અને ૧૦૮) એસોસિએશને વોર્ડ નં. ૧૬ના ૧૮ મીટરના મુખ્ય માર્ગ પર થયેલા ગેરકાયદે દબાણો અને અનધિકૃત બાંધકામો દૂર કરવા જિલ્લા કલેકટરને લેખિત રજૂઆત કરી છે.એસોસિએશનના પ્રમુખ નવીનભાઈ મણીલાલ નંદાના હસ્તાક્ષરથી કરાયેલી રજૂઆતમાં જણાવાયું છે કે ત્રણ વર્ષ પહેલાં જર્જરિત હાલતમાં હોવાથી કોલોનીનું ડિમોલિશન કરવામાં આવ્યું હતું અને હાલમાં સરકારની રીડેવલપમેન્ટ યોજના હેઠળ નવી કોલોનીનું બાંધકામ ચાલી રહ્યું છે.રજૂઆતમાં જણાવાયું છે કે કોલોનીના મુખ્ય પ્રવેશદ્વાર નજીક જલારામ મંદિર, શાક માર્કેટ અને આંગણવાડી આવેલી છે. ઉપરાંત આસપાસની ૧૫થી ૨૦ સોસાયટીઓના આશરે ૧૦ હજાર જેટલા રહેવાસીઓ માટે આ માર્ગ મુખ્ય અવરજવરનો એકમાત્ર રસ્તો છે.

# ચાંદીપુરાનો વધુ એક શંકાસ્પદ કેસઃ કાલાવડ પંથકના બાળકને જી.જી. હોસ્પિટલમાં ખસેડાયો

## ૫ બાળકોના મોત, ૩ સારવારમા; તમામના રિપોર્ટ નેગેટિવ

જામનગર શહેરમાં ચાંદીપુરા વાયરસના શંકાસ્પદ કેસોને લઈને આરોગ્ય તંત્રમાં દોડધામ મચી ગઈ છે. તાજેતરમાં જામનગરના કાલાવડ તાલુકાના બાળકને ચાંદીપુરા વાયરસ જેવા લક્ષણો જણાતા ગંભીર હાલતમાં સારવાર અર્થે જામનગરની જી.જી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. તબીબો દ્વારા તાત્કાલિક બાળકના નમૂના લઈ લેબોરેટરી તપાસ અર્થે મોકલવામાં આવ્યા હતા, જેનો રિપોર્ટ નેગેટિવ આવ્યો છે.પ્રાપ્ત વિગતો મુજબ, જામનગરના કાલાવડના તાલુકાના બાળકની તબિયત લથડતા તેમને તાત્કાલિક જામનગરની જી.જી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જેમાં બાળકમાં શંકાસ્પદ ચાંદીપુરાના લક્ષણો જણાતા જરૂરી નમૂનાઓ લઈ લેબોરેટરીમાં તપાસ માટે મોકલવામાં આવ્યા હતા. જોકે તેનો રિપોર્ટ નેગેટિવ આવ્યો હોવાનું જાણવા મળ્યું છે. છતા બાળકની સ્થિતિ નાજુક હોવાથી તબીબોની ટીમ દ્વારા તેની તબીબી સારવાર ચાલુ રાખવામાં આવી છે. સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે કે, જામનગરની જી.જી હોસ્પિટલમાં અત્યાર સુધીમાં કુલ ૮ બાળકોમાં ચાંદીપુરાના શંકાસ્પદ લક્ષણો જોવા મળ્યા હતા, જેમાં ચાલુ સારવાર દરમિયાન ૫ બાળકોના મોત નિપજ્યા છે અને ત્રણ બાળકો હાલ સારવાર હેઠળ છે.આરોગ્ય વિભાગે સ્પષ્ટતા કરી છે કે, અત્યાર સુધીમાં લેવાયેલા તમામ શંકાશ્પદ દર્દીઓના સેમ્પલના રિપોર્ટ નેગેટિવ આવ્યા છે, અને જિલ્લામાં હજુ સુધી એક પણ ચાંદીપુર કેસની સારવાર પુષ્ટિ થઈ નથી. તેમ છતા, બાળકોમાં જોવા મળતા આ લક્ષણોને ધ્યાનમાં રાખીને આરોગ્ય તંત્ર દ્વારા સમગ્ર વિસ્તારમાં તકેદારી અને સતત સર્વેલન્સની કામગીરી હાથ ધરવામાં આવી છે.

# ખંભાળિયા નગરપાલિકામાં નવા ઉમેરાયેલ વિસ્તારોમાં પ્રાથમિક સુવિધાથી વંચિત



**અબતક, વિનાયક ભટ્ટ, ખંભાળિયા**

ખંભાળીયા નગરપાલીકામાં થોડા સમય પૂર્વે સમાવિષ્ટ કરાયેલ હર્ષદપુર, ધરમપુર, રામનગર, શકિતનગર ગ્રામ પંચાત વિસ્તારોમાં નગરપાલીકામાં ભળ્યા બાદ લાઈટ, પાણી, સફાઈ, રસ્તા જેવી પ્રાથમિક સુવિધાઓમાં સુધાર થવાની આશા સ્થાનીકોમાં જાગી હતી. જો કે આઠ માસનો સમય થયા બાદ આ વિસ્તારોમાં હજુ પણ પૂરતા પ્રમાણમાં પ્રાથમિક સુવિધાઓ મળી શકી નથી. હજુ પણ લાઈટો માટે થાંભલા નખાયા નથી, ડોર-ટુ-ડોર કચરા નથા સફાઈ વ્યવસ્થા સમયસર થતી નથી તથા નવા વિસ્તારોમાં રોડની સગવડતા તેમજ નળની લાઈનો નાખવાની કામગીરી થઈ શકી નથી. આ વિસ્તારોના સ્થાનીકો દ્વારા તાત્કાલીક પ્રાથમિક સુવિધાઓમાં સુધાર થાય તેવી માંગો ઉઠવા પામી છે.

### નાણાંકીય ગેરરીતિ સામે રાજય સરકારનું નવું શસ્ત્ર

# પંચાયતોમાં હવે ઓડિટ પછી તુરંત 'એગ્ઝિટ કોન્ફરન્સ' ફરજિયાત

## ડીડીઓને આક્ષેપિત અધિકારી-કર્મચારી વિરુદ્ધ તાત્કાલિક પગલા ભરવામાં રહેશે સરળતા


### ભ્રષ્ટાચાર વિરુદ્ધ સરકારનો કડક સંદેશ

ગુજરાત સરકારે છેલ્લા કેટલાક વર્ષોમાં વહીવટી પારદર્શકતા અને જવાબદારી વધારવા માટે અનેક સુધારાત્મક પગલાં લીધાં છે. પંચાયતોમાં ઑડિટ બાદ ફરજિયાત એગ્ઝિટ કોન્ફરન્સ યોજવાની નવી વ્યવસ્થા પણ એ જ દિશામાં એક મહત્વનું પહેલ છે. આ નિર્ણય માત્ર ભ્રષ્ટાચાર સામે કડક સંદેશ જ નથી આપતો, પણ પંચાયતી રાજ સંસ્થાઓને વધુ જવાબદાર, પારદર્શક અને પરિણામલક્ષી બનાવવાની રાજ્ય સરકારની પ્રતિબદ્ધતાને પણ સ્પષ્ટ રીતે વ્યક્ત કરે છે. હવે ઑડિટ રિપોર્ટ ફાઈલોમાં અટવાઈ નહીં રહે, પરંતુ તે તાત્કાલિક અને અસરકારક કાર્યવાહીનો આધાર બનશે, જે અંતે ગ્રામ્ય વિકાસને નવી ગતિ આપશે અને પ્રજાના નાણાંની વધુ સુરક્ષા સુનિશ્ચિત કરશે.

**અબતક,રાજકોટ**

ગુજરાત સરકારે પંચાયતી રાજ વ્યવસ્થામાં પારદર્શકતા, જવાબદારી અને સુશાસનને વધુ મજબૂત બનાવવા માટે એક મહત્વનો નિર્ણય કર્યો છે. અત્યાર સુધી પંચાયતોમાં ઑડિટ દરમિયાન સામે આવતી ગંભીર ગેરરીતિઓ અંગે કાર્યવાહીમાં પ્રક્રિયાગત વિલંબ થતો હતો, પરંતુ આ સ્થિતિ હવે બદલાવા જઈ રહી છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકારે પારદર્શક પંચાયતની દિશામાં મહત્વનું પગલું ભરતા તમામ જિલ્લા વિકાસ અધિકારીઓ (ડીડીઓ)ને સૂચના આપી છે કે ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતનું



વાર્ષિક ઑડિટ પૂર્ણ થતાં જ ફરજિયાત 'એગ્ઝિટ કોન્ફરન્સ' યોજવામાં આવે, જેથી ગંભીર ગેરરીતિઓ સામે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરવામાં આવી શકે.

આ નિર્ણય દ્વારા રાજ્ય સરકારે ભ્રષ્ટાચાર સામે કડક સંદેશ આપ્યો છે. સાથે જ આ નિર્ણયથી પંચાયતી રાજ વ્યવસ્થામાં નાણાકીય ગેરરીતિઓ પર લગામ લાગશે તથા પારદર્શકતા વધારવાની સાથે પ્રજાના નાણાંનું વધુ અસરકારક સંરક્ષણ થઈ શકશે.

પંચાયત તથા ગ્રામ ગૃહ નિર્માણ વિભાગે તા. ૨૮/૦૭/૨૦૨૬ના રોજ એક પરિપત્ર જાહેર કરી સમગ્ર રાજ્યમાં નવી પ્રક્રિયા અમલમાં મૂકી દીધી. નવી

(અનુ. આઠમા પાને)

### ગામડાંના સામાન્ય નાગરિકોને થશે સીધો લાભ

આ નવી વ્યવસ્થાનો સૌથી મોટો લાભ સામાન્ય ગ્રામજનોને મળશે. ગામના વિકાસ માટે ફાળવાયેલા જાહેર નાણાંનો યોગ્ય ઉપયોગ થાય, તેની ખાતરી વધુ મજબૂત બનશે. ગેરરીતિ સામે વર્ષો સુધી રાહ જોવાને બદલે સમયસર કાર્યવાહી થવાથી ભ્રષ્ટાચારને પ્રોત્સાહન આપતી માનસિકતા પર અસરકારક નિયંત્રણ આવશે. અધિકારીઓ અને કર્મચારીઓમાં પણ જવાબદારીની ભાવના વધશે, કારણ કે ઑડિટ પૂર્ણ થયા બાદ તરત જ જવાબ આપવો પડશે. સાથે જ વિકાસના કામોમાં ગુણવત્તા વધશે, નિયમોનું પાલન વધુ કડક બનશે અને જાહેર નાણાંનો દુરુપયોગ અટકશે. જેના પરિણામે ગામડાંમાં રસ્તા, પાણી, સ્વચ્છતા, સામાજિક સુવિધાઓ અને અન્ય વિકાસકાર્યો માટે ફાળવાયેલા દરેક રૂપિયાનો યોગ્ય ઉપયોગ સુનિશ્ચિત થઈ શકશે.

# ભાજપ દ્વારા જિલ્લા-મહાનગરોના પ્રશિક્ષણ વર્ગ યોજાશેઃ સંગઠન લક્ષી માર્ગદર્શન અપાશે

## પ્રશિક્ષણ વર્ગોમાં વકતા તરીકે જનારા આગેવાનોને જરૂરી માર્ગદર્શન અપાયું

**અબતક,રાજકોટ**

ગુજરાત પ્રદેશ ભાજપ દ્વારા હવે આગામી દિવસોમાં જિલ્લા અને મહાનગરોમાં પ્રશિક્ષણ વર્ગ યોજાશે

ભાજપા પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્માની અધ્યક્ષતામાં તથા પ્રદેશ સંગઠન મહામંત્રી રત્નાકરની ઉપસ્થિતિમાં પંડિત દીનદયાળ ઉપાધ્યાય પ્રશિક્ષણ મહાઅભિયાન અંતર્ગત જિલ્લા-મહાનગર પ્રશિક્ષણ વર્ગ સંદર્ભે પ્રશિક્ષક પ્રશિક્ષણ કાર્યશાળા તથા આયોજન બેઠક યોજાઈ હતી.

જગદીશભાઈ વિશ્વકર્માએ આગામી સમયમાં આયોજિત થનાર જિલ્લા તથા મહાનગરના પ્રશિક્ષણ વર્ગ સંદર્ભે વિવિધ વિષયો અંગે કાર્યકરોને પ્રશિક્ષિત કરવા જનાર પ્રદેશ દ્વારા નિયુક્ત વકતાઓ સાથે વિસ્તૃત સંવાદ કર્યો હતો. તેમણે કહ્યું કે, ભારતીય જનતા પાર્ટીમાં કાર્યકર્તા નિર્માણ અને સતત પ્રશિક્ષણ એ સંગઠનની કાર્યપદ્ધતિનું અભિન્ન અંગ છે, જે પ્રત્યેક કાર્યકર્તામાં રાષ્ટ્રપ્રથમ, સેવા અને સમર્પણના સંકલ્પને વધુ મજબૂત બનાવે છે. પ્રશિક્ષણ દ્વારા કાર્યકર્તામાં આત્મવિશ્વાસ, નેતૃત્વ ક્ષમતા, સંગઠન પ્રત્યેની પ્રતિબદ્ધતા અને પડકારોને સ્વીકારીને સફળતાપૂર્વક કાર્ય કરવાની ક્ષમતાનો વિકાસ થાય છે.

જિલ્લા-મહાનગર પ્રશિક્ષણ વર્ગોમાં વકતા તરીકે જનાર આગેવાનોને જરૂરી સુચન અને માર્ગદર્શન આપ્યું હતું. આજની પ્રશિક્ષક પ્રશિક્ષણ કાર્યશાળામાં વિવિધ વિષયો માટે જિલ્લા-મહાનગરમાં વકતા તરીકે જનાર પ્રશિક્ષકોને વિષય આધારિત વિગતવાર પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું. અગાઉ ભાજપા દ્વારા

(અનુ. આઠમા પાને)

# ખાતરની કાળાબજારી અટકાવવા તપાસ-નિરીક્ષણ અધિકારીની નિમણુંક

## દરેક જિલ્લાના ટોપ યુરિયા વેચાણ કરનાર ડીલર્સની ચકાસણી કરાશેઃ ગેરરીતિ કરનારા સામે કડક કાર્યવાહી થશે : રોજબરોજની કામગીરીનું કંટ્રોલ રૂમ મારફતે નિરીક્ષણ થશે

**અબતક, રાજકોટ**

રાજ્યના ખેડૂતોને પૂરતા પ્રમાણમાં, વ્યાજબી ભાવે અને પારદર્શી રીતે રાસાયણિક ખાતર મળી રહે તે માટે રાજ્ય સરકારે વધુ એક મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. કૃષિ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીની સૂચનાથી કૃષિ અને ખેડૂત કલ્યાણ વિભાગ દ્વારા રાજ્યમાં સબસિડાઈઝ ખાતરની વિતરણ વ્યવસ્થાની ચકાસણી કરવા તેમજ ગેરરીતિઓ સામે કડક પગલાં લેવા માટે તપાસ અધિકારીઓ અને નિરીક્ષણ અધિકારીઓની વિશેષ નિમણૂંક કરવામાં આવી છે.

કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણીએ આ અંગે વિગતો આપતાં જણાવ્યુ હતું કે, રાજ્યમાં સબસિડાઈઝ્ડ ખાતરનો ઔદ્યોગિક કે બિન-કૃષિ ઉપયોગ તરફનો ડાયવર્ઝન, સંગ્રહખોરી કરીને કૃત્રિમ અછત ઊભી કરવી, કાળા બજારી, બનાવટી ખાતરનું વેચાણ તેમજ યુરિયા ખાતર સાથે અન્ય પ્રોડક્ટનું ફરજિયાત ટેગિંગ કરવા જેવી ગેરરીતિઓ સાંખી લેવામાં આવશે નહીં. ખેડૂતોના હિતનું રક્ષણ કરવા માટે સમગ્ર રાજ્યના જિલ્લાઓમાં તપાસ અધિકારીઓ અને નિરીક્ષણ અધિકારીઓની ટીમો તૈનાત કરવાનો નિર્ણય લેવાયો છે.

નિમણૂક કરાયેલા તપાસ અધિકારીઓ ખાતરના ડીલર્સની રૂબરૂ મુલાકાત લઈ પીઓએસ મશીનના આંકડા અને ફિઝિકલ સ્ટોકની સચોટ ચકાસણી કરશે. તેઓ દરેક જિલ્લામાં યુરિયાનું સૌથી વધુ વેચાણ કરતા 'ટોપ ડીલર્સ'ની પણ વિગતવાર તપાસ કરશે. આ ઉપરાંત, ખેડૂતોને તેમની માંગણી મુજબ ખાતર મળે છે કે નહીં, યુરિયા સાથે અન્ય કોઈ ખાતર કે પ્રોડક્ટ પરામર્શ વગર ટેગ કરવામાં આવે છે કે નહીં, તેની પણ કડક ચકાસણી કરાશે.

આ તપાસ અધિકારીઓ યુરીયા ખાતરનો વપરાશ કરતાં યુનીટોની પણ મુલાકાત લેશે તેમજ શંકાસ્પદ યુરીયાના નમુના લઈને ખાતર ઉદ્યોગોમાં ડાયવર્ટ ન થાય તે સુનિશ્ચિત કરશે. દરેક તપાસ અધિકારીના કામગીરીની દેખરેખ માટે નિરીક્ષણ અધિકારીની પણ ઝોન વાઈઝ નિમણૂક કરવામાં આવી છે, જ્યારે આ સમગ્ર પ્રક્રિયાનું

(અનુ. આઠમા પાને)



### કેટેગરી-૧ ગ્રેડેડ ઓટોનોમીનો દરજ્જો મળતા

# ગુજરાત યુનિવર્સિટી હવે યુજીસીની મંજૂરી વિના નવો અભ્યાસક્રમ શરૂ કરી શકશે

## ૨૦ ટકા વિદેશી વિદ્યાર્થીઓને પણ ગુણવત્તાના આધારે પ્રવેશ આપી શકશે

**અબતક, રાજકોટ**

ગુજરાત યુનિવર્સિટીને યુજીસી દ્વારા કેટેગરી-૨ ગ્રેડેડ ઓટોનોમીનો દરજ્જો આપવામાં આવતા હવે ગુજરાત યુનિવર્સિટી યુજીસીની મંજૂરી વિના અભ્યાસક્રમ શરૂ કરી શકશે અને ૨૦ ટકા સુધી વિદેશી છાત્રોને પણ પ્રવેશ આપી શકશે.

ગુજરાત યુનિવર્સિટીએ રાજ્યના ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે એક ઐતિહાસિક સિદ્ધિ હાસિલ કરી છે. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન દ્વારા યુજીસી (કેટેગોરિશન ઓફ યુનિવર્સિટીઝ ફોર ગ્રાન્ટ ઓફ ગ્રેડેડ ઓટોનોમી રેગ્યુલેશન-૨૦૧૮) હેઠળ ગુજરાત યુનિવર્સિટીને કેટેગરી-૨ યુનિવર્સિટી તરીકે માન્યતા આપવામાં આવી છે. આ સાથે જ, યુજીસી કેટેગરી-૨ ગ્રેડેડ ઓટોનોમી અને તેના તમામ અનુસંગી લાભો મેળવનારી ગુજરાત યુનિવર્સિટી સમગ્ર રાજ્યની પ્રથમ અને એકમાત્ર સ્ટેટ યુનિવર્સિટી બની છે.

યુજીસી દ્વારા ગુજરાત યુનિવર્સિટીને કેટેગરી-૨ ગ્રેડેડ ઓટોનોમી મળવાના પરિણામે હવે યુનિવર્સિટી પોતાની સ્વાયત્તતા હેઠળ યુજીસીની પૂર્વમંજૂરી વિના જ વર્તમાન માળખામાં નવા અભ્યાસક્રમો, વિભાગો, સ્કૂલો અને વિશિષ્ટ કેન્દ્રો શરૂ કરી શકશે. આ ઉપરાંત, નેશનલ સ્કીલ્સ ક્વોલીફિકેશન ફ્રેમવર્ક મુજબ ઉદ્યોગસંલગ્ન તેમજ રોજગારલક્ષી નવા ડિપ્લોમા અને સર્ટિફિકેટ કોર્સ પણ શરૂ કરી શકાશે. એટલું જ નહીં, મંજૂર અધ્યાપકોની સંખ્યા ઉપરાંત ૨૦% સુધી લાયક વિદેશી અધ્યાપકોની કરાર આધારિત નિમણૂંક કરી શકાશે અને સ્થાનિક વિદ્યાર્થી ક્ષમતા ઉપરાંત ૨૦% સુધી વિદેશી વિદ્યાર્થીઓને ગુણવત્તાના ધોરણે પ્રવેશ આપી શકાશે. આ ઉપરાંત યુનિવર્સિટી ઓપન એન્ડ ડિસ્ટન્સ લર્નિંગ

(અનુ. આઠમા પાને)

# જીઆઈડીસીમાં ચાલતા ભ્રષ્ટાચારની તપાસ જ્યુડિશીયલ કમિશન પાસે કરાવો

## ઈડીને જીઆઈડીસીમાં મોકલી મની લોન્ડરિંગના કેસ દાખલ કરવામાં આવેઃ શક્તિસિંહ ગોહિલની માંગ



**અબતક, રાજકોટ**

જીઆઈડીસીમાં ચાલતા બેફામ ભ્રષ્ટાચારની તપાસ જ્યુડિશીયલ કમીશન પાસે કરાવવાની માંગમી રાજ્યસભાના પૂર્વ કોંગી સાંસદ શક્તિસિંહ ગોહિલ દ્વારા કરવામાં આવી છે.

તાજેતરમાં સુપ્રીમકોર્ટે ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ ડેવલપમેન્ટ કોર્પોરેશન (આઈડીસી)ના અધિકારીના બદ ઈરાદા એટલે કે, ભ્રષ્ટ, સત્તાના દુરપયોગ અને જેમાંથી ભ્રષ્ટાચારની ગંધ આવે તે પ્રકારના નિર્ણય કર્યા બાબતને હાઈકોર્ટના નિર્ણયને માન્ય રાખીને ફરી વખત સુપ્રીમકોર્ટે કહ્યું છે કે અધિકારીનો નિર્ણય માલાફાઈડ હતો. વલસાડ જીલ્લાના ઉમરગામ તાલુકાના સરીગામ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટમાં કરોડો રૂપિયાના ૨૦ પ્લોટને ખેતીની જમીનની સાથે અદલા બદલ કરવાના નિર્ણયને અગાઉ હાઈકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિની બનેલી ડિવિઝન બેચે રદ કર્તાની

(અનુ. આઠમા પાને)

### ધ્રાંગધ્રાના નાનકડા એવા ભરાડા ગામની દીકરી

# ગુજરાતની સોલાર ગર્લ પાયલ મુંજપરા બનશે લાલ કિલ્લાની વિશેષ અતિથિ



**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

ગુજરાતની સોલર ગર્લ પાયલ મુંજપરા આગામી ૧૫મી ઓગસ્ટે લાલ કિલ્લાની વિશેષ અતિથિ બનશે.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ પોતાના લોકપ્રિય રેડિયો કાર્યક્રમ 'મન કી બાત'ના ૧૩૨મા એપિસોડમાં પાયલના આ સમર્પિત કાર્યની નોંધ લીધી હતી અને તેને ગ્રામીણ ભારતની યુવતીઓ માટે એક આદર્શ ઉદાહરણ ગણાવી હતી. તેણીને ૧૫મી ઓગસ્ટના રાષ્ટ્રીય સમારોહ માટે વિશેષ આમંત્રણ મળ્યું છે.

સૂર્યઊર્જાના ક્ષેત્રમાં પોતાના સમર્પિત કાર્યથી રાષ્ટ્રીય સ્તરે આગવી ઓળખ ઊભી કરનાર પાયલ હવે ૧૫ ઑગસ્ટ, ૨૦૨૬ના રોજ દિલ્હીના ઐતિહાસિક લાલ કિલ્લા ખાતે યોજાનારા સ્વતંત્રતા દિવસના રાષ્ટ્રીય સમારોહમાં 'વિશેષ અતિથિ' તરીકે ઉપસ્થિત રહેશે. ભારત સરકારના 'જન ભાગીદારી' અભિગમ હેઠળ દેશના ખૂણે-ખૂણેથી સમાજ અને રાષ્ટ્ર નિર્માણમાં નોંધપાત્ર યોગદાન આપનાર નાગરિકોને સન્માનિત કરવાના ભાગરૂપે પાયલને આ દુર્લભ આમંત્રણ પ્રાપ્ત થયું છે. લાલ કિલ્લા પરથી જ્યારે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી તિરંગો ફરકાવી રાષ્ટ્રને સંબોધિત કરશે, ત્યારે તે ઐતિહાસિક ક્ષણની સાક્ષી બનીને પાયલ સમગ્ર સુરેન્દ્રનગર અને ગુજરાતનું ગૌરવ વધારશે.પાયલની આ સફળતા પાછળ ભારે સંઘર્ષ અને દૃઢ મનોબળ રહેલાં છે. સામાન્ય ગ્રામીણ પૃષ્ઠભૂમિ ધરાવતી આ યુવતીને બાળપણથી જ કંઈક

(અનુ. આઠમા પાને)

# રાજયમાં સરેરાશ ૭૦ ટકા વરસાદઃ સૌરાષ્ટ્રના ૧ સહિત ૪૦ તાલુકામાં ૧૦૦ ટકા...!!

## છેલ્લા ૨૪ કલાક દરમિયાન ૭૧ તાલુકામાં પોણો ઈંચ સુધી પાણી પડ્યુ

**અબતક, રાજકોટ**

રાજ્યમાં ચોમાસાની સિઝનનો સરેરાશ ૭૦.૦૬ ટકા વરસાદ વરસી ગયો છે. સૌરાષ્ટ્રના એક સહિત રાજ્યના ૪૦ તાલુકામાં ૧૦૦ ટકાથી પણ વધુ પાણી પડીગયું છે. આગામી શનિવારથી રાજ્યભરમાં ફરી વરસાદનું જોર વધશે અને નવો રાઉન્ડ શરૂ થશે આજે સવારે પુરા થતા છેલ્લા ૨૪ કલાક દરમિયાન રાજ્યના ૭૧ તાલુકાઓમાં વરસાદ પડ્યો છે.

સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરના જણાવ્યાનુસાર આજે સવારે પુરા થતાં છેલ્લા ૨૪ કલાકમાં માત્ર ૭૧ તાલુકામાં પોણો ઈંચ વરસાદ પડ્યો છે. દક્ષિણ ગુજરાતમાં સૌથી વધુ ૯૬.૭૯ ટકા, પૂર્વ-મધ્ય ગુજરાતમાં ૬૬.૯૯ ટકા, સૌરાષ્ટ્રમાં ૫૪.૫૮ ટકા, ઉત્તર ગુજરાતમાં ૫૧.૩૯ ટકા અને કચ્છમાં ૨૯.૦૫ ટકા વરસાદ વરસી ગયો છે. દેવભૂમિ દ્વારકા અને કચ્છ જિલ્લામાં હજી વરસાદની ભારે અછત જોવા મળી રહી છે. રાજ્યમાં ૯૦૯ મીમી સરેરાશ વરસાદની સામે આજ સુધીમાં ૬૩૬.૭૫ મીમી પાણી પડી ગયું છે. આગામી શનિવારથી રાજ્યભરમાં વરસાદનું જોર વધશે.

રાજ્યના ૪૦ તાલુકામાં ૧૦૦ ટકાથી વધુ વરસાદ વરસી ગયો છે. જેમાં સાંતલપુરમાં ૧૧૭.૩૭ ટકા, ભાભરમાં ૧૦૪.૩૧ ટકા, દિયોદરમાં ૧૧૨.૮૬ ટકા, કડીમાં ૧૧૬.૮૪ ટકા, ધંધુકામાં ૧૦૬.૧૩ ટકા, ધોલેરામાં ૧૦૬.૪૮ ટકા, માંડલમાં ૧૦૮ ટકા, વિરજી ગામમાં ૧૧૮.૮૭ ટકા, ખેડામાં ૧૦૨.૧૭ ટકા, મહેમદાવાદમાં ૧૩૭.૭૨ ટકા, મહુવામાં ૧૧૨.૯૫ ટકા, માતરમાં

(અનુ. આઠમા પાને)

# ગુજરાતમાં ઉદ્યોગપતિઓને આમંત્રણ આપવા મુખ્યમંત્રી અમેરિકા જશે

## નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી જાપાન-યુરોપનો પ્રવાસ ખેડશેઃ છ મંત્રીઓ પણ અલગ-અલગ દેશોમાં વાયબ્રન્ટ ગુજરાત સમિટના પ્રચાર માટે જશે

**અબતક, રાજકોટ**

ગુજરતામાં ૨૦૨૭ના આરંભે યોજાનારી વાયબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટમેન્ટ સમિટમાં વિશ્વભરના ઉદ્યોગપતિઓ ગુજરાતમાં મૂડી રોકાણ કરવા માટે જોડાય તેવા ઉમદા આશ્રય સાથે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવી અને રાજય સરકારના અન્ય છ મંત્રીઓ ઉપરાંત સિનિયર સચિવો આગામી ૧૫ ઓગસ્ટથી ૧૫ સપ્ટેમ્બર સુધી અલગ અલગ દેશોનો પ્રવાસ ખેડશે જયાં ઉદ્યોગપતિઓને ગુજરાતમાં રોકાણ કરવા માટે આમંત્રણ પાઠવશે વિદેશમાં રોડ શો અને બિઝનેશમેન સાથે બેઠકો યોજાશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અમેરિકા અને કેનેડાના પ્રવાસે જશે જયાં તેઓ ટેકનોલોજી, સેમી કન્ડકટર, એડવાન્સ્ડ મેન્યુ ફેકચરિંગ, નાણાંકીય સેવાઓ અને અન્ય ક્ષેત્રમાં રોકાણકારો સાથે બેઠક કરશે. ગુજરાતમાં યોજનારી વાયબ્રન્ટ સમિટમાં સામેલ થવા અને રાજયમાં મૂડી રોકાણ કરી બિઝનેસને વેગ આપવા માટે આમંત્રણ આપવામાં આવશે. નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવી જાપાન અને યુરોપના દેશોના પ્રવાસે જશે જયાં તેઓ ભવ્ય રોડ-શો યોજાશે. ઓટો મોબાઈલ્સ, ઈલેક્ટ્રોનિક્સ, ઔધોગિક ટેકનોલોજી સહિતના અલગ અલગ ક્ષેત્રે ગુજરાતમાં મૂડી રોકાણ માટેની સંભવિત તકો અંગે જાણકારી આપશે. ગુજરાતમાં મૂડી રોકાણ એટલે ધંધા-રોજગારના વિકાસની ૧૦૦ ટકા ગેરેન્ટી એવાતથી વિશ્વના દેશોના ઉદ્યોગપતિઓને વાકેફ કરવામાં આવશે.




મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રી ઉપરાંત રાજય સરકારના છ મંત્રીઓ પણ રોકાણકારો સાથે બેઠક કરશે. અર્જુનભાઈ મોઢવાડિયા અને કનુભાઈ દેસાઈ સહિતના મંત્રીઓ અલગ અલગ દેશોમાં જશે રાજય સરકારના અન્ય ચાર મંત્રીઓને પણ આ અંગે જવાબદારી સોંપવામાં આવી છે. રાજયના વરિષ્ઠ આઈએએસ ઓફીસરોને પણ ગુજરાતના પ્રતિનિધિ તરીકે અન્ય દેશોમાં જઈ વાયબ્રન્ટનો પ્રચાર કરવા માટે હોમવર્ક આપવામાં આવ્યું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે જયારે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે તેઓએ વાયબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટમેન્ટ સમિટ શરૂ કરાવી હતી. જે દર બે વર્ષ યોજાય છે. જેમાં રાજયમાં મૂડી રોકાણ માટે દેશ વિદેશના રોકાણકારો-ઉદ્યોગપતિઓ અબજો રૂપીયાના એમઓયું કરે છે. વાયબ્રન્ટ ગુજરાત

(અનુ. આઠમા પાને)